


# આનંદઘન ચોવીશી



# આનંદઘન ચોવીશી

❖ પ્રકાશક ❖
આચાર્ય શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાન શાળા
અમદાવાદ - સુરત

નામ : આનંદઘન ચોવીશી

દિવ્યાશીષ : સચ્ચારિત્ર ચૂડામણિ તપાગચ્છાધિરાજ
પ.પૂ.આ.ભ. **શ્રી રામસૂરીશ્વરજી મહારાજા**
(ડહેલાવાળા)

પાવન પ્રેરણા : સૂરિરામ આજીવન અંતેવાસી પ.પૂ.આ.
**શ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી મહારાજા** (ડહેલાવાળા)

પ્રકાશક : **આચાર્ય શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી**
**જૈન તત્ત્વજ્ઞાનશાળા,** અમદાવાદ – સુરત

પ્રકાશન : વિ.સં. ૨૦૭૮, વી.સં. ૨૫૪૮, ઈ.સ. ૨૦૨૨

JSBN No. : SURAJ0001

**આવૃત્તિ : પ્રથમ ❖ નકલ : ૧૦૦૦**
**પૃષ્ઠ : ૨૦૦ ❖ મૂલ્ય : રૂા. ૧૦૦/-**

**પ્રાપ્તિસ્થાન**

(૧) **આચાર્ય શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાન શાળા**
૧૨, શ્રેયાંસનાથ સોસાયટી, ધરણીધર દેરાસર પાછળ,
ગોદાવરીરોડ, વાસણા, અમદાવાદ. મો. ૯૫૧૨૨૩૪૩૧૧

(૨) **પં. રવિવિજયજી જૈન પાઠશાળા**
૧૦૩/૧૦૪-A, વાસુદર્શન એપાર્ટમેન્ટ,
ઓમકારસૂરિ આરાધના ભવનની બાજુમાં, પાલ, સુરત.
મો. ૭૭૭ ૮૮૮ ૭૯ ૦૯

**સંસ્થા દ્વારા પ્રકાશિત પુસ્તકોની online ખરીદી તથા PDF ડાઉનલોડ કરવા મુલાકાત લો : www.jaintatvagyanshala.org**

**મુદ્રક : ભરત ગ્રાફિક્સ**
એ-૨૧૨, સુમેલ-૯, મહેશ્વરી એસ્ટેટ પાસે, દુધેશ્વર રોડ,
શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪. મો. ૯૯૨૫૦૨૦૧૦૬, ૮૯૦૫૮૫૧૯૮૮

# ગ્રંથસ્પર્શનાનો અવસર

અધ્યાત્મયોગી અવધૂત શ્રી આનંદઘનજી મહારાજાની ચોવિશી અધ્યાત્મપ્રેમી સાધક જીવો માટે અમૂલ્ય ખજાનો છે. આ ચોવીશીમાં સાધના-માર્ગનો સુરેખ નકશો આનંદઘનજી મહારાજાએ સ્પષ્ટ કરી આપ્યો છે. અહીં કોઈક સ્તવનામાં પ્રભુ-પ્રીતિની વાત છે, તો ક્યાંક મોક્ષમાર્ગને સમજવાની તીવ્ર અભીપ્સા છે. ક્યાંક બહિરાત્મા-અંતરાત્મા અને પરમાત્મા એમ આત્માની અવસ્થાઓની ઓળખાણ છે તો કોઈક સ્તવનામાં અધ્યાત્મનું સ્વરૂપ, મનની ચંચળતા, સાચી શાંતિનું સ્વરૂપ, ધ્યાન માર્ગ વગેરે વિષયોની વિશદ છણાવટ છે. આમ આ સ્તવનાઓ અધ્યાત્મરસિક આરાધકો માટે દીવાદાંડી સમાન છે.

છેલ્લા કેટલાક વર્ષોથી શાશ્વતી ઓળી દરમ્યાન પૂજ્ય ગુરુદેવશ્રીની નિશ્રામાં ''શ્રીપાલ રાસ''નું ગાન અને તે જ પંક્તિઓ ઉપર વ્યાખ્યાન - આવો ક્રમ ગોઠવાતો હોય છે. તે દરમ્યાન દરેક શ્રોતાઓના હાથમાં ''શ્રીપાલ રાસ''નું પુસ્તક રહે તેથી આરાધકો ગ્રંથના

શબ્દો સાથે સીધો સંબંધ અનુભવે તથા વ્યાખ્યાન પણ ગ્રંથસ્પર્શી બનતું જણાયું છે.

આ સુખદ અનુભવથી પ્રેરિત થઈને ચાતુર્માસિક વ્યાખ્યાનમાં પણ આવો પ્રયોગ કરવાનો વિચાર પૂજ્ય ગુરુદવશ્રીના હૃદયમાં સ્ફૂર્યો. તેના ફળ સ્વરૂપે વિ.સં. ૨૦૭૮ના ચાતુર્માસમાં આનંદનઘન-ચોવિશી ઉપર વ્યાખ્યાન ગોઠવવાનું નક્કી કર્યું અને તે માટે આનંદઘન-ચોવિશીનું મૂળ અને અર્થ સહિતનું આ પુસ્તક અમારી સંસ્થા દ્વારા પ્રકાશિત થઈ રહ્યું છે.

ચોવિશીના અર્થ પૂજ્ય આ.ભ. શ્રી મુક્તિદર્શનસૂરિજી મ.સા.ના ''હૃદય નયન નિહાળે જગધણી'' પુસ્તકમાંથી લીધા છે, તે બદલ તેમના ઋણી છીએ.

સહુ શ્રોતાઓ આ પુસ્તકના માધ્યમે ચોવિશીના રહસ્યોનો રસાસ્વાદ પામે તેવી શુભાભિલાષા...

દ.

**આચાર્ય શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી**
**જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા**



## લાભાર્થી

# માતુશ્રી મંજુલાબેન રમણલાલ વાડીલાલ શાહ

ચાણસ્માવાળા

(આનંદમંગલ પરિવાર)

# હૃદય નયન ખોલો... જગધણીને નિહાળો...

ભારત વર્ષની ભૂમિ એ આર્યભૂમિ છે, એ હજારો-લાખો વર્ષોથી અધ્યાત્મધારાથી પલ્લવિત છે. ૨૫-૧૦-૧૦૦ વર્ષના અંતરે, કોઈક ને કોઈક યુગપુરુષ થાય છે, જે લોકમાં રહેલી સુષુપ્ત ચેતનાને, પોતાના આધ્યાત્મિક સ્પર્શથી નવપલ્લવિત કરીને આધ્યાત્મિકધારાના પ્રવાહને વહેતો રાખવાનું પુનિત કાર્ય કરે છે.

આજથી ૨૫૦-૩૦૦ વર્ષ પૂર્વે થયેલાં યોગીરાજ આનંદઘનજી મહારાજા પણ એક એવા અવતારી પુરુષ થઈ ગયા, કે જેમણે પોતાનું સમગ્ર જીવન અધ્યાત્મની સાધનામાં જ પસાર કર્યું. ક્ષણ-ક્ષણનો ઉપયોગ આત્માની સાધના કાજે કરીને ભીતરના ઊંડાણમાં એટલા બધા ચાલી ગયા કે, તેમણે અનુભૂતિના દ્વાર ખોલી નાખ્યા. યોગની છટ્ઠી દૃષ્ટિ અને છટ્ઠા-સાતમા ગુણઠાણા સુધીની વિશુદ્ધિને તેઓ પામ્યા અને તેમના માધ્યમે જે પરાવાણી નીકળી, તે આપણને આજે આનંદઘન સ્તવન ચોવીશીરૂપે તેમજ આનંદઘન પદરૂપે ઉપલબ્ધ થાય છે. તેમના એક એક સ્તવનમાં, એક એક પદમાં અગાધ મર્મ સમાયેલો છે, જે એના ઉપરની ગહન અનુપ્રેક્ષાથી જ હાથ લાગે એમ છે.

એમના સાહિત્યમાં દ્વાદશાંગીનો અર્ક ભર્યો છે. જૈન શાસનમાં જન્મેલા આત્માઓનું એ પરમ સદ્ભાગ્ય છે, કે આજે પૂ. દેવચંદ્રજી મહારાજા, પૂ. આનંદઘનજી મહારાજા અને પૂ. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજાના ગુજરાતીમાં લખાયેલ પદ્ય સાહિત્યથી પણ જિનાગમોના મર્મો પામી શકાય છે અને જીવનને, સાધનામય-ઉપાસનામય બનાવી શકાય છે.

''આત્મા એના સ્વરૂપમાં અકર્તા છે'' એ જૈનદર્શનનું પરાકાષ્ઠાનું આગવું આત્મવિશ્લેષણ છે. અનાદિ અનંતકાલથી પર-પદાર્થ પ્રત્યેની કર્તા-ભોક્તાપણાની બુદ્ધિના મૂળિયાં, પ્રાણીમાત્રમાં

એટલા ઊંડે સુધી ફેલાયેલા છે, કે જેથી ધર્મની આરાધના કરવા છતાં અધ્યાત્મનો માર્ગ-મોક્ષનો માર્ગ હાથ લાગતો નથી, આની વેદના યોગીરાજજીને એટલી તીવ્ર હતી, કે તે વેદના તેમણે બીજા અને ત્રીજા ભગવાનના સ્તવનમાં ઠાલવી છે.

પોતાને સ્વરૂપ-પ્રાપ્તિની તીવ્ર ઝંખના હતી અને યોગની છટ્ઠી દૃષ્ટિ સુધી પહોંચવા છતાં, ઉપર-ઉપરની દૃષ્ટિની સ્પર્શના કરવાનો તલસાટ હતો, તે માટે તીવ્ર વૈરાગ્ય હોવા છતાં, પ્રકૃષ્ટ ઔદાસીન્ય ભાવ હોવા છતાં, ઘોર સાધના હોવા છતાં, જ્યારે ભીતરમાં પડેલાં અબુદ્ધિપૂર્વકના કષાયો, તેમને આગળ ઉપરનો માર્ગ પામવા દેતાં નથી, ત્યારે તેઓ અંતે, કાળલબ્ધિના પરિપાક દ્વારા જ, આગળ ઉપરનો માર્ગ શોધવાની વાત કરે છે. આનંદઘનજી મહારાજની **"કાળલબ્ધિ લહી પંથ નિહાળશું"** એ પંક્તિ બેભાન અને ગુમરાહ બનેલાં એવા આપણને એ વાતનો અંગુલિનિર્દેશ કરે છે કે જેને શીઘ્ર આત્મકલ્યાણ સાધવું હોય, તેને ગળિયા બળદની જેમ પગ પસારીને બેસી ન રહેતાં ઘોર સાધનાના માર્ગે ડગ માંડવા જોઈએ અને તેમ કરતાં જે ફળ મળે તેનો ઉપભોગ ન કરતાં, તેને પોતાનું ન માનતાં, પ્રભુ-કૃપા માની, વારંવાર પ્રભુ ઉપર અહોભાવ અને બહુમાનની છોળો ઉછાળવી જોઈએ. એના દ્વારા ઉપાસના યોગને ઉપાસવો જોઈએ અને આગળ ઉપરના ફળો, કે જે હાલમાં પામવા શક્ય નથી તેને કાળલબ્ધિના પરિપાક પર છોડી, આશ્વાસન લેવું જોઈએ કે એક દિવસ જરૂર હું પણ, પ્રભુ જેવી પ્રભુતાને નિશ્ચિતપણે મારી પર્યાયમાં પ્રગટ કરી શકીશ.

આમ સાધના અને ઉપાસનાની યુગલબંધી સાથે, કાળલબ્ધિના પરિપાકને આશ્વાસનરૂપે જોડીને સાધકે મોક્ષમાર્ગ કાપવાનો છે અને ભવાંત કરવાનો છે.

સાધનામાર્ગના ગિરિ-શિખરે આરોહણ કરતા, ઘણા કપરા સંયોગોમાંથી પસાર થવું પડે છે. પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં ભટકતાં

સ્થૂલ-ઉપયોગને, ત્યાંથી ઉઠાવી લઈ ભીતરમાં લઈ જતાં, સાધક, ઔદારિક શરીરથી ભેદજ્ઞાન કરી, તેજસ-કાર્મણ શરીર સુધી સૂક્ષ્મ ઉપયોગના માધ્યમે પહોંચે છે. તે વખતે મન એટલું બધું શાંત થઈ ગયું હોય છે, વિચારો શમી ગયા હોય છે, વિકલ્પો પણ એટલા સૂક્ષ્મ થઈ ગયા હોય છે કે, આ સ્થિતિએ જીવને અપૂર્વ શાંતિ-સમાધિ અનુભવાય છે, હું દેહ નથી એવું લાગે છે. અન્યદર્શનના સાધકો, સાધના દ્વારા અહીંયા સુધી આવીને તેને જ પ્રાયઃ કરીને આત્મા માની લે છે. ચિત્તની અપૂર્વ શાંતિને આત્માનું સ્વરૂપ માની લે છે. ષડ્ચક્રના ભેદન દ્વારા કુંડલિની શક્તિનું ઉત્થાન થતાં આ સ્થિતિ પ્રાપ્ત થઈ શકે છે. અન્ય દર્શનમાં રહેલાં યોગીઓ કે જેમને નય, નિક્ષેપ, પ્રમાણ, સપ્તભંગી, સ્યાદ્વાદથી આત્માનું સમ્યગ્-યથાર્થ સ્વરૂપ નથી લાધ્યું, તેઓ આ દશાને જ, આત્માની નિર્વિકલ્પ દશા માની, આત્મસાક્ષાત્કાર થઈ ગયો, એવું માની લે છે પણ આ ભ્રાંતિ છે. હજુ અહીંયા ગ્રંથિ ભેદાઈ નથી. તેજસ-કાર્મણ શરીરને પણ ભેદીને ઉપયોગ સૂક્ષ્માતિસૂક્ષ્મ બની, સ્વરૂપ સાથે એકતા પામે છે ત્યારે જ, અન્ય દર્શનકારો જેને આત્મસાક્ષાત્કાર કહે છે તે પારમાર્થિક સમ્યગ્દર્શન પમાય છે. અન્ય દર્શનના યોગીઓની ઉપર બતાવેલ, ચિત્તવિશુદ્ધિથી પ્રગટેલ, અપૂર્વ શાંતિ-સમાધિની દશા એ સર્વજ્ઞના મતે વિચાર-સ્થગિતતારૂપ નિર્વિચાર-દશા છે. જેમાં મન છે પણ તેનું કાર્ય નહિવત્ છે. જ્યારે જૈનદર્શનના મતે, નિર્વિકલ્પ દશા એ આત્માની અનુભૂતિ છે જેમાં મન તદ્દન બાજુ પર ખસી ગયું હોય છે અને ઉપયોગ સીધો જ, આત્મા સાથે ભળીને પોતે પોતાનામાં આનંદવેદનને નિર્વિકલ્પપણે વેદી રહ્યો હોય છે. આ સ્વમયતારૂપ અભેદદશા છે. જેમાં બીજું કાંઈ જ ન હોય એવી અદ્વૈતદશા છે.

આજ વસ્તુનું સમર્થન કરતા ઉપાધ્યાય યશોવિજયજી મહારાજા સજ્ઝાયમાં લખે છે કે,

**''જોગી-જંગમ અતિથિ સંન્યાસી, તુજ કારણ બહુ ખોજે,**
**તું તો સહજ શક્તિશું પ્રગટે, ચિદાનંદકી મોજે.''**

ઉપરોક્ત દશામાં, સાધના કરવા છતાં, આપણે અટવાઈ ન જઈએ અને ભ્રાંતિમાં ન રહી જઈએ, એ માટે જ યોગીરાજ પાંચમા સ્તવનમાં આત્માનું સ્વરૂપ બતાવતા લખે છે કે,

**જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો, વર્જિત સકલ ઉપાધિ,**
**અતીન્દ્રિય ગુણગણ મણિ આગરૂ, ઈમ પરમાતમ સાધ-સુજ્ઞાની.**

તારું સ્વરૂપ નિર્વિકલ્પ જ્ઞાન અને આનંદથી પૂર્ણ છે. તારા સ્વરૂપમાં પર-પદાર્થના સંયોગરૂપ લેશ માત્ર ઉપાધિ નથી. વિકારો અને વિકલ્પોથી રહિત તું ચૈતન્યમય આત્મા છે. અતીન્દ્રિય ગુણોના સમુહરૂપ મણિની ખાણરૂપ તું છે. આ તારા સ્વરૂપને વારંવાર યાદ કરી, તારે તારી પરમાત્મ દશાને સાધવાની છે. વિચાર અને વિકલ્પોના ધૂમાડા નીકળી જતાં, જે નિર્ધૂમ જ્યોતિ પ્રગટે છે, તે પરમાત્મા છે.

એ પરમાત્મદશાને કેવી રીતે સાધવી તેનો પણ ઉપાય બતાવતા ૨૧મા ભગવાનના સ્તવનમાં લખે છે કે,

**''જિન સ્વરૂપ થઇ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે.''**

જો તારે પરમાત્મા બનવું હશે તો તારી માન્યતામાં ''હું પરમાત્મા જ છું !'' ''હું નિશ્ચય નિર્ણયથી પરમાત્મા જ છું !'' એમ જડબેસલાક બેસાડવું પડશે અને તે માટે, પ્રકૃતિરૂપે રહેલી તારી જાતને ભૂલી જવી પડશે. અર્થાત્ કર્મના સંયોગથી ઉભા થયેલાં તારા નામ અને રૂપ ઉપર ચોકડો મૂકી, તારે તારા નામધારી અને રૂપધારીપણાને દફનાવી દેવું પડશે. જાણે કે ''એ છે જ નહિ !'' એમ માનીને તારક તીર્થંકર-દેવોના સાધનાકાળ જેવી સાધના કરવી પડશે.

તારા નામ અને રૂપને, તારા માની-માનીને, તેં તારા અહમ્‌ને ખૂબ પુષ્ટ કર્યો છે. પરનો કર્તા-ભોક્તા બનીને, ચાર ગતિમાં તું રૂલ્યો છે-રખડ્યો છે. તારે દુઃખથી મુક્ત થવું હોય તો, પ્રકૃતિએ આપેલ તત્ત્વને ભૂલી જવું પડશે.

પ્રકૃતિ દ્વારા મળેલ, રૂપીપણું અને નામીપણું, અને ભેટણારૂપે મળેલ છે, તે એટલા માટે મળેલ છે કે જેના દ્વારા, તારા અસંખ્યભવોના કર્મોના દેણાને ચૂકવી દઈ, ઋણમુક્ત થઈ જાય અને તારા લેણાને તું ભૂલી જાય. તારા જે દેણા છે, તેનો સમભાવે નિકાલ કરીને તારે તારું દેવું ચૂકતે કરી દેવાનું છે અને ઋણત્વથી મુક્ત એવા તારા ધનત્વને તારે પ્રાપ્ત કરવાનું છે.

અનંત-અનંત ભાવોથી, તું ઈંધણરૂપ, કાર્મણ શરીરનો કોથળો અને તેજસ શરીરની સગડી સાથે લઈને ફર્યો છે. એના ભારથી મુક્ત થઈ અનૃણી થવા માટે કર્મસત્તાએ મહેરબાની કરી, તને આ માનવ શરીરનું ખોળિયું આપ્યું છે. તેનાથી સાધના દ્વારા, તારે કાર્મણ શરીરના ઈંધણ રૂપી કોથળાથી અને તેજસ શરીરની સગડીથી છૂટી જઈ, આત્માના પરમાત્માસ્વરૂપને પર્યાયમાં પ્રગટ કરવાનું છે.

તે માટે, આત્મજ્ઞાની ગુરુને શોધીને તેના ઉપદેશમાં અહોભાવે તરબતર થતાં, જો પ્રવચન-અંજન થાય અર્થાત્ પુરુષ અને પ્રકૃતિ વચ્ચેનું ભેદજ્ઞાન થાય, તો તારા હૃદય નયન ખૂલી જશે અને તારા અંતરમાં તું, જગધણી એવા પરમાત્માને નિહાળીશ.

સહુ કોઈ આત્માઓ, આ વિવેચનાના માધ્યમથી, પોતાના હૃદયનયન ખોલે અને જગધણી એવા પરમાત્માને નિહાળે એ જ એકની એક સદાની શુભાભિલાષા.

**– ''હૃદય નયન નિહાળે જગધણી'' પુસ્તકની પ્રસ્તાવનામાંથી ટૂંકાવીને સાભાર.**

# અનુક્રમણિકા


| સ્તવન ક્રમાંક/ કડી સં. | ધ્રુવ પંક્તિ | પ્રધાન સૂર | પત્રાંક |
|---|---|---|---|
| ૧/૬ | ઋષભ જિનેસર પ્રીતમ મ્હારો રે... | કપટરહિતતા પૂર્વકની પ્રીતિ-ભક્તિ | ૧ |
| ૨/૬ | પંથડો નિહાળું રે બીજા જિનતણો રે... અજિત અજિત ગુણધામ... | પરમાત્મ પંથ-મોક્ષમાર્ગ નિરીક્ષણ | ૫ |
| ૩/૬ | સંભવદેવ તે ધૂર સેવો સવે રે... | યોગની પૂર્વસેવા આત્મશુદ્ધિ વિચારણા ઉપાદાન-નિમિત્ત કારણ સમીક્ષા | ૯ |
| ૪/૬ | અભિનંદન જિન ! દરિસણ તરસીએ... | દરિસણ તડપન જ્ઞાન-ભક્તિ તથા સાધના-ઉપાસના જુગલબંધી | ૧૫ |
| ૫/૬ | સુમતિ-ચરણ-કજ આતમ અરપણા... | પરમાત્મા-અંતરાત્મા-બહિરાત્મારૂપ ત્રિવિધ આત્મસ્વરૂપ વિચારણા સાધના-ઉપાસનાના તાણાવાણા | ૨૩ |
| ૬/૬ | પદ્મપ્રભ જિન ! તુજ મુજ આંતરું રે... | પરમાત્મ સ્વરૂપથી આત્માને આંતરું પાડનારા કર્મ વિષેની વિચારણા | ૨૯ |
| ૭/૮ | શ્રી સુપાસ જિન વંદીએ.. | પરમાત્મત્વ નિર્દેશક પરમાત્મ સ્વરૂપ નામ-ગુણ નિધાન અર્હમ ઐશ્વર્ય દર્શન | ૩૯ |
| ૮/૭ | દેખણ દે રે, સખી ! મુને દેખણ દે, ચંદ્રપ્રભ મુખચંદ... | દર્શન દુર્લભતા અંતર્ગત જીવવિચાર | ૪૯ |

| સ્તવન ક્રમાંક/ કડી સં. | ધ્રુવ પંક્તિ | પ્રધાન સૂર | પત્રાંક |
|---|---|---|---|
| ૯/૮ | સુવિધિ જિનેસર પાય નમીને... | અંગપૂજા-અગ્રપૂજા-ભાવપૂજા-પ્રતિપત્તિ પૂજા વિધિ વિચારણા | ૫૭ |
| ૧૦/૬ | શીતળ જિનપતિ લલિત ત્રિભંગી... | જ્ઞાનયોગ અંતર્ગત સ્યાદ્વાદશૈલિએ ત્રિભંગીથી આત્મશીતળતા પ્રાપ્તિ પ્રક્રિયા | ૬૫ |
| ૧૧/૬ | શ્રી શ્રેયાંસજિન અંતરજામી... | અધ્યાત્મ અને અધ્યાત્મપુરુષ પરખ પ્રક્રિયા અંતર્ગત ભાવ અધ્યાત્મ મહિમાગાન | ૬૯ |
| ૧૨/૬ | વાસુપૂજ્ય જિન ત્રિભુવનસ્વામી... | કરમ-કરમફળ ચેતના અને દર્શન-જ્ઞાન ચેતના વિચારણા અંતર્ગત જ્ઞાનમયતાનું ગાન | ૭૫ |
| ૧૩/૭ | વિમળજિન ! દીઠાં લોયણ આજ... | પરમાત્મસ્વરૂપ પ્રદાયક ધીંગધણી મળ્યાનું ખુમારીભર્યું ગૌરવગાન | ૮૧ |
| ૧૪/૭ | ધાર તરવારની સોહલી, દોહલી ચઉદમા જિનતણી ચરણસેવા... | અનંત ચતુષ્ક પ્રદાયક અનંતનાથ ચરણસેવા દુષ્કરતા | ૮૭ |
| ૧૫/૮ | ધર્મ જિનેસર ગાઉં રંગશું... | ધર્મ મર્મોદ્‌ઘાટન હૃદયચક્ષુ-ગ્રંથિભેદ જનિત સમ્યક્ત્વથી પરમાત્મદર્શન | ૯૩ |
| ૧૬/૧૫ | શાંતિ જિન એક મુજ વિનતિ... | શાંતિ સ્વરૂપ પ્રાપ્તિ પ્રક્રિયા અંતર્ગત સમત્વ યોગ વિચારણા | ૯૯ |
| ૧૭/૯ | કુંથુજિન ! મનડું કિમહી ન બાજે... | મનને નાથવાની મથામણ મનોનિગ્રહ દુષ્કરતા | ૧૦૯ |

| સ્તવન ક્રમાંક/ કડી સં. | ધ્રુવ પંક્તિ | પ્રધાન સૂર | પત્રાંક |
|---|---|---|---|
| ૧૮/૯ | ધરમ પરમ અરનાથનો... | સ્વસમય પરસમયરૂપ આત્મધર્મની દ્રવ્ય-ગુણ-પર્યાય સાપેક્ષ સમીક્ષા | ૧૧૭ |
| ૧૯/૧૧ | સેવક કિમ અવગણીએ, હો મલ્લિ જિન ! | અઢાર દોષ રહિત તુર્યાવસ્થા-ઉજાગરદશા પ્રાપ્તિ વિચારણા | ૧૨૩ |
| ૨૦/૧૦ | મુનિસુવ્રત જિનરાય, એક મુજ વિનતિ નિસુણો... | દાર્શનિક વિચારણા | ૧૩૩ |
| ૨૧/૧૧ | ષટ્ દરિસણ જિન અંગ ભણીજે... | અંગી એવા સર્વાંગી જિનદર્શનના અંગ-રૂપ ષડ્દર્શન સમીક્ષા | ૧૪૧ |
| ૨૨/૧૭ | અષ્ટ ભવાંતર વાલહી રે... | સતી રાજીમતિના મુખેથી મુખરિત થતો ચેતનાનો ચેતન સાથેનો સંવાદ | ૧૪૯ |
| ૨૩/૮ | ધ્રુવપદ રામી હો સ્વામી માહરા... | આત્માના પરમાત્મસ્વરૂપની સ્પર્શના પૂર્વક અગુરુલઘુ ગુણ ગાન | ૧૬૩ |
| ૨૪/૭ | વીર જિનેશ્વર ચરણે લાગું... | આત્માના વીરપણાંના ઓવારણા ને વધામણાં | ૧૭૧ |
| ૨૫/૪ | સામાન્ય જિન સ્તવન નિરંજન નાથ મોહે કૈસે મિલેંગે... | પરમાત્મમિલન તલસાટ | ૧૭૭ |

# ૧ શ્રી ઋષભદેવ જિન સ્તવન

(રાગ : વૈષ્ણવજન તો, મેરા જીવન કોરા, સંયમજીવનનો લીધો મારગડો, (મારુ) કર્મ પરીક્ષા કરણ કુમર ચલ્યો)

ઋષભ જિનેસર પ્રીતમ માહરો રે,
ઓર ન ચાહું રે કંત;
રીઝ્યો સાહિબ સંગ ન પરિહરે રે,
ભાંગે સાદિ અનંત. ઋષભ. ૧

પ્રીત સગાઈ રે જગમાં સહુ કરે રે,
પ્રીત સગાઈ ન કોય;
પ્રીત સગાઈ રે નિરુપાધિક કહી રે,
સોપાધિક ધન ખોય. ઋષભ. ૨

કોઈ કંત કારણ કાષ્ઠ ભક્ષણ કરે રે,
મિલસ્યું કંતને ધાય;
એ મેળો નવિ કહિયે સંભવે રે,
મેળો ઠામ ન ઠાય. ઋષભ. ૩

જિનો (કેવળજ્ઞાની)માં પણ જે ઈશ્વર છે, એવા જિનેશ્વર ઋષભદેવ મારા પ્રિયતમ છે અને એમના સિવાય બીજા કોઈને પણ હું કંત-સ્વામી તરીકે ઈચ્છતી નથી-ચાહતી નથી. ‘‘એ મારો સાહીબો પ્રસન્ન થાય તો, સંગ-સાથ ક્યારેય છોડે નહિ. સાદિ-અનંત એટલે શાશ્વતકાળ નિભાવે એવો છે.

સંસારમાં પતિપત્નીના સંબંધરૂપે થઇને પુત્રપુત્રીનો વિવાહ કરી સગાઈ સંબંધ સહુ કોઈ કરે છે; પણ તે રીતે કરેલી સગાઈ ખરેખરી પ્રીતસગાઈ નથી. કેમકે જ્ઞાનીઓ તો નિરૂપાધિક પ્રીતસગાઈને જ પ્રીતસગાઈ કહે છે. સાંસારિક પ્રીતસગાઈ તો સોપાધિક છે, કે જેમાં આત્મઋદ્ધિરૂપ પોતાનું આત્મધન ખોવાઈ જતું હોય છે અને ખવાઈ જતું હોય છે.

કેટલીક સ્ત્રીઓ દોડીને જલ્દીથી પતિનો ફરી મેળાપ કરવા માટે કાષ્ટભક્ષણ કરે છે એટલે કે ચિતા પર ચઢી પતિ પાછળ સતી થાય છે. અથવા તો ચેતન સાથેના શીઘ્ર મેળાપ માટે થઈને કેટલીક વ્યક્તિઓ  કાષ્ટભક્ષણ કરવારૂપ પંચાગ્નિના આકરા તપ તપે છે. પરંતુ મળવાના ચોક્કસ ઠામ ઠેકાણા નહિ હોવાથી એ મેળો-મિલાપ કદી સંભવિત થતો નથી.

કોઈ પતિ રંજણ અતિ ઘણો તપ કરે રે,
પતિ રંજણ તનું તાપ;
એ પતિરંજણ મેં નવિ ચિત્ત ધર્યોં રે,
રંજણ ધાતુ મિલાપ. ઋષભ. ૪

કોઈ કહે લીલા રે અલખ અલખ તણી રે,
લખ પૂરે મન આસ;
દોષ રહિતને લીલા નવિ ઘટે રે,
લીલા દોષ વિલાસ. ઋષભ. ૫

ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું રે,
પૂજા અખંડિત એહ;
કપટ રહિત થઈ આતમ અરપણા રે,
"આનંદઘન"પદ રેહ. ઋષભ. ૬

કેટલીક સ્ત્રીઓ પતિની પ્રસન્નતા માટે ખૂબ તપ તપે છે પણ પતિરંજન માટે કરાતો એવો તપ એ તનતાપ એટલે કે કાયકષ્ટ- કાયકલેશ જ છે. એવું પતિરંજન કરવાનું મેં ચિત્તમાં ધાર્યું નથી. મારે મન તો ધાતુ મેળાપ-વસ્તુથી વસ્તુનો મેળાપ-મૂળનું મૂળથી મળવાપણું એ ખરું રંજન-ખરી પ્રસન્નતા છે.

કોઈ તો એમ કહે છે કે અલખ એટલે કે પરમેશ્વરની ભગવાનની લીલા-ક્રીડા કળી નહિ શકાય એવી અલખ છે. એ લીલા લાખો  મનોરથ-મનની આશાને પૂરનાર છે. ભગવાન તો દોષરહિત હોય. એવા દોષરહિતને લીલા-ક્રીડા-રમત કરવી યોગ્ય નથી કારણ કે લીલા એ તો દોષ છે.

ચિત્તની પ્રસન્નતા - પ્રશાંતતા એ જ ભગવાનની પૂજાનું ફળ છે અને એવી જ પૂજા અખંડિત છે, જેમાં કપટ રહિત થઈ આત્માનું સ્વાર્પણ કરાય છે, ત્યારે આનંદઘનપદ પરમાત્મપદ રેખાંકિત થાય છે. અથવા તો આનંદઘન સ્વરૂપ-પરમાત્મસ્વરૂપ પ્રત્યે દોરી જતી પદરેહ-પગથાર-પગદંડીને પમાય છે.

## ૨ શ્રી અજિતનાથ જિન સ્તવન

(રાગ : વેલીની દેશી, આશાવરી, મારૂ મન મોહ્યું રે,
ધારિણી મનાવે રે, આંખ મારી ઉઘડે)

**પંથડો નિહાલું રે બીજા જિન તણો રે,**
**અજિત અજિત ગુણધામ;**
**જે તેં જીત્યા રે તિણે હું જીતીયો રે,**
**પુરુષ કિસ્યું મુજ નામ?**
**પંથડો નિહાલું રે બીજા જિન તણો રે...**
**વાટડી વિલોકું-રે બીજા જિનતણી રે. ૧**

**ચરમ નયણ કરી મારગ જોવતા રે,**
**ભૂલ્યો સયલ સંસાર;**
**જિણે નયણેં કરી મારગ જોઈએ રે,**
**નયન તે દિવ્ય વિચાર.. પંથડો.. ૨**

**પુરુષ પરંપર અનુભવ-જોવતાં રે,**
**અંધો અંધ પુલાય;**
**વસ્તુવિચારે રે જો આગમે કરી રે,**
**ચરણ ધરણ નહીં ઠાય.. પંથડો.. ૩**

અંતરંગ શત્રુઓને જીતી લઈ ક્ષાયિક-અજિત ગુણધામ થયા છે, એવા બીજા જિનેશ્વર ભગવંતનો જે અજિત થવાનો માર્ગ છે તેનુ હું નિરીક્ષણ કરતો તેમની વાટડીને વિલોકી રહ્યો છું. હે નાથ ! જેને જીતી આપ અરિહન્ત-બન્યા છો, તેનાથી જીતાયેલો-હણાયેલો એવો હું આજે અરિહત છું તો પછી મારી જાતને પુરુષ કેમ કરી કહેવડાવું ?

સ્થૂળ ચર્મચક્ષુથી માર્ગને જોવા જતાં સંસાર આખો ભૂલો પડી ગયો છે-ભૂલથાપ ખાઈ ગયો છે. જે નયનથી મારગ જોઈ શકાય એમ છે તે નયનો તો દિવ્ય હોવા જોઈએ એ તું જાણ. અથવા તો દિવ્યવિચાર એટલે કે દિવ્યજ્ઞાનરૂપ દિવ્ય નયનોથી જ આ માર્ગ જોઇ જાણી શકાય તેમ છે. પણ બીજી કોઈ રીતે નહિ.

સંપ્રદાયથી ચાલ્યા આવતા પારંપરિક અનુભવ જ્ઞાનથી માર્ગને જોવા જાઉં તો એ આંધળાની પાછળ આંધળો પુલાતો હોય-ઠેલાતો કે દોરાતો હોય એવું થાય છે. અને જો આગમસિદ્ધાંત શાસ્ત્ર અનુસારે વસ્તુતત્ત્વની વિચારણા કરું છું તો, ત્યાં પગ મૂકી શકાય અને સ્થાન ગ્રહણ કરી સ્થિર એટલે મક્કમ થઈ શકાય એવું સ્થાન નથી.

તર્ક વિચારે રે વાદ પરંપરા રે,
પાર ન પહુંચે કોય;
અભિમત વસ્તુ રે વસ્તુગતે કહે રે,
તે વિરલા જગ જોય.. પંથડો.. ૪

વસ્તુવિચારે રે દિવ્ય નયન તણો રે,
વિરહ પડ્યો નિરધાર;
તરતમ જોગે રે તરતમ વાસના રે,
વાસિત બોધ આધાર.. પંથડો.. ૫

કાળલબ્ધિ લહી પંથ નિહાળશું રે,
એ આશા અવલંબ;
એ જન જીવે રે જિનજી ! જાણજો રે,
''આનંદઘન'' મત અંબ..પંથડો.. ૬

તર્ક એટલે અનુમાન પ્રમાણના ન્યાયમાર્ગે વસ્તુતત્ત્વની વિચારણા કરવા જતાં તો વાદ વિવાદની પરંપરા ચાલે છે અને પછી એનો કોઈ પાર-છેડો-અંત જ આવતો નથી. જે અભિમત એટલે કે અભીપ્સિત-ઈચ્છિત વસ્તુ છે,તે વસ્તુને વસ્તુગતે એટલે વસ્તુરૂપે, યથાર્થ રીતે કહેનારા અને સમજીને સમજાવનારા તો જગત આખામાંથી કોઈક વિરલા જ જોવામાં આવતા હોય છે.

વસ્તુતત્ત્વની વિચારણા માટે દિવ્યનયન એટલે કે પ્રત્યક્ષ જ્ઞાની એવા કેવળજ્ઞાની ભગવંતો, તીર્થંકર ભગવંતો, ગણધર ભગવંતો, શ્રુતકેવળી ભગવંતો, પૂર્વધર મહર્ષિઓ,આગમજ્ઞ શ્રુતજ્ઞોનો નક્કી વિરહ પડ્યો છે. તેથી જ વર્તમાનમાં ઓછાવત્તા સાધનો અને ઓછાવત્તા ક્ષયોપશમવાળા જ્ઞાનીઓના કારણે ઓછાવત્તા સંસ્કારની ગંધવાળો, જે આછાપાતળા સહુ-સહુના વ્યક્તિગત ક્ષયોપશમના આધારે તરતમતાવાળો જે બોધ મળે છે તે જ એક માત્ર જ્ઞાનપ્રાપ્તિનો તથા મોક્ષમાર્ગ નિહાળવા માટેનો આધાર છે.

કાળ પરિપક્વ થવાથી યોગ્યકાળે માર્ગને નિહાળશું, જાણશું અને આરાધશું. સમય પાકશે, આનંદઘન સ્વરૂપ આંબો (અંબ) મહોરશે એને- ફળ (કેરી) લાગશે અર્થાત્ આનંદઘન સ્વરૂપ પ્રગટશે એ શ્રદ્ધાના (આશાના) અવલંબને-ટેકે હાલમાં તો આ જીવ જીવી રહ્યો છે એમ હે જિનેશ્વર ! આપ જાણજો.

3

# શ્રી સંભવનાથ જિન સ્તવન

(રાગ : રામગિરિ, રાતલી રમીને કિહાંથી આવીઆ રે,
એક પંખી, મેલી ચાદર, તારી પ્રીતિની)

**સંભવદેવ તે ધુર સેવો સવે રે,**
**લહી પ્રભુ-સેવન ભેદ;**
**સેવન-કારણ પહિલી ભૂમિકા રે,**
**અભય અદ્વેષ અખેદ.**
**સંભવદેવ તે ધુર સેવો સવે રે... ૧**

**ભય ચંચળતા હો જે પરિણામની રે,**
**દ્વેષ અરોચક ભાવ;**
**ખેદ પ્રવૃત્તિ હો કરતાં થાકીએ રે,**
**દોષ અબોધ લિખાવ.. સંભવદેવ.. ૨**

**ચરમાવર્તે હો ચરમકરણ તથા રે,**
**ભવ પરિણતિ પરિપાક;**
**દોષ ટળે વળી દૃષ્ટિ ખૂલે ભલી રે,**
**પ્રાપ્તિ પ્રવચન વાક.. સંભવદેવ.. 3**

પ્રભુ - વીતરાગ જિનેશ્વરની સેવાના ભેદ એટલે કે જુદા જુદા પ્રકારને તેમજ તે સેવાના ઊંડા રહસ્ય-મર્મને લહી – એટલે સમજી લઈને સહુ પ્રથમ-ધૂર - પહેલા તો સંભવનાથ જિનેશ્વર દેવને સર્વ ભેદે-સર્વ પ્રકારે સહુ કોઈએ સેવવા જોઈએ. દેવસેવા-પ્રભુસેવાનું કાર્ય થઈ શકે તેના કારણરૂપ-મૂળરૂપ ભૂમિકાશુદ્ધિ, પ્રક્ષાલન-શુદ્ધિકરણરૂપ અભય, અદ્વેષ અને અખેદ છે.

પરિણામ એટલે કે વિચારોની અસ્થિરતા-ચંચળતા તે ભય, તત્ત્વ પ્રતિ અરુચિ એટલે કે ઘૃણાનો ભાવ હોવો તે દ્વેષ અને પ્રવૃત્તિ કરતાં આવતો કંટાળો અને અનુભવાતી થકાવટ તે ખેદ એવા ત્રણે ભય, દ્વેષ અને ખેદ એ અબોધ એટલે કે અજ્ઞાનના કારણે નિપજતા દોષ છે, એમ લિખાવ એટલે ગણાવ-સમજ. અથવા આ ત્રણે દોષ એ અજ્ઞાનીનું લિખાવ-લખાવ એટલે લક્ષણ સમજવું.

ચરમાવર્ત એટલે કે ચરમ(છેલ્લું) આવર્ત (ફેરો-ચકરાવો) અર્થાત્ છેલ્લા પુદ્ગલપરાવર્તમાં આવતાં જીવ ચરમ યથાપ્રવૃત્તકરણ કરી અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ અંતરકરણ થતાં ભવપરિણતિનો પરિપાક થઈ જતાં દૃષ્ટિનો ઉઘાડ થાય છે. ભલી-સમ્યગ્દૃષ્ટિ મળે છે અને પ્રવચન

પરિચય પાતિક ઘાતક સાધુશું રે,
અકુશલ અપચય ચેત;
ગ્રંથ અધ્યાત્મ શ્રવણ મનન કરી રે,
પરિશીલન નય હેત.. સંભવદેવ.. ૪

કારણ જોગે હો કારજ નીપજે રે,
એહમાં કોઈ ન વાદ;
પણ કારણ વિણ કારજ સાધીએ રે,
એ નિજ મત ઉન્માદ.. સંભવદેવ.. ૫

મુગ્ધ સુગમ કરી સેવન આદરે રે,
સેવન અગમ અનૂપ;

એટલે કે આપ્તરુષોના-જિનેશ્વર તીર્થંકર ભગવંતના વાક-વાક્યો-વચનની પ્રાપ્તિ થાય છે. નિશ્ચયથી કરણલબ્ધિ થતાં કાળલબ્ધિ થાય છે. અપૂર્વકરણથી ગ્રંથિભેદ થતાં જીવ અનિવૃત્તિકરણમાં પ્રવેશે છે.

પાતિક કે પાતક એટલે પાપનો ઘાત કરનારા (ઘાતક) - નાશ કરનારા-એવા સાધુશું - સાધુ સાથે પરિચય (ઓળખાણ) - સોબત થતાં ચેત એટલે કે ચિત્ત કે મન સંબંધી અકુશલ કહેતાં અકલ્યાણકારી-અહિતકારી-પાપકર્મોનો અપચય એટલે કે ઘટાડો-વ્યય થાય છે જે ચય-સંચય કર્યું છે તેનો અપચય નાશ થાય છે. અધ્યાત્મ ગ્રંથોનું શ્રવણ, મનન કરીને નય-હેતુવાદપૂર્વક પરિશીલન કરવું જોઈએ.

કારણના યોગે-જોગે-સંયોગે કરીને કારજ એટલે કે કાર્ય નીપજે- અર્થાત ઉપજે કે થાય એમાં તો કોઈના કશાય વાદ કે વિવાદને અવકાશ નથી. પરંતુ કારણના સેવન વિના જ કાર્ય સાધવાનો જે મત છે-મમત છે એ તો નિજ કહેતાં પોતાનો ઉનમાદ એટલે કે ઉન્માદ-ગાંડપણ ઘેલછા છે. એ સ્વચ્છંદ છે.

મુગધ એટલે કે મુગ્ધ-અણસમજુ-અણઘડ-ભોળા ભદ્રિક લોકો, સુગમ એટલે કે સહજ-સરળ-આસાન-સહેલું માની

**દેજો કદાચિત સેવક યાચના રે,**
**''આનંદઘન'' રસ રૂપ.. સંભવદેવ.. ૬**

લઈને પ્રભુસેવન કરવા તો માંડે છે - સેવન તો આદરે છે, પરંતુ તેમણે સમજી લેવું જોઈએ કે પ્રભુસેવન તો સુગમ નહિ પણ ગમ નહિ પડે - સમજાય નહિ એવું કઠિન, મુશ્કેલ અગાધ, અગમ અગમ્ય છે અને પાછું ઉપમા નહિ આપી શકાય તેવું અનુપ એટલે કે અનુપમ છે. સ્તવનકાર યોગીરાજજી આનંદઘનજી મહારાજા આનંદના નક્કર ઘન સ્વરૂપ - સુખરસરૂપ એવા પ્રભુજીને અરજ કરે છે. કૃપા યાચે છે કે... હે પ્રભો ! હે આનંદઘન ! આપની સેવા જે અગમ-આત્મગમ્ય અનુભવગમ્ય, અનુપમ, અદ્વિતીય છે, તે સેવા કરવાની મારી યાચના-પ્રાર્થના-માંગણી સ્વીકારજો અને એવી સેવા આપના આ સેવકને આપજો અથવા આ સેવકની આનંદઘન રસરૂપ થવાની યાચના ક્યારેક તો પૂરી કરજો એટલે કે આ સેવકની મોક્ષની માગણી આપ ક્યારેક તો પૂરી કરજો !

# ૪ શ્રી અભિનંદન જિન સ્તવન

(રાગ : ધન્યાસિરિ, આજ નિહેજો રે દીસે, સિદ્ધારથના રે નંદન, ઝીણો ઝીણો ઉડે રે ગુલાલ, મેરા જીવન કોરા)

**અભિનંદન જિન !**
**દરિસણ તરસીએ દરિસણ દુરલભ દેવ;**
**મત મત ભેદે રે જો જઈ પૂછીએ,**
**સહુ થાપે અહમેવ. અભિનંદન૦ ૧**

**સામાન્યે કરી દરિસણ દોહિલું,**
**નિરણય સકલ વિશેષ;**
**મદમેં ઘેર્યો રે અંધો કિમ કરે,**
**રવિ-શશિ રૂપ વિલેખ. અભિનંદન૦ ૨**

જે ઈન્દ્રિયોને જીતી જિન બન્યા છે એવા અભિનંદન સ્વામીના દીદારની - એમને જોવાની મને તરસ-પ્યાસ-તલપ લાગી છે. પરંતુ દેવના દર્શન થવા એટલે કે એઓશ્રીના પ્રરૂપિત તત્ત્વની રુચિરૂપ સમ્યગ્દર્શન થવું, કાંઈ સુલભ નથી. એ તો અતિ-અતિ દુરલભ- કઠીન છે. એ દેવના-એના દેવત્વ-દિવ્યતાની સમજ થવી મુશ્કેલ છે. જુદા જુદા મતવાળા-જુદા જુદા ધર્મવાળાની પાસે જઈને તે માટે પૂછીએ છીએ તો તે દરેકે દરેક-સહુ પોતાના જ મતનું સ્થાપન-સમર્થન કરે છે અને થાપ અર્થાત્ છાપ પાડે છે કે અહમેવ અર્થાત્ અમારો જ મત સાચો છે અને અમારા જ દર્શન-મતમાં સાચું-સારું-ઊંચું દર્શન એટલે કે તત્ત્વ છે.

સામાન્યે કરી એટલે કે સાધારણ રીતે પહેલા તો (દેવ) દરિસણ થવું જ દોહિલું એટલે કે દુષ્કર-મુશ્કેલ છે. તો પછી એ સંબંધી પાકો નિર્ણય થઈ જવો અને નિઃશંક-મક્કમ થઈ જવું તો એથીય આકરું કઠિન છે. અથવા તો દરિસણ એટલે સામાન્ય નિરાકાર-ઉપયોગ અને જ્ઞાન એટલે વિશેષ સાકાર-ઉપયોગ. એ અપેક્ષાએ અર્થઘટન કરીએ તો જ્યાં નિરાકાર-ઉપયોગ કરવો જ મુશ્કેલ છે, ત્યાં પછી સર્વ પ્રકારે નિર્ણય કરાવનાર સાકાર-ઉપયોગ તો તેથી ય અધિક

**હેતુ-વિવાદે હો ચિત્ત ધરી જોઈએ,**
**અતિ દુરગમ નયવાદ;**
**આગમવાદે હો ગુરુગમ કો નહીં,**
**એ સબળો વિષવાદ. અભિનંદન૦ ૩**

મુશ્કેલ જ હોય ! જ્યાં સમ્યગ્દર્શન જ દોહ્યલું છે ત્યાં પછી સમ્યગ્જ્ઞાન તો ક્યાંથી સોહ્યલું હોય ? જે પહેલાં તો અંધ છે એટલે દેખી શકતો નથી અને પાછો મદ એટલે કે હું-પણાના અહંકારથી ઘેરાઈ (ઘેર્યો) ગયેલો મદમાતો છે, તે કેમ કરીને ને કેવી રીતે સૂર્ય અને ચંદ્ર અર્થાત્ રવિ-શશીના રૂપને વિલેખી શકે એટલે કે વિશ્લેષણ-પૃથ્થક્કરણ કરીને સૂર્યને સૂર્યરૂપે અને ચંદ્રને ચંદ્રરૂપે ઓળખાવી શકે ? - સમજી અને સમજાવી શકે?

હેતુવિવાદે એટલે કે અનુમાન સ્વરૂપ તર્કને ચિત્તમાં-મનમાં ધારણ (ધરી) કરીને દેવદર્શન-દિવ્યદર્શન કરવા જઈએ છીએ તો કાંઈ મેળ પડતો નથી કારણ કે ભિન્ન-ભિન્ન દર્શનના, ભિન્ન - ભિન્ન દૃષ્ટિકોણ View points હોવાથી અને નયવાદ અતિ-અત્યંત દુરગમ-દુર્ગમ એટલે કે સમજાય એવો હોવાથી, દર્શન થવા અને સમજણ આવવી મુશ્કેલ થઈ પડે છે. વળી એમ નહિ કરતા, જો આગમવાદ એટલે કે સિદ્ધાંતો અથવા આગમશાસ્ત્રોના આધારે દર્શન કરવા જઈએ, તો તે સિદ્ધાંતો-શાસ્ત્રો કે જે ગુરુગમથી-ગુરૂના સમજાવ્યા જ સમજાય એમ હોવાથી, એ શાસ્ત્ર સિદ્ધાંતોને સમજાવનારા ગુરુનો હજી યોગ થયો નથી. યોગાવંચક યોગ

ઘાતી ડૂંગર આડા અતિ ઘણા,
તુજ દરિસણ જગનાથ;
ધીઠાઈ કરી મારગ સંચરું,
સેંગૂ કોઈ ન સાથ. અભિનંદન૦ ૪

દરિસણ દરિસણ રટતો જો ફિરું,
તો રણરોઝ સમાન;
જેહને પિપાસા હો અમૃતપાનની,
કિમ ભાંજે વિષપાન. અભિનંદન૦ ૫

લાભ્યો નથી. આ જ તો બળવાન મોટામાં મોટો વિષવાદ એટલે કે વિખવાદ છે. અથવા તો વાદ જ સબળું મોટામાં મોટું તાલપૂટ ઝેર છે.

ઘાતી એટલે કે સ્વરૂપના સ્વરૂપનો અર્થાત્ સ્વરૂપની મૌલિકતાનો ઘાત-નાશ કરનારા ઘાતિ કર્મોના ડુંગર-પર્વત, અતિ ઘણા એટલે કે પુષ્કળ આડા-વચ્ચે છે - અંતરાય (વિઘ્ન)રૂપ છે; જે હે જગન્નાથ ભગવાન ! તુજ-તારા દરિસણ-દર્શન થવા નથી દેતાં. તોય ધીઢાઈ કરીને-નફ્ફટાઈ કરીને-ખંધો થઈને મારગ એટલે કે માર્ગમાં સંચરું એટલે કે સંચરણ-વિહરણ ચાલુ રાખું છું પણ સાથે- સંગાથમાં માર્ગનો જાણકાર, માર્ગ બતાવનાર કોઈ સેંગુ સાથી- ભોમિયો નથી સંગાથી-સોબતી નથી.

દરિસણ એટલે કે દર્શન. દર્શન દર્શનની રટ લગાવીને એનું જ રટણ કરતો એટલે કે વારંવાર એને જ યાદ કરતો કરતો-એની જ રઢ લગાવી એનો જ જપ જપતો, ફિરું એટલે કે આમ તેમ રખડતો રઝળતો ફરતો-ભમતો રહું તો રાનિ-જંગલી પશુ કે રણમાં રખડતા રોઝ જનાવર સમાન લાગું. જેને અમૃતપાન - સુધારસની પિપાસા એટલે કે તરસ-પ્યાસ

તરસ ન આવે હો મરણજીવન તણો,
સીજે જો દરિસણ કાજ;
દરિસણ દુરલભ સુલભ કૃપા થકી,
"આનંદઘન" મહારાજ. અભિનંદન૦ ૬

છે, તે વિષપાન-ઝેરના પીવાથી કેમ કરીને ભાંજે એટલે કે ભાંગે અર્થાત છીપાય?

જો આપના દરિસણ કરવાથી મારું દર્શનકાર્ય, સીજી-સીઝી જાય એટલે કે સિદ્ધ થઈ જાય તો મારા મરણજીવન એટલે કે જન્મમરણના તરસ અર્થાત્ તરાસ-ત્રાસનો અંત આવે. પાર શબ્દના આધારે અર્થઘટન કરીએ તો જનમમરણનો અંત આવે. તો દર્શન દુર્લભ છે પણ આનંદઘન, ચિદ્ઘન સ્વરૂપ રાજાધિરાજ-મહારાજ અભિનંદન જિનની કૃપાથી તે સુલભ છે. અથવા કૃતિના રચયિતા આનંદઘન મહારાજ માટે તો ઉપર જણાવ્યા મુજબ દર્શન થવા દુર્લભ છે પણ હે પ્રભુ અભિનંદન જિન ! આપની કૃપાથી મને તે સુલભ થશે !

## ૫ શ્રી સુમતિનાથ જિન સ્તવન

(રાગ : વસંત તથા કેદારો, ભવિલોકા તુજ દરશન હોઈ,
તારે દ્વારે, મેલી ચાદર, આવો પધારો વાયુ)

**સુમતિ-ચરણ-કજ આતમ અરપણા,**
**દરપણ જિમ અવિકાર, સુજ્ઞાની;**
**મતિ તરપણ બહુ સમ્મત જાણીએ,**
**પરિસરપણ સુવિચાર, સુજ્ઞાની.**
**સુમતિ-ચરણ-કજ આતમ અરપણા. ૧**

**ત્રિવિધ સકલ તનુધરગત આતમા,**
**બહિરાતમ ધુરિ ભેદ, સુજ્ઞાની;**
**બીજો અંતર આતમા તીસરો,**
**પરમાતમ અવિચ્છેદ, સુજ્ઞાની. સુમતિ૦ ૨**

જે સુમતિ એટલે કે સારી મતિ-સન્મતિ-સુબુદ્ધિ સદ્‌બુદ્ધિના નાથ-માલિક છે, એવા સુમતિનાથ જિનેશ્વર ભગવંતના ચરણકજ એટલે કે ચરણકમલ-પદકમલ-ચરણારવિંદ કે જે દરપણ એટલે દર્પણ-આયના-અરીસા જેવા છે. બિંબનું પ્રતિબિંબ ઉપસાવી શકે તેવા છે. સરળ, સપાટ, સ્વચ્છ, શુભ્ર, ચળકતા, જરાય ફેરફારને, બગાડને કે વિકૃતિને ન પામનારા અવિકારી છે, તેવા સુમતિનાથ ભગવાનના ચરણકમલમાં આતમ અરપણા એટલે આત્મા અર્પણ કરવો તે મતિ તરપણ એટલે કે બુદ્ધિનું તર્પણ કરવા જેવું છે. અર્થાત્ બુદ્ધિની તડપનનું બુદ્ધિની તરસનું છીપણ એટલે કે તૃપ્તિ છે. અને આ વાત ઘણા બધા સુજ્ઞ જનોને સમ્મત એટલે કે માન્ય છે. ઘણા બધાયે આવું કરવું પસંદ કર્યું છે; એમ હે ! સુજ્ઞાની-સુજ્ઞજન-મતિમંત તું જાણ ! એ મતિ તરપણ કાંઈ મતિ ત્યાગ નથી પણ તે મતિને સુમતિ બનવારૂપે મતિનું પરિસરવાપણું - પસરવાપણું છે. એમ હે ! સુજ્ઞજન તું જાણ ! ૨

સકલ-બધાય-સઘળા તનુધરગત શરીરધારીને રહેલાં આતમ- આત્મા ત્રિવિધ-ત્રણ પ્રકારના છે. ધુરિભેદ-પહેલો પ્રકાર બહિરાત્મા છે. અઘરૂપ શબ્દપાઠ લઈએ તો બહિરાત્મા અઘ-પાપ રૂપ છે. બીજો પ્રકાર અંતરાત્મા છે અને ત્રીજો

આતમબુદ્ધે કાયાદિક ગ્રહ્યો,
બહિરાતમ અઘરૂપ, સુજ્ઞાની;
કાયાદિકનો સાખીધર રહ્યો,
અંતર આતમરૂપ, સુજ્ઞાની. સુમતિ૦ ૩

જ્ઞાનાનંદે હો પુરણ પાવનો,
વરજિત સકલ ઉપાધિ, સુજ્ઞાની;
અતીન્દ્રિય ગુણગણમણિ આગરુ,
ઈમ પરમાતમ સાધ. સુજ્ઞાની૦ ૪

બહિરાતમ તજી અંતર આતમ-
રૂપ થઈ થિર ભાવ, સુજ્ઞાની;

પ્રકાર પરમાત્મા છે જે અવિચ્છેદ એટલે કે અછેદ્ય એવો અક્ષર, અજરામર, અવિનાશી છે, તે સ્વરૂપથી અભેદ થયેલો છે અને દેહ છતાં દેહાતીત-વિદેહી છે. એમ હે ! સુજાણ-સુજન-સુજ્ઞાની-સુજ્ઞ તું જાણ !

કાયાદિક એટલે કે શરીર વિગેરેને, જે આત્મબુદ્ધે એટલે કે આત્મા જ સમજીને ગ્રહે છે-વ્યવહાર કરે છે તે અઘ એટલે પાપરૂપ બહિરાત્મા છે એમ હે ! સુજાણ તું જાણ ! જે શરીર વિગેરેનો સાક્ષી બનીને રહે છે તે અંતરાત્મા છે, એમ હે ! સુજ્ઞજન તું જાણ !

જ્ઞાનના આનંદથી પૂરેપૂરો ભરપૂર, પરમ-પવિત્ર (શુદ્ધ), કર્માદિક સર્વ ઉપાધિઓ-વિડંબણાઓથી રહિત, ઈન્દ્રિયાતીત એટલે કે દિવ્ય-ગુણોના સમુહ (ગણ) રૂપ મણિ એટલે રત્નોના આગર-આકર- સાગર-ખાણ સમાન એવી જે સાધ્ય પરમાત્મ અવસ્થા છે તેની હે સુજ્ઞ તું સાધના કર !

આત્માના જે ત્રણ પ્રકાર જણાવ્યા તેમાંના બહિરાત્મભાવને તજી-ત્યાગી દઈને, બીજા પ્રકાર અંતરાત્મભાવમાં સ્થિર (થિર) થઈને, પોતાના આત્માની પરમાત્મ અવસ્થાને ભાવવી, તે

પરમાતમનું હો આતમ ભાવવું,
આતમ અરપણ દાવ, સુજ્ઞાની. સુમતિ૦ ૫

આતમ-અરપણ વસ્તુ વિચારતાં,
ભરમ ટળે મતિ દોષ, સુજ્ઞાની;
પરમ-પદારથ સંપતિ સંપજે,
''આનંદઘન'' રસ પોષ, સુજ્ઞાની. સુમતિ૦ ૬

આત્મ અર્પણતાનો-આત્મસાધનાનો સાચો દાવ એટલે કે સાચી યુક્તિ યા સાચી રીત છે.

આત્મઅર્પણતારૂપ તત્ત્વ વિચારતા ભરમ એટલે કે ભ્રમણા-મિથ્યાત્વ ટળે છે. મતિ એટલે કે બુદ્ધિના દોષ પણ ટળી જતા બુદ્ધિ નિઃશંક થતા મતિ નિર્મળ થઈ સમ્યગ્ બને છે અર્થાત્ સદ્‌બુદ્ધિ- પ્રજ્ઞા આવે છે. પરિણામે પરમપદારથ સંપત્તિ એટલે કે પરમાત્મસ્વરૂપ આત્મધન-આત્મસંપત્તિ સંપજે એટલે કે સાંપડે છે કે જેનાથી આનંદના સમુહરૂપ નક્કર આનંદઘન-સુખકંદ રસની તુષ્ટિ-પુષ્ટિ થાય છે.

## ૬ શ્રી પદ્મપ્રભ જિન સ્તવન

(રાગ : મારુ તથા સિંધુઓ, ચાંદલીઆ સંદેશો કહેજે
મારા કંતને, તું પ્રભુ મારો, વિર જિણંદ જગત)

**પદ્મપ્રભ જિન ! તુજ મુજ આંતરું રે,**
**કિમ ભાંજે ભગવંત ?**
**કરમ વિપાકે કારણ જોઈને રે,**
**કોઈ કહે મતિમંત. પદ્મપ્રભ૦ ૧**

**પયઈ ઠિઈ અણુભાગ પ્રદેશથી રે,**
**મૂળ-ઉત્તર બહુ ભેદ;**
**ઘાતી-અઘાતી હો બંધોદય-ઉદીરણા રે,**
**સત્તા કર્મ-વિછેદ. પદ્મપ્રમ૦ ૨**

હે પદ્મપ્રભ જિનેશ્વર દેવ! તમારી અને મારી (તુજ મુજ) વચ્ચે જે આ આંતરું એટલે કે ગાળો અર્થાત્ અવસ્થાભેદની જે દૂરી સર્જાઈ છે તે કિમ એટલે કેમ કરીને ભાંજે-ભાંગે એટલે કે દૂર થાય ? પ્રશ્નના સમાધાનમાં કોઈ મતિમંત એટલે શાણા, પ્રજ્ઞાવંત, જ્ઞાનીભગવંત આ આંતરાનું કારણ કર્મવિપાક એટલે કે કર્મફળ છે, એમ જણાવે છે.

૧) પયઈ એટલે પ્રકૃતિ. કર્મબંધના ચાર પ્રકાર પૈકી પ્રથમ પ્રકૃતિબંધ છે. બંધાયેલ કર્મ શું ફળ આપશે, તે કર્મના સ્વભાવ જેમાં નક્કી થાય છે તે પ્રકૃતિબંધ છે. કર્મફળ કેવું હશે એ આ પ્રકૃતિબંધથી નક્કી થાય છે Nature.

૨) ઠિઇ એટલે થિતિ-સ્થિતિ. બંધાયેલું કર્મ બંધાયા પછી કેટલો કાળ સત્તામાં રહેશે તેનું કાળમાન નક્કી કરનાર Time બંધ તે સ્થિતિબંધ છે.

૩) અણુભાગ એટલે અનુભાગ અર્થાત્ રસ-કર્મફળની તીવ્રતા. કર્મફળ કેટલું હશે, તેની પ્રબળતા Intercity Power નકકી કરનાર આ ત્રીજા પ્રકારનો અનુભાગબંધ-રસબંધ છે.

૪) પ્રદેશબંધ એ -ચોથા પ્રકારનો બંધ છે જે નક્કી કરે છે કે કેટલા પ્રમાણમાં-જથ્થામાં કાર્મણવર્ગણા-પુદ્ગલપરમાણુ

ગ્રહણ કરીને બાંધ્યા છે

તે Quantum નક્કી કરે છે. કર્મબંધના આવા ચાર, પ્રકાર પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ બંધ છે, તો એ કર્મો પાછા મૂળ એટલે મુખ્ય અને ઉત્તર એટલે પેટાભેદ બહુ બહુ પ્રકારના છે. કર્મના મૂળ આઠ ભેદ છે. એ આઠ કર્મોના ઘાતી અને અઘાતી એમ બે ભેદ હોય છે. એ મૂળ કર્મોના ઉત્તરભેદ- પેટાભેદ કુલ મળી ૧૫૮ છે. મૂળ આઠ કર્મો પૈકીના જે ચાર કર્મો ૧) જ્ઞાનાવરણીય ૨) દર્શનાવરણીય ૩) મોહનીય અને ૪) અંતરાય કર્મ છે; તે આત્માના પરમાત્મ-સ્વરૂપનો ઘાત કરનાર હોવાથી એને ઘાતીકર્મ કહેવાય છે. આત્માના અસ્તિરૂપ અનુજીવી એટલે કે વિધેયાત્મક ગુણોનો ઘાત કરનારા છે તેથી જ તે ઘાતિકર્મ છે. જે ચાર કર્મો ૧) વેદનીય ૨) આયુષ્ય ૩) નામ અને ૪) ગોત્ર કર્મ છે. તે આત્મપ્રદેશની સ્થિરતાને હણનારા, આત્મપ્રદેશને આવરનારા અને જીવને શરીરધારી રૂપે ટકાવી રાખનારા છે,તેને અઘાતિ કર્મ કહે છે. એ વિધેયાત્મક (અનુજીવી) ગુણનો ઘાત કરતા નથી પણ અશરીરી આત્માને સશરીરી બનાવી ને સંસારમાં રાખનારા હોવાથી અઘાતિ કર્મ કહેવાય છે. એ આત્માના નાસ્તિરૂપ પ્રતિજીવી એટલે કે નિષેધાત્મક ગુણોનો ઘાત કરનારા છે તેથી તે અઘાતિકર્મ છે.

બંધોદય એટલે બંધ અને ઉદય. કાર્મણવર્ગણા-પુદ્ગલપરમાણુનો આત્મપ્રદેશ સાથે બદ્ધ સંબંધ થવો તે બંધ. એ કર્મ Deed Cause છે. બંધાયેલું કર્મ પરિપક્વ થયે છતે તેનું ફળ ચખાડે છે. અસર બતાવે છે, તે કર્મનો વિપાક છે - કર્મ ફળ પરિણામ છે, જે Effect છે. અર્થાત્ ઉદય છે. ઉદીરણા એટલે જે કર્મો હાલમાં ઉદયમાં આવે તેવા નથી, એ કર્મોને બળાત્કારે ઉદીરણાકરણથી તપાદિ દ્વારા ઉદયાવલિકામાં લાવવા દ્વારા ભોગવવા. બંધાયેલ કર્મો બંધાયા પછી જ્યાં સુધી ઉદયમાં ન આવે ત્યાં સુધીના વચ્ચેના અવાન્તર કાળને સત્તા કહેવાય છે. એ Potentiality છે. કર્મ વિછેદ એટલે કર્મનો વિચ્છેદ અર્થાત્ કર્મનાશ કે કર્મક્ષય. કાર્મણવર્ગણારૂપે છૂટા રહેલાં પુદ્ગલપરમાણુ વિશ્રસા પુદ્ગલપરમાણુ કહેવાય છે. કર્મરૂપે પરિણમી રહેલાં પુદ્ગલપરમાણુ પ્રયોગસા પુદ્ગલપરમાણુ કહેવાય છે અને કર્મરૂપે પરિણમીને આત્મપ્રદેશે રહેલા પુદ્ગલપરમાણુ મિશ્રસા કહેવાય છે. જીવને જે કાર્મણવર્ગણા કર્મરૂપે પરિણમીને આત્મપ્રદેશે ચોંટી છે, તે દ્રવ્યકર્મ છે. રાગાદિ પરિણામ કે જેના કારણે કર્મ ચોંટ્યા છે, તે ભાવકર્મ છે. ઈન્દ્રિય, શરીરાદિ નોકર્મ છે.

કનકોપલવત્ પયડિ પુરુષ તણી રે,
જોડી અનાદિ સ્વભાવ;
અન્ય સંજોગી જિહાં લગે આતમા રે,
સંસારી કહેવાય. પદ્મપ્રભ૦ ૩

કારણ જોગે હો બાંધે બંધને રે,
કારણ મુગતિ મુકાય;
આશ્રવ-સંવર નામ અનુક્રમે રે,
હેય-ઉપાદેય સુણાય. પદ્મપ્રભ૦ ૪

કનક એટલે કુંદન-શુદ્ધ સોનું અને ઉપલ એટલે પથ્થર, વત્ એટલે જેમ. પયડી એટલે પ્રકૃતિ અને પુરુષ એટલે દેહમાં પુરાયેલો ઈશ્વર અર્થાત્ આત્મા. જેમ સુવર્ણ અને પાષાણ - એકમેક થયેલા સુવર્ણ-પાષાણસ્કંધરૂપે ખાણમાંથી મળી આવે છે, તેમ પુરુષ-આત્મા અને પ્રકૃતિ- કર્મ એકમેક સાથે જોડાયેલા સ્વભાવવાળા અનાદિથી મળી આવે છે. જ્યાં સુધી આત્મા અન્ય એટલે કે પર એવા પુદ્ગલના સંયોગથી સંયોગી છે ત્યાં સુધી એ પુદ્ગલયુક્ત આત્મા સંસારી કહેવાય છે.

જ્યારે કર્મબંધનું કારણ મળે છે ત્યારે આત્મા કર્મનો બંધ કરે છે. અને જ્યારે મુક્તિનું કારણ મળે છે ત્યારે કર્મથી મુક્તિ મેળવે છે. જે કારણથી બંધ થાય છે, તે કારણોને સેવવાના બંધ કરવામાં આવે અને જે કારણથી મુક્તિ મળે છે, તે કારણોનું સેવન કરવામાં આવે તો બંધથી છૂટાય અને મુક્તિ મેળવાય. જે કારણોથી કર્મબંધ થાય છે તે કારણોને આશ્રવ કહ્યાં છે, અને જે કારણોથી કર્મબંધ અટકે છે, તને સંવર કહેલ છે. કર્મબંધ થાય તેવા કારણોથી દૂર રહીએ તો નવો કર્મબંધ થાય નહિ એવી કાળજી રાખી જૂના બાંધેલા કર્મોનો નિકાલ કરીએ અર્થાત્ તેને ખેરવી નાખવાની ક્રિયા કરીએ તેને સંવરપૂર્વકની નિર્જરા કહેવાય છે. નવા કર્મોથી

યુંજનકરણે હો અંતર તુજ પડ્યો રે,
ગુણકરણે કરી ભંગ;
ગ્રંથ ઉક્તે કરી પંડિત જન કહ્યો રે,
અંતરભંગ સુઅંગ. પદ્મપ્રભ૦ ૫

બંધાઈએ નહિ અને જૂના બંધાયેલા બધાંય કર્મોની નિર્જરા થઈ જાય એટલે કર્મમુક્ત થઈ જવાય. નવું ભરવું નહિ અને જૂનું ભરાયેલું ખાલી કરી શૂન્ય થઈ જવું-ખાલી થઈ જવું તે જ પરથી છૂટકારા રૂપ મોક્ષ છે. **આશ્રવ હેય છે એટલે કે ત્યાજ્ય છે અને સંવર ઉપાદેય એટલે કે આદરવા યોગ્ય આચરણીય છે. આ શાસ્ત્રનું રહસ્ય છે. બાકી બધો તેનો જ વિસ્તાર છે.** કર્મબંધ થવાને યોગ્ય કારણોનો સંયોગ થવાથી જીવને કર્મબંધ થાય છે અને કર્મબંધના બંધનથી બંધી બનાય છે. એ જ પ્રમાણે કર્મબંધથી મુક્ત થવાના-છૂટકારાના કારણો આવી મળે છે ત્યારે કર્મથી મુક્ત થવાય છે અર્થાત્ કર્મથી છૂટા પડી જવાય છે. જેનાથી બંધાવાનું થાય છે તેનું નામ આશ્રવ છે અને જેનાથી બંધનમાંથી મુક્ત થવાય છે - છૂટાય છે તેનું નામ નિર્જરા છે અને જેનાથી આશ્રવનિરોધ થાય છે તે સંવર. આશ્રવ હેય એટલે કે ત્યાજ્ય છે અને સંવર ઉપાદેય એટલે કે ગ્રાહ્ય યા આરાધ્ય છે.

યુંજનકરણ એટલે કર્મસંયુક્તતા- કર્મજોડાણ. અંતર એટલે આંતરું-દૂરી-છેટાપણું. ઉક્તે એટલે કહેલું છે. સુઅંગ એટલે કે આંતરું ભાંગવાના સુઅંગ-સારા અંગ અર્થાત્ સારો ઉપાય-ઇલાજ છે. અથવા સુ-અંગ લઈએ તો શ્રુતજ્ઞાનના

તુજ મુજ અંતર અંતર ભાંજસે રે,
વાજસે મંગળ તૂર;
જીવ-સરોવર અતિશય વાધશે રે,
"આનંદઘન" રસપૂર. પદ્મપ્રભ૦ ૬

અંગરૂપ-સુઅ+અંગ છે. અથવા તો સ્વઅંગ-સ્વરૂપપદ-સ્વપદ કર્મસંઘાત-કર્મસંયુક્તતા અર્થાત્ કર્મની સાથેના યુંજનકરણ-જોડાણને લીધે તમારી અને મારી વચ્ચે આ ફાંસલો- અંતર-ભેદ પડી ગયો છે. ગુણકરણે એટલે કે ગુણોની ખિલવણીથી ગુણારોહણ કરીને, કર્મની સાથેના સંઘાત-જોડાણનો વિઘાત-ભંગાણ કરવાથી, મારી તમારી વચ્ચેના પડી ગયેલ અંતરને ભાંગી શકાશે, દૂર કરી શકાશે. શાસ્ત્રો અને આગમગ્રંથોના પ્રમાણથી પંડિત પુરુષો-જ્ઞાની, ગુરુ ભગવંતોએ, આ જ અંતરભંગનો એટલે કે ભેદ દૂર કરી અભેદ થવાનો સારો ઈલાજ-ઉપાય-યુક્તિ છે; એમ કહ્યું-જણાવ્યું છે.

તારા અને મારા વચ્ચે અંતર એટલે કે સ્વરૂપભેદ પડી ગયો છે, તે જ્યારે ભાંજસે એટલે કે ભાંગશે ત્યારે શહનાઈ, દુંદુભિ આદિ માંગલ્યસૂચક વાજિંત્રોના સૂરથી વાતાવરણ ગાજી ઉઠશે. મારા જીવના જીવત્વરૂપી- જલત્વમાં ભરતી આવશે. એ પુલકિત થઈ ઉઠશે. જીવ એના શિવત્વને પામશે અને આનંદ રસથી એ સરોવર છલોછલ થઈ જશે.

# ૭ શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન

(રાગ : સારંગ મલ્હાર લલનાની, શ્રી મહાવીર મનોહરૂં,
ભરતની પાટે ભૂપ, ચાર દિવસના ચાંદરણા)

**શ્રી સુપાસ જિન વંદીએ,**
**સુખ-સંપત્તિનો હેતુ લલના;**
**શાંત સુધારસ જલનિધિ,**
**ભવસાગરમાં સેતુ લલના. શ્રી સુપાસ૦ ૧**

**સાત મહાભય ટાળતો,**
**સપ્તમ જિનવર દેવ લલના;**
**સાવધાન મનસા કરી,**
**ધારો જિનપદ સેવ, લલના. શ્રી-સુપાસ૦ ૨**

**શિવ શંકર જગદીશ્વરુ,**
**ચિદાનંદ ભગવાન, લલના;**

વર્તમાન ચોવીશીના સાતમા તીર્થંકર ભગવંત શ્રી સુપાર્શ્વનાથને વંદના કરીએ છીએ. કારણ કે એ સર્વ પ્રકારના સુખ, સમાધિ, શાતા, સાનુકૂળતા અને વ્યવહારિક તથા આત્મિક-પારમાર્થિક સંપત્તિ એટલે કે ઋદ્ધિની પ્રાપ્તિના હેતુભૂત છે. એ પ્રભુ પોતે તો નવરસોના રસાધિરાજ એવા શાંત-સુધારસના એટલે કે અમૃતરસના જલનિધિ અર્થાત્ સાગર છે. શાંત-સુધારસ સાગર છે, યોગીવર્ય કવિરાજ વહાલભર્યા સંબોધનપૂર્વક કહે છે હે લાલા ! અથવા તો પ્રભુમાં લાલાયિત થયેલ જે લલના સુમતિ! આ સુપાર્શ્વનાથ ભગવાન તો પાછા ભવસાગર એટલે કે સંસારસમુદ્રને પાર કરી શકાય એવા સેતુ એટલે કે પુલ - Bridge જેવા છે.

હે લલના ! હે સુમતિ ! સાત મહાભયને ટાળનારા જિનોમાં વર - ઉત્તમ જિનેશ્વર સાતમા સુપાર્શ્વનાથના ચરણકમલ-જિનપદની સેવના, આરાધના સાવધાન મનસાથી એટલે કે અપ્રમત્ત થઈને ધારો એટલે કે કરો !

હે સુમતિ - હે લલના ! આ સુપાર્શ્વનાથ તો કર્મના ઉપદ્રવને નિવારનારા એવા શિવ છે, સુખના કરનારા એવા

જિન અરિહા તિત્થંકરુ,
જ્યોતિ સ્વરૂપ અસમાન, લલના. શ્રી સુપાસ૦ ૩

અલખ નિરંજન વચ્છલુ,
સકળ જંતુ વિસરામ.. લલના;
અભયદાન દાતા સદા,
પૂરણ આતમરામ, લલના. શ્રીસુપાસ૦ ૪

શં = સમ કર = કરનારા શંકર છે, જગતના સ્વામી એટલે કે ઈશ્વર હોવાથી જગદીશ્વરુ છે, જ્ઞાનાનંદી હોવાથી ચિદાનંદ છે, એશ્વર્યવાન હોવાથી ભગવાન છે, ઈન્દ્રિયોને વશ કરી લીધી છે તેથી જિન છે, રાગ, દ્વેષ, મોહાદિ ભાવકર્મો સહિત કર્મરૂપી શત્રુને હણનારા હોવાથી અરિહા એટલે કે અરિહંત છે, સંસાર-સમુદ્ર તરવા માટે ધર્મતીર્થની સ્થાપના કરનાર હોવાથી તીર્થંકરુ એટલે કે તીર્થંકર છે, ચૈતન્યતાના તેજથી તેજસ્વી હોવાથી જ્યોતિસ્વરૂપ છે અને અન્ય કોઈની સાથે એની તુલા-તુલના-સરખામણી કરી શકાય એમ ન હોવાથી તે અસમાન છે. એટલે કે અજોડ-અસામાન્ય છે.

જેને લખી કે આલેખી-સમજી શકાય નહીં અને જેનું લક્ષ અનાદિથી કર્યું નથી એવા સુપાર્શ્વનાથ ''અલખ'' છે. જે નિઃઅંજન એટલે કે કર્મના લેપથી રહિત નિર્લેપ- ''નિરંજન'' છે, તે સુપાસનાથ છે. સર્વ પ્રાણીઓને માટે વાત્સલ્ય ભાવ છે. સવિ જીવ કરું શાસન રસી ભાવનાથી સર્વજન હિતાય જેનું પ્રવર્તન છે તે સુપાસજિન પાસેથી માતાના જેવું વાત્સલ્ય મળતું હોવાથી એ ''વચ્છલું'' છે. સકળ જંતુ એટલે કે સૃષ્ટિના સઘળાંય જીવોને શરણમાં લઈ સશોકમાંથી અશોક બનાવી, આશ્રયે આવેલાના આશ્રવને ટાળી સંવરમાં

વીતરાગ મદ કલ્પના,
રતિ અરતિ ભય સોગ, લલના;
નિદ્રા તંદ્રા દુરંદશા,
રહિત અબાધિત યોગ લલના. શ્રી સુપાસ૦ ૫

સ્થાપી સક્રિયમાંથી અક્રિય બનાવી સાદિ-અનંત ભાંગે પરમાત્મપદે સ્થાપનાર હોવાથી આ સુપાર્શ્વનાથ ‘વિસરામ’ છે. ભયોને ટાળીને નિર્ભય બનાવી અભયને આપનારા છે તેથી ‘‘અભયદાન દાતા’’ છે. વળી સ્વયં અશરીરી બન્યા હોવાથી એમના થકી કોઈ જીવની ક્યારેય હિંસા થતી નથી તેથી એમના તરફથી કોઈને કશા પ્રકારનો ભય કાયમ માટે નથી. તેથી તેઓશ્રી સદા અભયદાન દાતા છે. તેઓને હવે કાંઈ કરવાપણું, થવાપણું, બનવાપણું રહ્યું નથી એટલે કે કૃતકૃત્યતા છે. માત્ર હોવાપણું છે તેથી તેઓ ‘પૂર્ણ-પૂરણ’ છે. એઓશ્રીને પોતાના પોતાપણામાં-આત્મામાં જ રમવાપણું છે અને આત્મા સિવાય અન્યમાં રમવાપણું નથી તેથી તેઓશ્રી હે લલના ! હે સુમતિ ! ‘આતમરામી’ છે

એ સુપાસપ્રભુ રાગદ્વેષ રહિત વીતરાગ છે. જેમ રવિ અને રજની એક જગ્યાએ ન રહે, તેમ ભગવાન અને મોહશેતાન ક્યારેય એક સંગાથે ન રહે; કારણકે પ્રભુ વીતરાગ છે અને સર્વ પ્રકારના મદ એટલે ગર્વ, કલ્પના એટલે વિચાર-સંકલ્પ-વિકલ્પ, રતિ અરતિ એટલે ગમા-અણગમા અથવા રૂચિ-અરૂચિ, ભય એટલે ડર-બીક, સોગ એટલે શોક-ખેદ, નિદ્રા-તંદ્રા એટલે ઊંઘ-આળસ, દુરંદશા એટલે દુર્દશા-બેહાલી-

**પરમપુરૂષ પરમાતમા,**
**પરમેશ્વર પરધાન, લલના;**
**પરમ પદારથ પરમેષ્ઠી,**
**પરમ દેવ પરમાન, લલના. શ્રી સુપાસ૦ ૬**

**વિધિ વિરંચિ વિશ્વંભરુ,**
**ઋષીકેશ જગનાથ, લલના;**
**અઘહર અઘમોચન ધણી,**
**મુક્તિ પરમપદ સાથ, લલના. શ્રી સુપાસ૦ ૭**

બરબાદીથી રહિત હોવાથી એઓશ્રીના મન-વચન-કાયાના યોગ બાધા રહિત એટલે કે અબાધિત અર્થાત્ પીડા રહિત છે.

હે સુમતિ ! આ સુપાર્શ્વજિન સર્વશ્રેષ્ઠ પુરુષ છે, સર્વશ્રેષ્ઠ આત્મા છે, ઈશ્વરોના પણ ઈશ્વર એવા પરમેશ્વર, સર્વોત્તમ છે. સર્વોત્તમ તત્ત્વ છે, સર્વાધિક ઈચ્છનીય-ઈષ્ટ છે, દેવોના પણ દેવ એવા દેવાધિદેવ-પરમદેવ છે તેથી સર્વોત્કૃષ્ટ માન-પર(પરમ) માનને પાત્ર સ્વયંભૂ સ્વયંસિદ્ધ પ્રમાણભૂત છે. આવા સુપાસજિનને પ્રકૃષ્ટભાવે વંદીએ- સમર્પિત થઇએ!!!

વિધિ એટલે વિધાતા છો. વિરંચિ એટલે બ્રહ્મા છો. વિશ્વંભરુ એટલે કે વિશ્વંભર-વિશ્વનાથ-યોગક્ષેમવાહક-પાલનપોષણ કરનાર પાલક છો. હૃષીકેશ એટલે કે ઋષિક-ઈન્દ્રિયોના ઈશ અર્થાત્ ઈન્દ્રિયજીત-જિન-જિનેન્દ્ર છો. જગનાથ એટલે જગતના નાથ ત્રિભુવનપતિ છો. અઘહર એટલે પાપને હરનારા પાપહર છો. અઘમોચન એટલે પાપથી મુકાવનાર-પાપથી છોડાવનાર છો. ધણી એટલે માલિક-શેઠ-સ્વામી છો. એવા, મુક્તિ મેળવી આપી પરમપદે પહોંચવા સુધી સાથ આપનાર શ્રી સુપાર્શ્વનાથને વંદીએ છીએ.

એમ અનેક અભિધા ધરે,
અનુભવગમ્ય વિચાર, લલના;
જે જાણે તેહને કરે,
“આનંદઘન” અવતાર, લલના. શ્રી સુપાસ૦ ૮

આવી રીતે શ્રી સુપાર્શ્વનાથ તીર્થંકર ભગવંત એકથી અધિક અનેક- ઘણાં ઘણાં, અભિધા એટલે નામ-વિશેષણ અર્થાત્ નામાભિધાનને ધરાવનારા છે, એ બધાં ગુણવાચક નામો છે, જેનો વિચાર એટલે કે અર્થ-ભાવ અનુભવગમ્ય છે. અર્થાત્ એ નામોને એમાં રહેલ ભાવોના અનુભવનથી જ વિચારી-સમજી શકાય એમ છે. જે કોઈ તેહને જાણે છે, સમજે છે અને ચરિતાર્થ કરે છે તે આનંદના નક્કર (ઘન) સમુહ એટલે કે સુખકંદનું પોતાનામાં અવતરણ-અનુભવન કરે છે અને આવા ગુણોથી પૂર્ણ તે વ્યક્તિવિશેષ તે જૈનશાસનમાં ઈશ્વર મનાયેલ છે. એવા ઈશ્વર સ્વરૂપ શ્રી સુપાર્શ્વ જિનને અમારું નિજ સ્વરૂપ પ્રગટાવવાના હેતુથી અમે સમર્પિત થવાપૂર્વક વંદીએ છીએ !!!

# ૮ શ્રી ચંદ્રપ્રભસ્વામી જિન સ્તવન

(રાગ : કેદારો તથા ગોડી, કુમારી રોવે, આક્રંદ કરે,
બેના રે, મેરૂ શિખર, જ્યોત સે જ્યોત)

**દેખણ દે રે, સખી ! મુને દેખણ દે;**
**ચંદ્રપ્રભ મુખચંદ; સખી૦**
**ઉપશમરસનો કંદ, સખી૦**
**ગત કલિ-મલ-દુખદંદ. સખી૦ ૧**

**સુહમ નિગોદે ન દેખીઓ,**
**સખી૦ બાદર અતિહિ વિસેસ; સખી૦**
**પુઢવી આઉ ન લેખિયો, સખી૦**
**તેઉ-વાઉ ન લેસ. સખી૦ ૨**

**વનસ્પતિ અતિ ઘણ દિહા, સખી૦**
**દીઠો નહીં ય દીદાર; સખી૦**

દેખણ દે - દર્શન કરવા દે - જોવા દે ! હે સખી સુમતિ મને જોવા તો દે ચન્દ્રપ્રભુના મુખચન્દ્રને ! ઉપશમરસ-શાંતરસના કંદને-મૂળને હે સખી ! દેખણ દે કે જેમાંથી કલિ અર્થાત્ કિલ જેવી કાળાશ અને ચીકાશ તથા મેલ-મલિનતા તેમજ દ્વંદ્વતાનું-અવઢવનું દુઃખ દૂર થઈ ગયું છે.

સુહમ-સુહુમ નિગોદે- એટલે કે નરી આંખે દેખી ન શકાય તેવી અવ્યવહારરાશિના અવતારમાં, સૂક્ષ્મથી ઘણી વિશેષ એટલે વધુ વિકસિત બાદર નિગોદની વ્યવહારરાશિ જે આંખેથી જોઈ શકાય છે તેવા અવતારોમાં; એથી આગળ પુઢવી-પૃથ્વીકાય, આઉ-અપ્કાય, તેઉકાય-તેજસ્કાય-અગ્નિના એકેન્દ્રિય જીવના અને વાઉ એટલે કે વાયુકાયના એકેન્દ્રિયપણાના અવતારમાં; આ ચંદ્રપ્રભસ્વામીના મુખચંદ્રને મેં દેખીઓ એટલે જોયો પણ નથી અને લેખિયો એટલે જાણ્યો પણ નથી. લેશમાત્ર એટલે કે દેશથી કે અંશથી સ્હેજપણ જોયો કે જાણ્યો નથી.

અતિ દીર્ઘ આયુષ્યકાળવાળી વનસ્પતિકાયની અવસ્થામાં પણ ઝાડપાન થડ મૂળ તરીકે અતિ ઘણા દિહા-

બિ-તિ-ચઉરિંદી જલ લીહા,
સખી૦ ગતસન્નિ પણ ધાર. સખી૦ ૩

સુર તિરી નિરય નિવાસમાં, સખી૦
મનુજ અનારજ સાથ; સખી૦
અપજત્તા પ્રતિભાસમાં, સખી૦
ચતુર ન ચઢીઓ હાથ. સખી૦ ૪

દિવસો પસાર કર્યા. પરંતુ ત્યાં પણ એ વ્યક્ત સ્પર્શેન્દ્રિયના એકેન્દ્રિયપણામાંય પ્રભુ તારા દીદાર-દરિસણ તો નહિ જ થયા. જલ લીહા-પાણીમાં કાઢેલી લીટી, જેટલા અલ્પકાળમાં ભૂંસાઈ જાય તેટલા અલ્પકાળના બેઇન્દ્રિયપણા, તેઇન્દ્રિયપણા, ચઉરેન્દ્રિયપણાને પામ્યો. આગળ વધી ગતસન્નિ એટલે કે અસંજ્ઞી પંચેન્દ્રિયપણાને પણ પામ્યો. આંખ તો મળી પણ સંજ્ઞીપણું એટલે કે મન નહિ મળ્યું, તેથી હું પ્રભુ તને ધારી શક્યો નહિ. અર્થાત્ ઓળખી સમજી શક્યો નહિ.

સુર એટલે દેવ અર્થાત્ દેવતા. એમાં અસુરોનો પણ સમાવેશ થઈ જાય. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકના દેવો; તિરી એટલે તિર્યંચ અર્થાત્ સમૂર્ચ્છિમ જળચર, ગર્ભજ જળચર, ચતુષ્પદ સ્થળચર પ્રાણી, પક્ષી-ખેચર, ઉરપરિસર્પ, ભૂજપરિસર્પ; નિરય એટલે સાતેય નારકીના નારકો; એ બધીય ગતિમાં નિવાસ કરતાં એટલે તે સ્થાનકોમાં રહેતાં હે સખી ! મને પ્રભુ-દર્શન નહિ થયા. અનારજ એટલે અનાર્ય અર્થાત્ આર્ય-ઉત્તમ નહિ એવા હીન-પાપી-હિંસક-સ્વાર્થી વિલાસી મનુજ-મનુષ્યના અવતારમાં પણ અને અનાર્યના તથા અનાર્યતાના સાથ-સંગાથમાં પણ પ્રભુના દર્શન હે સખી ! હું પામ્યો નહિ.

ઈમ અનેક થળ જાણીએ, સખી૦
દરિસણ વિણુ જિનદેવ; સખી૦
આગમથી મત આણીએ, સખી૦
કીજે નિરમળ સેવ. સખી૦ ૫

નિરમળ સાધુ ભગતિ લહી, સખી૦
યોગ-અવંચક હોય; સખી૦
ક્રિયા-અવંચક તિમ સહી, સખી૦
ફળ-અવંચક જોય. સખી૦ ૬

અપજત્તા એટલે અપર્યાપ્તદશામાં અને પ્રતિભાસમાં એટલે કે પર્યાપ્તઅવસ્થામાં પણ વિભાવદશાથી યુક્ત હોવાના કારણે અર્થાત્ ધર્માધર્મના કે હેય-ઉપાદેયના વિવેકના અભાવમાં પણ સખી ! એ ચતુર એટલે કે શુદ્ધ શાણો-કેવળજ્ઞાની ચેતન મારે હાથ ન લાગ્યો. મને એ ચંદ્રપ્રભના દર્શન ક્યારેય ન થયા એના દર્શનનો અપૂર્વ અવસર આજે જ હાથ ચઢ્યો છે તો હે સખી! હવે મને એ દેખણ દે !!! એના દર્શન કરવા દે !!!

ઈમ એટલે કે આ પ્રકારે અનેકાનેક સ્થળે અર્થાત્ ચોરાશી લાખ જીવયોનિમાં,ચૌદે રાજલોકમાં જિનદેવના દરિસણ વિના મેં રખડપટ્ટી જ કરી છે. કયાંય આરોવારો આવ્યો નથી. હવે તો આગમથી એટલે કે શાસ્ત્ર પરિકર્મિત મત એટલે મતિ બનાવીને એ જિનેશ્વરદેવની સેવાથી મતિને નિર્મળ એટલે કે અવિકારી બનાવવાનું હે સખી સુમતિ ! હું વિચારુ છું !

જે સાધુ નિરમળ એટલે નિષ્કપટ; નિરાશંસ ભાવથી મુક્તિના ચાહક, વાહક અને સાધક છે, તેની ભગતિ એટલે કે સેવા- ઉપાસનાને લહી-કરીને જે જોગ-સંયોગ સાંપડ્યો

પ્રેરક અવસર જિનવરૂ, સખી૦
મોહનીય ક્ષય જાય; સખી૦
કામિતપૂરણ સુરતરૂ, સખી૦
“આનંદઘન” પ્રભુ પાય. સખી૦ ૭

છે તેને સાર્થક કરવો તે યોગ અવંચકતા છે. 'તિમ સહી'- એટલે તે જ પ્રમાણે ક્રિયા અવંચકતા અને ફળ અવંચકતા જોય – જાણવા.

જ્યારે અવસર-સમય આવશે ત્યારે જિનવર જ પ્રેરણા કરશે અને એ પ્રેરકના બળથી જ મોહનીયકર્મનો સર્વથા ક્ષય કરી વીતરાગ થવાશે. જે સર્વ કામિત-ઈચ્છાની પૂરણી-પૂર્તિ કરનારા સુરતરૂ એટલે કે દિવ્યવૃક્ષ-કલ્પવૃક્ષ-કલ્પતરૂ જેવા આનંદઘન અર્થાત્ પોતાના જેવા જ પરમાત્મા બનાવનારા આ શ્રી ચન્દ્રપ્રભસ્વામીના ચરણકમલ છે. એવા શ્રી ચન્દ્રપ્રભના મુખચન્દ્રના દર્શન હે સખી સુમતિ! મને ધરાઈ ધરાઈને કરી લેવા દે !!

૯

# શ્રી સુવિધિનાથ જિન સ્તવન

(રાગ : કેદારો, એમ ધન્નો ધણીને પરચાવે, મૈત્રી ભાવનુ, વૈષ્ણવજન તો, રામ સીયારામ જય જય)

**સુવિધિ જિનેસર પાય નમીને,**
**શુભ કરણી એમ કીજે રે;**
**અતિ ઘણો ઊલટ અંગ ધરીને,**
**પ્રહ ઊઠી પૂજીજે રે. સુવિધિ૦ ૧**

**દ્રવ્ય ભાવ શુચિ ભાવ ધરીને,**
**હરખે દેરે જઈએ રે;**
**દહ તિગ પણ અહિગમ સાચવતાં,**
**એકમના ધુરિ થઈએ રે. સુવિધિ૦ ૨**

**કુસુમ અક્ષત વર વાસ સુગંધી,**
**ધૂપ દીપ મન સાખી રે;**

સવારના પહોરમાં વહેલા ઊઠી ઘણા ઘણા ઉત્સાહ-ઉમંગપૂર્વક ઉમળકા સાથે સુવિધિ જિનેશ્વર ભગવંતને નમન વંદન કરવાની શુભ પુણ્ય કરણી કરો !

શુચિ એટલે શુદ્ધિ-પવિત્રતા. દ્રવ્યથી એટલે કે બહારની શરીરની શુદ્ધિ સ્નાનાદિથી કરીને, શુદ્ધ સ્વચ્છ વસ્ત્રાદિ પરિધાન કરીને, શુદ્ધ સુંદર પૂજાદિની દ્રવ્ય સામગ્રી લઈને, પવિત્ર થવા માટેના પવિત્રભાવ ધારણ કરીને હર્ષોલ્લાસપૂર્વક હરખાતા હૈયે દેરે એટલે કે દેહરાસરે-જિનમંદિરે જઈએ. દેહ સરી જનારો-નાશ પામનારો છે એમ જણાવનારી જગ્યા તે જિનમંદિર એટલે કે દેહરાસર છે; એવું અર્થઘટન કરી શકાય.

વર એટલે શ્રેષ્ઠ અને સાખી એટલે સાક્ષી પણ એટલે પાંચ શ્રેષ્ઠ પ્રકારના સુગંધિત ૧) કુસુમ-પુષ્પો, ૨) અક્ષત-ચોખા ૩) વાસક્ષેપ-સુવાસવાળું ચૂર્ણ-ચંદનચૂર્ણ ૪) ધૂપ ૫) દીપ એવી પાંચ પ્રકારની પૂજા મનને હાજર રાખીને અર્થાત્ ભાવપૂર્વક કાયા (અંગ) વડે પ્રભુજીના અંગને સ્પર્શીને કે અંગને અનુલક્ષીને પ્રભુ સન્મુખ કરવાની છે, એમ જે આગમશાસ્ત્રો-સિદ્ધાંતમાં કહેલ છે તે ગુરુમુખે સાંભળ્યું છે. અથવા તો આવી પાંચ પ્રકારની પ્રભુજીની પૂજા જે આગમગ્રંથોમાં કહી

અંગપૂજા પણ ભેદ સુણી ઈમ,
ગુરુમુખ આગમ ભાખી રેઃ સુવિધિ૦ ૩

એહનું ફળ દોય ભેદ સુણીજે,
અનંતર ને પરંપર રે;
આણાપાલણ ચિત્તપ્રસન્ની,
મુગતિ સુગતિ સુરમંદિર રે. સુવિધિ૦ ૪

ફૂલ અક્ષત વર ધૂપ પઈવો,
ગંધ નૈવેધ ફલ જળ ભરી રે;
અંગ-અગ્રપુજા મળી અડવિધ,
ભાવે ભાવિક શુભ ગતિ વરી રે. સુવિધિ૦ ૪

છે, તે ગુરુમુખેથી સાંભળીને તેને ધારણ કરી વિધિપૂર્વક તે કરવી.

અનંતર એટલે તત્કાલ. પરંપર એટલે કાળક્રમે પરંપરાએ આણાપાલન એટલે આજ્ઞાપાલન. મુગતિ એટલે મુક્તિ-મોક્ષ. સુગતિ એટલે સદ્ગતિ. સુરમંદિર એટલે દેવવિમાન-દેવલોક-દેવગતિ. ઉપરોક્ત ગાથાઓમાં કરેલી ક્રિયાનું (એહનું) ફળ બે ભેદે (પ્રકારે) મળે છે એમ જાણવું. પહેલા પ્રકારનું તત્કાલ એટલે તરત જ મળનારું અનંતર-ફળ છે. પૂજનાદિ ક્રિયા કર્યા બાદ કાળક્રમે મળનારું તે બીજા પ્રકારનું પરંપરાએ મળતું પરંપર-ફળ છે. આજ્ઞાપાલન કર્યાનો સંતોષ અને પ્રાપ્ત થતી ચિત્તની પ્રસન્નતા એ તુરત જ મળનારું અનંતર-ફળ છે. દેવગતિ અને પછી મળતી મનુષ્યગતિરૂપ સદ્ગતિની તથા તે મનુષ્યલોકમાં થતાં મોક્ષથી પ્રાપ્ત થતી મુક્તિગતિ એ કાળક્રમે મળતું પરંપર-ફળ છે.

પઈવો એટલે પ્રદીપ-પ્રકાશ-દીપ. ગંધ એટલે સુગંધી પદાર્થ અત્તરાદિથી કરાતું વિલેપન અને કેશર-ચંદનપુજા. નૈવેધ એટલે સુંદર ભોજનથાળ અથવા પકવાન કે મીઠાઈ. અક્ષત એટલે છડેલા ચોખા-તંદુલ. અડવિધ એટલે વિધ વિધ

સત્તરભેદ એકવીસ પ્રકારે,
અઠોત્તર સત ભેદે રે;
ભાવપૂજા બહુવિધ નિરધારી,
દોહગ દુરગતિ છેદે રે. સુવિધિ૦ ૬

તુરિય ભેદ પડિવત્તી પૂજા,
ઉપશમ ખીણ સયોગી રે;
ચઉહા પૂજા ઈમ ઉત્તરઝયણે,
ભાખી કેવળભોગી રે, સુવિધિ૦ ૭

આઠ પ્રકારની અષ્ટપ્રકારી. જળભરેલા કળશ વડે પ્રભુજીની પ્રક્ષાલ પૂજા અર્થાત્ જલાભિષેક, ગંધ એટલે કસ્તુરી, બરાસ, કેશર, ચંદનાદિથી કરાતી બરાસ કેશરપૂજા, ફૂલ એટલે પુષ્પ પૂજા એવી ત્રણ પ્રકારની અંગપૂજા અને પછી પ્રભુ સન્મુખ રહી કરવામાં આવતી ધૂપ, દીપ, અક્ષત, ફલ, નૈવેદ્ય પૂજા જે પાંચ પ્રકારની અગ્રપૂજા છે તે; એમ આઠ પ્રકારની એવી, અષ્ટપ્રકારી પૂજા ભાવપૂર્વક કરનાર ભાવિક-ભક્ત શુભ ગતિ એટલે કે સદ્ગતિને વરે (પામે) છે.

સત્તર (૧૭) ભેદથી, એકવીસ (૨૧ ) પ્રકારે, એકસો આઠ (૧૦૮) પ્રકારે દ્રવ્યપૂજા કરવાની વિધિ શાસ્ત્રમાં બતાવી છે. ભાવપૂજા તો ઘણા ઘણા પ્રકારની બહુવિધ નિરધારી એટલે કે કહી છે. આવી પ્રભુપૂજા કરનારના દોહગ એટલે દુર્ભાગ્ય અને દુર્ગતિ છેદાય છે.

તુરિય એટલે ચોથો. ભેદ એટલે પ્રકાર. પડિવત્તી એટલે. પ્રતિપત્તિ. ઉપશમ એટલે ઉપશાંતમોહ વીતરાગતા નામનું અગિયારમું ગુણસ્થાનક. ખીણ એટલે ક્ષીણમોહ વીતરાગતા નામનું બારમું ગુણસ્થાનક. સયોગી એટલે સયોગી કેવળી નામનું તેરમું ગુણસ્થાનક. ચઉહા એટલે ચાર પ્રકારની.

ઈમ પૂજા બહુ ભેદ સુણીને,
સુખદાયક શુભ કરણી રે;
ભવિક જીવ કરશે તે લેશે,
"આનંદઘન" પદ ધરણી રે. સુવિધિ૦ ૮

ઉત્તરજ્ઝયણે એટલે ઉત્તરાધ્યયન સૂત્રમાં. ભાખી એટલે કહી છે. કેવળભોગી એટલે કેવળજ્ઞાની ભગવંત. ચોથો પ્રકાર પ્રતિપત્તિ પૂજાનો છે. પ્રભુજીની આ સ્વયં પ્રભુ બનવારૂપ પૂજા અગિયારમાં ઉપશાંતકષાય-વીતરાગ-છદ્મસ્થ ગુણઠાણે. બારમા ક્ષીણકષાય વીતરાગ-છદ્મસ્થ ગુણઠાણે અને તેરમા સયોગી કેવળી ગુણઠાણે થતી હોય છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં કેવળજ્ઞાની ભગવંતોએ ચાર પ્રકારની પ્રભુપૂજા કહી છે.

આમ ઉપરોક્ત પૂજાના બહુવિધ પ્રકારોને સાંભળીને તે સુખદાયક પૂજા કરવાની શુભ કરણી જે ભવિક એટલે ભવ્યાત્મા-ભવિજીવ કરશે, તે ''આનંદઘન'' એટલે કે પરમપદે બિરાજમાન પરમાત્માઓનો સમુહ જ્યાં છે તેવી ધરણી સિદ્ધશિલા-ઇષત્પ્રાગ્ભારા ઉપર સ્થાન પામશે. અર્થાત્ લોકાગ્ર શિખરે આરૂઢ થશે.

# ૧૦ શ્રી શીતલનાથ જિન સ્તવન

(રાગ : ધન્યશ્રી ગોડી, ગુણહ વિશાલા માંગલિકમાલા, આજ મારા પ્રભુજી, વીર જિણંદ, મૈત્રી ભાવનું પવિત્ર)

**શીતલ જિનપતિ લલિત ત્રિભંગી,**
**વિવિધ ભંગી મન મોહે રે;**
**કરુણા કોમળતા તીક્ષણતા,**
**ઉદાસીનતા સોહે રે, શીતળ૦ ૧**

**સર્વ જંતુ હિતકરણી કરુણા,**
**કર્મવિદારણ તીક્ષણ રે;**
**હાનાદાનરહિત પરિણામી,**
**ઉદાસીનતા વીક્ષણ રે. શીતલ૦ ૨**

**પરદુઃખછેદન ઈચ્છા કરુણા,**
**તીક્ષણ પરદુઃખ રીઝે રે;**
**ઉદાસીનતા ઉભય વિલક્ષણ,**
**એક ઠામે કેમ સીઝે રે. શીતલ૦ ૩**

શ્રી શીતલનાથ જિનેશ્વર તીર્થંકર ભગવંતને લાગુ પડતી તેમજ તેઓશ્રીએ ઉપદેશેલી જુદા-જુદા ભાંગાઓવાળી સુંદર ત્રિભંગી મનને આકર્ષિત કરનારી આશ્ચર્યકારી છે. કરુણાયુક્ત કોમળતા, તીક્ષણતા અને ઉદાસીનતા એવી પરસ્પર વિરુદ્ધ ત્રણ ગુણવાળી ત્રિભંગીથી યુક્ત દશમા શીતલનાથ પ્રભુજી શોભાયમાન છે.

'સવિ જીવ કરું શાસન રસી'ની ભાવનાથી ભાવિત, સર્વ જીવોના આત્મહિતથી કરુણાભીનું કોમળ હૃદય, સર્વ કર્મોને સર્વથા હણી નાખનારી તીક્ષણતા, અનિષ્ટ (પ્રતિકૂળતા) નો ત્યાગ અને ઇષ્ટ (સાનુકૂળતા)નો ગ્રહણના પરિણામ-ભાવથી પર એવી ઉદાસીનતા-નિર્લેપતારૂપ ત્રિભંગીને વિલોકવી-દેખવી જોઈએ.

પરદુઃખભંજનની ભાવનારૂપ કરણા, બીજા દ્વારા પોતાના પર થતાં દુઃખ જોઈને થતો રાજીપો અને ઉભય વિલક્ષણતા એટલે કે વિરુદ્ધતાની, વિચિત્રતાની ઉપર પાછી ઉદાસીનતા;. એ બધું એક ઠામે એટલે એક જ જગાએ, એક જ વ્યક્તિમાં એક સમયે, એક સાથે કઈ રીતે સીઝે એટલે કે સંભવે ?

અભયદાન તિમ લક્ષણ કરુણા,
તીક્ષણતા ગુણ ભાવે રે;
પ્રેરણ વિણ કૃતિ ઉદાસીનતા,
ઈમ વિરોધ મતિ નાવે રે. શીતલ૦ ૪

શક્તિ વ્યક્તિ ત્રિભુવન પ્રભુતા,
નિર્ગ્રંથતા સંયોગે રે;
યોગી ભોગી વક્તા મૌની,
અનુપયોગી ઉપયોગે રે. શીતળ૦ ૫

ઈત્યાદિક બહુ ભંગ ત્રિભંગી,
ચમત્કાર ચિત્ત દેતી રે;
અચરિજકારી ચિત્ર-વિચિત્રા,
''આનંદઘન'' પદ લેતી રે. શીતળ૦ ૬

અભયદાન એટલે કે જીવોને તેમના જીવિતનું દાન દેવું, પોતા તરફથી નિર્ભય બની રહે અને કોઈથી ભય પામે નહિ એવા નિર્ભયતા ગુણનું દાન આપવું તે કરુણાનું લક્ષણ છે. પોતાના ગુણ અને ભાવમાં વર્તતી તીવ્રતા એ તીક્ષણતા છે. સંકલ્પ-વિકલ્પ વિના નિર્વિકલ્પભાવે થતી કાર્યાન્વિતતા એ ઉદાસીનતા છે. એમ વિચારતા વિરોધબુદ્ધિ (નાવે) નહિ આવે.

શક્તિ એટલે કે ક્ષમતા-સામર્થ્ય, વ્યક્તિ એટલે કે અભિવ્યક્તિ-આવિર્ભાવ અને ત્રિભુવન એટલે કે સ્વર્ગ-મર્ત્ય-પાતાળ લોક અર્થાત્ અધોલોક-તીર્ચ્છાલોક-ઉર્ધ્વલોક ત્રણેય ભુવન ઉપરની પ્રભુતા એટલે કે સત્તા; તથા રાગ-દ્વેષ ન હોવારૂપ નિર્ગ્રંથતા એ ત્રણેનો એક સાથે એક સ્થાને સંયોગ કેમ સંભવે ? મન-વચન-કાયાના યોગને સાધનાર યોગી, ભોગી કેવી રીતે હોઈ શકે ? ઉપયોગ વગરનો અનુપયોગી ઉપયોગમાં કેમ કોઈ શકે કે ઉપયોગી કેવી રીતે હોઈ શકે ?

ગાથા પાંચમાં જણાવ્યા ઉપરાંતની પણ એવી બહુ બહુ પ્રકારની ત્રિભંગીઓ છે કે જે ચિત્ત ચમત્કાર કરી આશ્ચર્યમાં ગરકાવ કરી દેનારી ચિત્ર-વિચિત્ર-ભાતીગળ, વિસ્મયકારી છે. એ ત્રિભંગીની સમજથી પ્રાપ્ત થતી સ્યાદ્વાદદષ્ટિ-અનેકાન્તદષ્ટિ આનંદઘન એટલે પરમપદ-મોક્ષને લેનારી-મેળવનારી થાય છે.

## ૧૧ શ્રી શ્રેયાંસનાથ જિન સ્તવન

(રાગ : ગોડી, અહો મતવાલે સાજના, ગિરૂઆરે,
પ્રેમ ભરેલુ હૈયુ લઈને, એક પંખી)

**શ્રી શ્રેયાંસ જિન અંતરજામી,**
**આતમરામી નામી રે;**
**અધ્યાતમપદ પૂરણ પામી,**
**સહજ મુગતિ ગતિ ગામી રે. શ્રી શ્રેયાંસ૦ ૧**

**સયલ સંસારી ઈન્દ્રિયરામી,**
**મુનિ ગણ આતમરામી રે;**
**મુખ્યપણે જે આતમરામી,**
**તે કેવળ નિષ્કામી રે. શ્રી શ્રેયાંસ૦ ૨**

**નિજસ્વરૂપ જે કિરિયા સાધે,**
**તેહ અધ્યાતમ લહિયે રે;**

હે શ્રી શ્રેયાંસનાથ જિનેશ્વર ! આપ અમારા અંતરના ભાવોને જાણનારા અંતર્યામી છો, આત્મામાં રમમાણ રહેનાર આતમ મસ્ત આતમરામી છો અને જગતમાં તીર્થંકર જિનેશ્વર દેવ તરીકે પ્રસિદ્ધ એવા નામી છો ! આપ પૂર્ણપણે અધ્યાત્મ મતને પ્રાપ્ત કરીને અધ્યાત્મપદ એવા અરિહંતપદે બિરાજમાન થઈ, સહજપણે મુક્તિગતિના ગામી થઈ મુક્તિપદે-સિદ્ધપદે બિરાજમાન થયા છો !

સંસારના સુખને માનનારા, સંસારી ભાવવાળા સયલ એટલે સર્વ સંસારીઓ ઈન્દ્રિયોને વશ પડીને ઈન્દ્રિયોના વિષયમાં રાચનારા ને રમનારા ઈન્દ્રિયરામી છે. જ્યારે મુનિગણ એટલે કે મુનિઓનો સમુહ આત્મામાં રમમાણ હોવાથી આતમરામી છે. મુખ્યપણે એટલે કે પ્રધાનતાએ આતમરામી છે તેનું મુખ્ય લક્ષણ એ છે કે, ઈન્દ્રિયોના વિષયો પ્રત્યે લેશ માત્ર આસક્ત નહિ થતાં હોવાથી નિતાંત નિષ્કામી હોય છે. માટે જ મુનિઓને ત્રિકાળ અવિષયી અને તત્ત્વરમણી કહ્યા છે.

જે ક્રિયાથી નિજસ્વરૂપ એટલે કે આત્મના પરમાત્મસ્વરૂપને સાધી શકાય-મેળવી શકાય તેને અધ્યાત્મ

જે કિરિયા કરી ચઉગતિ સાધે,
તે ન અધ્યાતમ કહિયે રે. શ્રી શ્રેયાંસ૦ ૩

નામ અધ્યાતમ ઠવણ અધ્યાત્મ,
દ્રવ્ય અધ્યાતમ છંડો રે;
ભાવ અધ્યાતમ નિજ ગુણ સાધે,
તો તેહશું રઢ મંડો રે. શ્રી શ્રેયાંસ૦ ૪

શબ્દ અધ્યાતમ અર્થ સૂણીને,
નિર્વિકલ્પ આદરજો રે;
શબ્દ અધ્યાતમ ભજના જાણી,
હાન ગ્રહણ મતિ ધરજો રે. શ્રી શ્રેયાંસ૦ ૫

લેખી શકાય. બાકી જે ક્રિયા કરવાથી ચાર ગતિનું ભવભ્રમણ જ સધાતું હોય તેવી ક્રિયાને અધ્યાત્મ કહી શકાય નહિ.

જે નામ માત્રથી એટલે કે શબ્દોચ્ચારથી જ અધ્યાત્મ છે, તે નામ અધ્યાતમ છે. જે અસલ જીવંત નથી પણ નકલરૂપ અધ્યાત્મ છે તે ઠવણ અધ્યાતમ છે. જેમાં માત્ર ડોળ, દંભ ને દેખાડો જ છે પણ પરિણમન નથી, તે દ્રવ્ય અધ્યાતમ છે. આવા પ્રકારનાં નામમાત્રના નકલી દંભી અધ્યાત્મને છંડો એટલે કે છોડી દો. જેનાથી પોતાના ગુણ-આત્મગુણ-સ્વભાવ સધાય એટલે કે પ્રગટ થાય, તેવા ભાવ અધ્યાતમની રઢ(રટ) લગાવો.

અધ્યાતમ શબ્દ એટલે અધ્યાત્મના વચનો સાંભળી, તે શબ્દના અર્થ એટલે કે મર્મને સાંભળીને, સમજીને, એમાં આધ્યાત્મિક-ભાવ જણાય, તો બીજો વિચાર કર્યા વિના, નિર્વિકલ્પ થઈ અવઢવ રાખ્યા વિના નિર્વિકલ્પ-દશાની પ્રાપ્તિ માટે એને આદરજો એટલે કે આરાધના કરજો. અધ્યાતમ શબ્દ હોય ત્યાં આધ્યાત્મિકભાવ હોઇ પણ શકે અને ન પણ હોય એવું બને;માટે તે ગ્રહણ યોગ્ય-ઉપાદેય છે કે હાન-ત્યાજ્ય-હેય છે તેનો બુદ્ધિપૂર્વક નિર્ણય કરવો.

અધ્યાતમ જે વસ્તુ વિચારી,
બીજા જાણ લબાસી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે,
"આનંદઘન" મત વાસી રે. શ્રી શ્રેયાંસ૦ ૬

વસ્તુને એટલે કે તત્ત્વને તત્ત્વરૂપે વિચારીને સદ્દહનારા અને આદરનારા અધ્યાત્મી છે. બીજાને લબાસી એટલે કે લેબાસી વેષધારી કે લબાડ યા લેભાગુ ગરબડિયા જાણવા. જે વસ્તુ તત્ત્વને વસ્તુસ્વરૂપે યથાર્થ પ્રકાશનારા શુદ્ધ પ્રરૂપક છે, તે જ આનંદઘન ના મતે આનંદઘન સ્વરૂપ મુક્તિધામના વાસી થનારા અને મુક્તીગામી બનાવનારા છે.

## ૧૨ શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન

(રાગ : ગોડી તથા પરજીઓ, તુંગીઆ ગિરિશિખર સોહે, આજનો ચાંદલીયો, ફૂલ તુમ્હે ભેજા હૈ)

**વાસુપૂજ્ય જિન ત્રિભુવનસ્વામી,**
**ઘનનામી પરનામી રે;**
**નિરાકાર સાકાર સચેતન,**
**કરમ કરમ ફળ કામી રે. વાસુપૂજ્ય૦ ૧**

**નિરાકાર અભેદ સંગ્રાહક,**
**ભેદગ્રાહક સાકારો રે;**
**દર્શન જ્ઞાન દુભેદ ચેતના,**
**વસ્તુ ગ્રહણ વ્યાપારો રે. વાસુપૂજ્ય૦ ૨**

પરનામી એટલે શ્રેષ્ઠ નામી છે અને પર એટલે પરભાવ અથવા પરપરિણામને નમાવનારા છે. અથવા પરિણામી છે. ઘનનામી-ઘણનામી એટલે ઘણા નામવાળા કે ઘણા નામથી નામી-વિખ્યાત. વાસુપૃજ્ય જિન, ત્રણ ભુવનના સ્વામી ઘણા ઘણા નામથી ઓળખાતાં, વિશ્વવિખ્યાત એવા, પરભાવ અથવા પરપરિણામને નમાવીને પરમ પારિણામિકભાવથી યુક્ત સ્વભાવી છે. જે ચેતના સહિત, સચેતન છે તે ત્રણ પ્રકારે છે. એક જે નિરાકાર સચેતન છે, તે સિદ્ધપદે બિરાજમાન, અદેહી, સિદ્ધાત્મા છે. બીજા જે સાકાર સચેતન છે, પણ કર્તૃત્વ ભોક્તૃત્વથી રહિત માત્ર જ્ઞાતા-દ્દષ્ટા છે એવા જિન, કેવળી, સદેહી એવા અરિહંત-પદે બિરાજમાન અરિહન્ત પરમાત્મા અને સામાન્ય કેવળી, સદેહી અરિહંતો તથ ત્રીજા સશરીરી જે કર્મ કરનારા અને કર્મના ફળના કામી એટલે કે ઇચ્છુક, કર્તુત્વ-ભોક્તૃત્વ થી યુક્ત સંસારી જીવાત્માઓ છે.

વસ્તુને ગ્રહણ કરવાનો વ્યાપાર એટલે કે વસ્તુની જાણકારી-ઓળખ કરવાની પ્રવૃત્તિ જે કરે છે, તે ચેતનની ચેતના છે. એ ચેતનાના બે ભેદ છે એક દર્શન અને બીજું જ્ઞાન. દર્શનનો વપરાશ કરીને જે વ્યાપાર કરવામાં આવે છે; તે દર્શનોપયોગ કહેવાય છે. એ વસ્તુના સામાન્યધર્મને ગ્રહણ કરે છે. એ અભેદ ગ્રાહક, સર્વ સંગ્રાહક હોવાથી તે દર્શનોપયોગ નિરાકાર, અભેદ-સંગ્રાહક કહેવાય છે. જ્ઞાનનો

કર્તા પરિણામી પરિણામો,
કર્મ જે જીવે કરિયે રે;
એક અનેક રૂપ નયવાદે,
નિયતે નર અનુસરીએ રે. વાસુપૂજ્ય૦ ૩

દુઃખ-સુખરૂપ કરમ ફળ જાણો,
નિશ્ચય એક આનંદો રે;
ચેતનતા પરિણામ ન ચૂકે,
ચેતન કહે જિનચંદો રે. વાસુપુજ્ય૦ ૪

વપરાશ કરીને જે વ્યાપાર કરવામાં આવે છે, તે જ્ઞાનોપયોગ કહેવાય છે. એ વસ્તુના વિશેષધર્મને ગ્રહણ કરે છે અને વસ્તુનો અન્ય વસ્તુથી ભેદ પાડે છે. વસ્તુનો વસ્તુવિશેષ તરીકે ભેદ કરીને ગ્રહણ કરનારો હોવાથી જ્ઞાનોપયોગ ભેદગ્રાહક, સાકાર કહેવાય છે.

કર્તા-કરનાર. પરિણામી-પરિણામને પામનાર પરિણમનશીલ. પરિણામો-ભાવ. કર્મ-કરવામાં આવેલું કાર્ય-ક્રિયા. નયવાદે-નયાનુસાર-દષ્ટિકોણ પ્રમાણે-View Points. નિયતે- નિશ્ચિતપણે-નિશ્ચયનયાનુસારે નર-પુરુષ-આત્મા. અનુસરીએ- સમજીએ-જાણીએ-અનુસરણ કરીએ. કર્તાપણાના પરિણામ-ભાવથી પરિણમીને એટલે કે ભાવિત થઈને. જીવ જે ક્રિયા કરે છે તે કર્મ એટલે કે કાર્ય છે. એના કારણે એક-અદ્વૈત એવો નર-આત્મા નયાનુસારે અનેકરૂપે ભાસ્યમાન થાય છે. જુદા જુદા દષ્ટિકોણથી જુદા જુદા નય પ્રમાણે આત્માનું સ્વરૂપ જાણીને દ્વૈતમાંથી બહાર નીકળી અદ્વૈત એવા આત્માના નિયત નૈશ્ચયિક પરમાત્મસ્વરૂપનું અનુસરન-અનુકરણ કરીએ.

દુઃખ અને સુખ એ તો કર્તાભાવે કરાયેલ; કરણીના વ્યવહારથી બંધાયેલ, કર્મના ફળરૂપે વ્યવહારનયે જાણવા. બાકી નિશ્ચયનયથી તો આત્મા એકરૂપ, એકવિધ માત્ર આનંદ સ્વરૂપ જ છે. જિનોમાં ચંદ્ર સમાન જિનચંદ્ર એવા

પરિણામી ચેતન પરિણામો,
જ્ઞાન કરમફળ ભાવી રે;
જ્ઞાન કરમફળ ચેતન કહીએ,
લેજો તેહ મનાવી રે. વાસુપૂજ્ય૦ ૫

આતમજ્ઞાની શ્રમણ કહાવે,
બીજા તો દ્રવ્યલિંગી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે,
"આનંદઘન" મત સંગી રે. વાસુપૂજ્ય૦ ૬

જિનેશ્વર તીર્થંકર ભગવંત કે જે શુદ્ધ ચેતનસ્વરૂપ બન્યા છે તે આપણને કહે છે કે સુખ હોય કે દુઃખ અથવા આનંદ હોય એવી કોઈ પણ અવસ્થામાં ચેતન, ચેતન જ રહે છે એટલે કે ચેતન એની ચેતનાથી છૂટો પડતો નથી.

પરિણમનશીલ એવો ચેતન એની ચેતના (પરિણતિ-ચિત્તક્રિયા) જેવી હોય, તેવા પરિણામોને એટલે કે ફળને ભવિષ્યમાં પામે છે, જ્ઞાનચેતનાના પરિણામે, ચેતન ભાવિમાં જ્ઞાનમય બને છે અને કર્મચેતનાના પરિણામે, કર્મમય કર્તા બને છે જ્યારે, કર્મફળ ચેતનાના પરિણામે કર્મફળ ભોક્તા બને છે. જ્ઞાનચેતના-જ્ઞાનક્રિયા-જ્ઞાનકર્મનું ‘ફળ જ ચેતન એટલે કે શુદ્ધચૈતન્ય એવા પરમાત્મસ્વરૂપનું પ્રાગટય. આ સમજી લેજો અને સમજીને તે માટે ચેતનાની દિશા, તે તરફ વાળી લેવા એને મનાવી લેજો-સમજાવી દેજો !

આત્માના જાણકાર આત્મજ્ઞાની હોય, તેને શ્રમણ એટલે કે મુનિ કહેવાય. એના સિવાયના બીજા દ્રવ્યથી સાધુ હોય તેઓને દ્રવ્યલિંગી સમજવા. જે વસ્તુ-જે તત્ત્વ જેવું હોય તેવું, તેનું પ્રકાશન કરે તે આનંદઘન એટલે કે આત્માના મતનો સંગ કરનાર અધ્યાત્મી-આત્માર્થી છે. અથવા તો સ્તવન રચયિતા આનંદઘનજીના મતના સંગાથી છે.

## ૧૩ શ્રી વિમલનાથ જિન સ્તવન

(રાગ : ઈડર આંબા આંબલી રે ઈડમ દાડિમ દ્રાક્ષ,
પહેલે ભવે એક ગામનો રે, પુક્ખલવઈ વિજયે)

**દુઃખ-દોહગ દૂરે ટળ્યાં રે, સુખ-સંપદ શું ભેટ;**
**ધીંગ ધણી માથે કિયો રે, કુણ ગંજે નરખેટ.**
**વિમલજિન, દીઠાં લોયણ આજ,**
**મારાં સીધાં વાંછિત કાજ. વિમલ૦ ૧**

**ચરણકમલ કમળા વસે રે,**
**નિર્મળ થિર પદ દેખ;**
**સમળ અથિર પદ પરિહરે રે,**
**પંકજ પામર પેખ. વિમલ૦ ૨**

**મુજ મન તુજ પદ પંકજે રે,**
**લીનો ગુણમકરંદ;**
**રંક ગણે મંદર-ધરા રે,**
**ઈંદ્ર ચંદ્ર નાગેંદ્ર. વિમલ૦ ૩**

આજે મને, તેરમા વિમલ જિનના, વિમલ એટલે કે અવિકારી નિર્મળ નયનના દર્શન થયા અને મારા બધાં વાંછિત કાર્યો સિદ્ધ થયા. દુઃખ અને દુઃખને લાવનાર દુર્ભાગ્ય-કમનસીબી દૂર થયાં અને સુખ તથા સુખને લાવનારી આત્મ સંપદા-આત્મગુણનો મેળાપ થયો-ભેટો થયો. આવો સમર્થ, સર્વશક્તિમાન ધીંગો, જેનો ધણી-માલિક-રાખણહાર-રક્ષણ કરનાર હોય, તે કેમ કોઈથી, એરા ગેરા મામુલી માણસથી ગાંજ્યો જાય? જેના માથે સર્વશક્તિમાન ધણી હોય તે કોઈથી અંજાઈ પણ ન જાય અને કોઈથી ડરે પણ નહિ.

કમળમાં વસનારી કમલા લક્ષ્મી, પ્રભુના દર્શન કર્યા પછી અને પ્રભુની પ્રભુતાને જાણ્યા પછી, કાદવમાંથી નિપજનાર મેલુ, કરમાઈ જનાર અસ્થિર-નિશ્ચર-પામર એવા કમળનો ત્યાગ કરી દે છે અને પ્રભુના ચરણકમળમાં જઈને વાસ કરે છે, જે મેલ રહિત નિર્મળ સ્થિર છે.

હે ભગવન્ ! આપના ચરણકમલ ગુણરૂપી પુષ્પપરાગ-મકરંદથી મઘમઘાયમાન એવા ચરણકમલમાં મારો મનરૂપી ભ્રમર, એવો તો લીન થઇ ગયો છે, કે જેથી મેરૂપર્વતની સુવર્ણમય ભૂમિ, ઈન્દ્ર અને ઈન્દ્રલોક, ચન્દ્ર અને ચન્દ્રલોક તથાં નાગેન્દ્ર અને નાગલોકનું ઐશ્વર્ય પણ તેને તુચ્છ-હીન લાગે છે.

સાહેબ ! સમરથ તું ધણી રે,
પામ્યો પરમ ઉદાર;
મન વિસરામી વાલહો રે,
આતમચો આધાર. વિમલ૦ ૪

દરિસણ છીઠે જિનતણું રે,
સંશય ન રહે વેધ;
દિનકર કરભર પસરંતા રે,
અંધકાર પ્રતિષેધ. વિમલ૦ ૫

અમિય ભરી મૂરતિ રચી રે,
ઉપમા ન ઘટે કોય;
શાંત સુધારસ ઝીલતી રે,
નિરખત તૃપતિ ન હોય. વિમલ૦ ૬

હે સાહેબ ! હે વિમલજિન ! આપ મુજ સેવકના એવા ધણી - માલિક છો કે, જે સર્વશક્તિમાન તો છો જ, પણ પાછા પરમ ઉદાર, મનને વિસરામ પહોંચાડનારા, વહાલ કરનારા અને વહાલા લાગનારા છો, જે ખરેખર તો, મારા આત્માના જ આધારરૂપ, આત્માને આલંબનરૂપ છે.

જિનેશ્વર ભગવંતના દર્શન થતાં આત્મા સંબંધી કોઇ સંશય વેધાયા-વીંધાયા-છેદાયા વિના રહેતો નથી. સુર્યના કિરણોનો સમુહ પસરતાં જ અંધકાર અવરોધાય છે, અર્થાત્ નાશ પામે છે.

હે વિમલ જિન ! આપની મૂર્તિ-પ્રતિમા તો જાણે, અમૃતમાંથી રચવામાં-કંડારવામાં આવી હોય તેવી, અમૃતપિંડ-સુખકંદ-આનંદઘન સ્વરૂપ દીસે છે. એ એવી તો અલૌકિક છે કે એની સાથે  સરખામણી કરી શકાય, એવું આ વિશ્વમાં, કોઈ દેખાતું નથી. એને કોઈનીય ઉપમા આપવી ઘટે તેમ નથી. વળી એ પ્રતિમાની દષ્ટિમાંથી જાણે અમૃતરસ ઝરતો હોય તેવી અમીભરી દષ્ટિથી યુક્ત છે. એને જોતાં જ રહીએ - જોતાં જ રહીએ બસ જોતાં જ રહીએ અને છતાં ધરવ-તોષ ન થાય એવી આપની જિનમુદ્રા છે.

એક અરજ સેવકતણી રે,
અવધારો જિનદેવ;
કૃપા કરી મુજ દીજિયે રે,
''આનંદઘન'' પદ સેવ. વિમલજિન૦ ૭

હે જિનોના દેવ, જિનેશ્વર તીર્થંકર ભગવંત ! આ આપના સેવકની, આટલી એક નાનકડી સેવા, અવધારો- સ્વીકારો અને દયા કરી મને આનંદઘન-આનંદપિંડ સ્વરૂપ આપ પરમાત્માની પદ સેવા-ચરણકમલની સેવના આપો !

## ૧૪ શ્રી અનંતનાથ જિન સ્તવન

(રાગ : રામગિરિ, કડખાની દેશી, વિમલ કુલકમલના હંસ તું જીવડા, ઋષભ જિનરાજ મુજ, સાંભળો કળશ)

**ધાર તલવારની સોહલી દોહલી,**
**ચઉદમા જિનતણી ચરણસેવા;**
**ધાર પર નાચતા દેખ બાજીગરા,**
**સેવના ધાર પર રહે ન દેવા. ધાર૦ ૧**

**એક કહે સેવિયે વિવિધ કિરિયા કરી,**
**ફળ અનેકાંત લોચન ન દેખે;**
**ફળ અનેકાંત કિરિયા કરી બાપડા,**
**રડવડે ચાર ગતિમાંહે લેખે. ધાર૦ ૨**

**ગરછના ભેદ બહુ નયણ નિહાળતાં,**
**તત્ત્વની વાત કરતાં ન લાજે;**

તલવારની ધારપર ચાલવું હજુય શક્ય છે-સહેલું છે. પરંતુ ચૌદમા શ્રીઅનંતનાથ ભગવાનની સેવા, દોહ્યલી- દુષ્કર છે. તલવારની ધાર ઉપર નાચતાં, બાજીગર-બજાણિયા-સરકસના ખેલાડીઓ તો, હજુ આજે પણ, જોવા જાણવામાં આવે છે. પરંતુ પરમાત્માના 'ચરણકમલની સેવના, એવી તો દુષ્કર છે, કે શક્તિશાળી અને પુણ્યશાળી દેવો પણ, એમાં ટકી શકતાં નથી અર્થાત્ એ સેવનાનું આરાધન-આચરણ કરી શકતાં નથી.

કોઈ એક એમ કહે છે કે ક્રિયાના પાલન માત્રથી, ક્રિયા કરતાં કરતાં તરી જવાશે. પરંતુ એ ક્રિયાવાદીઓની નજરે ક્રિયાના પ્રતાપે મળતાં અનેક અંત દેખાતાં નથી. અનેક અંત એટલે કે અનેક જનમ મરણના ફળને આપનારી ક્રિયાઓ કરીને, એ બિચારા ચાર ગતિમાં રડવડશે, તેને તો તેઓ ગણતરીમાં (લેખામાં) લેતા જ નથી.

વર્તમાનમાં અધ્યાત્મક્ષેત્રે નજર નાખતા ગચ્છ અને સંપ્રદાયના અનેકાનેક ભેદ નિહાળવામાં આવે છે. પોતાના પદ, પ્રતિષ્ઠાદિનું, પેટ ભરવાનું આદિ કામ કાઢી લેવા માટે, પાછા તત્ત્વની વાત કરતાં, જરાય શરમ-સંકોચ અનુભવતાં

ઉદરભરણાદિ નિજ કાજ કરતાં થકાં,
મોહ નડિયા કલિકાલ રાજે. ધાર૦ ૩

વચનનિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો,
વચનસાપેક્ષ વ્યવહાર સાચો;
વચનનિરપેક્ષ વ્યવહાર સંસારફળ,
સાંભળી આદરી કાંઈ રાચો. ધાર૦ ૪

દેવ-ગુરુ-ધર્મની શુદ્ધિ કહો કેમ રહે,
કેમ રહે શુદ્ધ શ્રદ્ધા ન આણો;
શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ કિરિયા કરે,
છાર પર લીંપણું તેહ જાણો. ધાર૦ ૫

નથી. એ બધાંયને પોત-પોતાના મતના મમત-મોહ નડી રહ્યાં છે ને પાછા નિર્મોહી-વીતરાગીની વીતરાગવાણીની વાતો કરીને રાજ કરી રહ્યાં છે.

અપેક્ષા રહિતના, એકાંતિક વચનનો, વ્યવહાર-વચનપ્રયોગ જૂઠો ગણાવ્યો છે. અપેક્ષા સહિતના અનેકાન્તિક વચનવ્યવહાર – વચનપ્રયોગ સાચો જણાવ્યો છે. નિરપેક્ષ વચનપ્રયોગ એકાંતિક હોવાથી, તેવા વચનવ્યવહારમાં સંસાર વૃદ્ધિ અર્થાત્ ભવભ્રમણનું ફળ મળે છે. એવા વચનો સાંભળીને અને આદરી-આરાધીને શા માટે-રાજી થાઓ છો ? એ તો હાનિકારક છે. જ્યારે સાપેક્ષ.. વચનપ્રયોગ, અનેકાન્તિક હોવાથી, તે વચનવ્યવહારથી ભવનિસ્તાર થતો હોવાથી તે આદરણીય, આરાધનીય અને પ્રશંસનીય છે.

આવા પરમાત્માના વચનથી નિરપેક્ષપણે વ્યવહાર કરનાર દેવ-ગૂરુ-ધર્મની શુદ્ધતા-પવિત્રતા-પ્રામાણિકતા કેમ કરીને જાળવી શકે ? અને એવી એકાંતિક વાત કરનારા, કદાગ્રહી દેવ-ગુરુ-ધર્મ ઉપર, શ્રદ્ધા-વિશ્વાસ કેમ કરીને આણી શકાય ? જ્યાં શ્રદ્ધા-વિશ્વાસ જ નથી, તો પછી એવી, શ્રદ્ધા વિહોણી, કરવામાં આવેલી સર્વ ક્રિયા, એ છાર ઉપર કરેલ લીંપણા જેવી નિરર્થક-નિષ્ફળ છે.

પાપ નહીં કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસ્યો,
ધર્મ નહીં કોઈ જગ સૂત્ર સરીખો;
સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે,
તેહનું શુદ્ધ ચારિત્ર પરીખો. ધાર૦ ૬

એહ ઉપદેશનો સાર સંક્ષેપથી,
જે નરા ચિત્તમાં નિત્ય ધ્યાવે;
તે નરા દિવ્ય બહુ કાળ સુખ અનુભવી,
નિયત ''આનંદઘન'' રાજ પાવે. ધાર૦ ૭

જગસૂત્ર-જગ માન્ય પ્રમાણભૂત આગમ (શાસ્ત્ર) સૂત્ર-આગમ શાસ્ત્રો એ વીતરાગ, સર્વજ્ઞ પ્રણીત છે, તેથી તેની વિરુદ્ધ સંભાષણ કરવા જેવું, કોઈ અધર્મ-પાપ નથી અને મૂળ આગમસૂત્રને સુસંગત થાય તે રીતે, સંભાષણ કરવા જેવો કોઈ ધર્મ નથી. જે ભવ્યાત્મા, આગમસૂત્રને પ્રામાણિક રહીને, સૂત્રમાં કહ્યા અનુસારે ક્રિયા કરતો હોય તેના ચારિત્રને શુદ્ધ જાણવું. શુદ્ધ ચારિત્રની પરખ આગમસૂત્રને સુસંગત ક્રિયા છે.

આ સંક્ષિપ્તમાં કહેલાં ઉપદેશનો સાર છે. તેના મર્મને પામીને જે મનુષ્યો ચિત્તમાં એની ધારણા કરી, નિયમિત એનું ધ્યાન ધરશે અર્થાત્ પાલના કરશે તે મનુષ્યો, દીર્ઘકાળ સુધી, દેવતાઈ સુખ ભોગવતાં ભોગવતા અંતે, આનંદઘન એવા, પરમાત્મસ્વરૂપને નિશ્ચિતપણે પામશે અને શુદ્ધ, સંપૂર્ણ, શાશ્વત, સર્વોચ્ચ, સ્વાધીન શિવસુખને વરશે.

# ૧૫ શ્રી ધર્મનાથ જિન સ્તવન

(રાગ : ગોડી, સારંગ, દેશી રસીઆની, મૈત્રી ભાવનું,
મંદિર પધારો, ચાર દિવસના)

**ધર્મ જિનેશ્વર ગાંઉ રંગશું,**
**ભંગ મ પડશો હો પ્રીત, જિનેશ્વર;**
**દુજો મનમંદિર આણું નહીં,**
**એ અમ કુલવટ રીત, જિનેશ્વર. ધર્મજિનેશ્વર..૧**

**ધરમ ધરમ કરતો જગ સહુ ફીરે,**
**ધરમ ન જાણે હો મર્મ, જિનેશ્વર;**
**ધરમ જિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી,**
**કોઈ ન બાંધે હો કર્મ જિનેશ્વર.. ધર્મ જિનેશ્વર..૨**

**પ્રવચન અંજન જો સદ્‌ગુરુ કરે,**
**દેખે પરમ નિધાન, જિનેશ્વર;**
**હૃદય-નયન નિહાળે જગધણી,**
**મહિમા મેરુ સમાન, જિનેશ્વર. ધર્મજિનેશ્વર.. 3**

હે પ્રભો ! હું અનેરા ઉલ્લાસથી-આનંદથી આપના ગુણગાન કરી રહ્યો છું તેમાં ભંગ ન થાવ તેવું ઈચ્છું છું. જિનેશ્વર દેવ સિવાય બીજા કોઈ પણ સંસારી દેવોને હું મારા મનમંદિરમાં સ્થાન ન આપું એ અમારા જૈન કુળના કુલવટની રીત છે.

જગતના સર્વ જીવો ‘ધરમ-ધરમ’ એમ શબ્દોચ્ચાર કરતા થકા ફરે છે પણ હે પ્રભો ! તેઓ ધર્મનું રહસ્ય જાણતા નથી કારણકે શ્રી ધર્મનાથ ભગવાનના ચરણોનું શરણ લીધા પછી કોઈ પણ જીવ ક્લિષ્ટકર્મનો બંધ કરતો નથી.

જો સદ્દગુરુ પ્રવચનરૂપી અંજન કરે, તો પરમનિધાન સ્વરૂપ આત્મદ્રવ્ય મુમુક્ષુના જોવામાં આવે અર્થાત્ પોતાની આંખમાં અંજન થવાથી મુમુક્ષુ આત્મારૂપી ગુપ્ત ખજાનાને જોઈ શકે. હૃદયનયન જગતના ઘણી એવા ધર્મનાથ ભગવાનને જુવે છે કે જે પ્રભુ મેરૂ સમાન મહિમાવાળા છે.

દોડત દોડત દોડત દોડિયો,
જેતી મનની રે દોડ, જિનેશ્વર;
પ્રેમ પ્રતીત વિચારો ઢુંકડી,
ગુરુગમ લેજો રે જોડ, જિનેશ્વર. ધર્મજિનેશ્વર ૪

એક પખી કિમ પ્રીતિ પરવડે,
ઉભય મળ્યા હોય સંધિ, જિનેશ્વર;
હું રાગી હું મોહે ફંદીયો,
તું નીરાગી નિરબંધ જિનેશ્વર. ધર્મજિનેશ્વર ૫

પરમ નિધાન પ્રગટ મુખ આગળે,
જગત ઉલ્લંઘી હો જાય જિનેશ્વર;
જ્યોતિ વિના જુઓ જગદીશની,
અંધો અંધ પુલાય જિનેશ્વર. ધર્મજિનેશ્વર ૬

દોડતાં દોડતાં હું એટલું દોડ્યો છું કે જેટલી મનની દોડ થઈ શકી અર્થાત્ જ્યાં સુધી પવન વેગી મન દોડે ત્યાં સુધી હું દોડી ચૂક્યો છું. પણ પ્રેમ સ્વરૂપ-વીતરાગ સ્વરૂપ પરમાત્માની પ્રતીતિ-ખાત્રી તો ઢુંકડી અર્થાત્ નજીક જ છે એમ તમે વિચારો અને ગુરુસમીપે રહેવાથી માલુમ પડતું તત્ત્વ તમે મેળવી લેજો.

એક પક્ષથી કરવામાં આવતી પ્રીતિ એ કેમ પોસાય? કેમ પરવડે? કેમકે ઉભય અર્થાત્ બંને પાત્રો મળે ત્યારે જ સંધિ એટલેકે મેળાપ થાય છે. હું રાગી છું. મોહના ફંદામાં ફસાયેલો છું અને તમે તો નિરાગી-રાગરહિત-વીતરાગ તથા નિરબંધ-બંધ રહિત છો !

પરમનિધાન - ચૈતન્યનો અખૂટ ભંડાર પોતાની અત્યંત નજીક છે છતાં જગતના મૂઢ પ્રાણીઓ બેદરકાર થઈ તેને ઉલ્લંઘીને આગળ દોડ્યા જાય છે. પરમેશ્વર સમાન આત્માની જે ચૈતન્ય જ્યોતિ છે- જ્ઞાન પ્રકાશ છે તેનાં વિના આંધળા પાછળ આંધળો દોડે તેવી સ્થિતિ સર્જાય છે.

નિરમલ ગુણમણિ રોહણ ભૂધરા,
મુનિજન માનસ હંસ, જિનેશ્વર;
ધન્ય તે નગરી ધન્ય વેળા ઘડી,
માત-પિતા કુલ વંશ, જિનેશ્વર. ધર્મજિનેશ્વર ૭

મન મધુકર વર કરજોડી કહે,
પદકજ નિકટ નિવાસ, જિનેશ્વર;
ઘનનામી "આનંદઘન" સાંભળો,
એ સેવક અરદાસ જિનેશ્વર.. ધર્મજિનેશ્વર ૮

નિર્મળ ગુણરૂપી રત્નોને પ્રગટ કરવા માટે હે પ્રભો ! આપ રોહણાચલ પર્વત સમાન છો. વળી સાધુઓનાં મનરૂપી માનસરોવરને માટે આપ હંસ પક્ષી જેવા છો. વળી તે શહેર, તે કાળ, તેમના માતા, પિતા, કુળ અને વંશને પણ ધન્ય છે કે જેમાં પરમાત્મા જન્મ પામ્યા છે.

હે નાથ ! મારો મન રૂપી ભ્રમર આપને હાથ જોડીને વિનંતી કરે છે કે આપ અનંતગુણોના સમુહ રૂપ છો. ભ્રમર જેમ કમલમાં વાસ કરે તેમ મને આપના ચરણકમલમાં નિવાસ કરવા દેજો. ઘનનામી એટલે જેના અનેકનામો પણ એકજ સ્વરૂપમાં લય પામે છે તેવા હે આનંદઘન પ્રભો ! આ સેવકની આટલી અરદાસ આપ જરૂર સ્વીકારજો !

# ૧૬ શ્રી શાંતિનાથ જિન સ્તવન

(રાગ : મલ્હાર, ચતુર ચોમાસું પડિકમી, વીર જિણંદ જગત, સમય (૨) સો વાર, ઝીલ મીલ)

**શાંતિ જિન એક મુજ વિનતી,**
**સુણો ત્રિભુવનરાય રે;**
**શાંતિ સ્વરૂપ કિમ જાણીએ,**
**કહો મન કિમ પરખાય રે ? શાંતિ જિન૦ ૧.**

**ધન્ય તું આતમા જેહને,**
**એહવો પ્રશ્ન અવકાશ રે;**
**ધીરજ મન ધરી સાંભળો,**
**કહું શાંતિ પ્રતિભાસ રે.. શાંતિ જિન૦ ૨**

**ભાવ અવિશુદ્ધ સુવિશુદ્ધ જે,**
**કહ્યા જિનવરદેવ રે;**
**તે તેમ અવિતત્થ સદ્દહે,**
**પ્રથમ એ શાંતિપદ સેવ રે... શાંતિ જિન૦ ૩**

હે પ્રભો ! આપ શાંતરસના ભંડાર છો ત્રણભુવનના રાજા છો. મારી આપને એક વિનંતી છે કે આપનામાં રહેલ તે શાંતરસના ભંડાર સ્વરૂપ શાંતિપદ હું કેવી રીતે જાણી શકું ? મારા મન વડે તેની કેવી રીતે પરીક્ષા કરી શકું ? તે આપ કૃપા કરીને મને કહો !

હવે આ બીજી કડીમાં આનંદઘનજી મહારાજે પૂછેલા પ્રશ્નનો જાણે સાક્ષાત્ શાંતિનાથ પ્રભુ જવાબ ન આપતા હોય તેમ પ્રત્યુત્તરમાં કહે છે કે, હે આત્મન્ ! તને ધન્ય છે કે શાંતિનું સ્વરૂપ જાણવા અંગેનો તને પ્રશ્ન ઉદ્ભવ્યો અને તે સ્વરૂપની તને જિજ્ઞાસા જાગી. તો હવે હું તને શાંતિનું પ્રતિભાસ એટલે શાંતિના પ્રતિબિંબ જેવું આબેહુબ યથાર્થ સ્વરૂપ કહું છું, તે તું ધીરજ રાખીને સ્વસ્થ ચિત્તે સાંભળ!

સુવિશુદ્ધ અને અવિશુદ્ધ એટલે સારા અને નરસા, જે જે ભાવો જિનેશ્વર પરમાત્માએ, જે રીતે કહ્યા છે; તે તેમ જ છે. તેમાં જરા પણ શંકાને સ્થાન નથી એવી અંતરમાં દૃઢ શ્રદ્ધા કરવી, તે શાંતિ પદને પામવાનો પહેલો ઉપાય છે. સુવિશુદ્ધભાવ અને અવિશુદ્ધભાવને તક-વિતર્ક કર્યા વિના માને-સદ્દહે- અનુસરે તે જ શાંતિપદ પ્રાપ્તિની પ્રથમ સેવા છે.

આગમધર ગુરુ સમકિતી,
કિરિયા સંવર સાર રે;
સંપ્રદાયી અવંચક સદા,
શુચી અનુભવાધાર રે... શાંતિ જિન૦ ૪

શુદ્ધ આલંબન આદરે,
તજી અવર જંજાળ રે;
તામસી વૃત્તિ સવિ પરિહરી,
ભજે સાત્ત્વિક સાલ રે.. શાંતિ જિન૦ ૫

ફળ વિસંવાદ જેહમાં નહીં,
શબ્દ તે અર્થ સંબંધી રે;
સકળ નયવાદ વ્યાપી રહ્યો,
તે શિવસાધન સંધિ રે.. શાંતિ જિન૦ ૬

આગમધર એટલે શાસ્ત્રોના સમ્યગ્ બોધવાળા, સમ્યગ દર્શનથી વિભૂષિત, એક માત્ર સંવરની ક્રિયાને જ આચરનારા ગુરુપરંપરાથી પ્રાપ્ત સંપ્રદાયમાં ચાલતી શુદ્ધ સામાચારીને અનુસરનારા, પરિચયમાં આવનાર કોઈને પણ પોતાના સ્વાર્થ ખાતર નહિ ઠગનારા, પરમ પવિત્ર એવી આત્માની અનુભૂતિને ધારણ કરનારા, તે લોકોત્તર શાસનના ગુરુપદે બિરાજવા યોગ્ય છે અને આવા ગુરુદ્વારા જીવને શાંતિપદ પ્રાપ્ત થઈ શકે તેમ છે.

બીજી બધી સઘળી જંજાળનો ત્યાગ કરીને શુદ્ધ આલંબનને તેઓ આદરનારા હોય છે. કામ-ક્રોધાદિ તામસી વૃત્તિઓનો પરિહાર કરીને એક માત્ર સાત્ત્વિક વૃત્તિને જ તેઓ ભજનારા હોય છે. સાત્ત્વિકતાને જ જીવનમાં સાલ એટલે વણનારા-ગૂંથનારા હોય છે.

શાંતિ પદના સાધક આત્માઓ જેના ફળમાં વિસંવાદ હોય તેવી કોઈ પણ ક્રિયા કરતા નથી તેમજ તેમના સઘળા વચન પ્રયોગો સમ્યગ્ અર્થનો બોધ કરાવે તેવા હોય છે. તેમની વાણીમાં નયવાદ વ્યાપેલો હોય છે એટલે એમની બધી ક્રિયાઓ મોક્ષના સાધનભૂત સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રની જે પરિણતિ, તેની સાથે અનુસંધાન કરાવનારી સુસંગત હોય છે.

વિધિ પ્રતિષેધ કરી આતમા,
પદારથ અવિરોધ રે;
ગ્રહણવિધિ મહાજને પરિગ્રહ્યો,
ઈસ્યો આગમે બોધ રે.. શાંતિ જિન૦ ૭

માન અપમાન ચિત્ત સમ ગણે
સમગણે કનક-પાષાણ રે;
વંદક-નિંદક સમ ગણે
ઈસ્યો હોયે તું જાણ રે.. શાંતિ જિન૦ ૯

સર્વ જગજંતુને સમ ગણે,
સમ ગણે તૃણ-મણિ ભાવ રે;
મુક્તિ-સંસાર બેહુ સમ ગણે,
મુણે ભવજલનિધિ નાવ રે.. શાંતિ જિન૦ ૧૦

શાંતિપદનો ચાહક આત્મા વિધિ અતે પ્રતિષેધને આચરવા દ્વારા કોઇપણ જાતના વિરોધ વગર આત્મા નામના પદાર્થને પ્રાપ્ત કરે છે. તે આત્માને પ્રાપ્ત કરવાનો વિધિ મહાપુરુષોએ પોતે આચરણમાં મૂકીને બતાવ્યો છે અને આગમોમાં પણ શુદ્ધ આત્માનું સ્વરૂપ અને તેની વિધિ નિષેધ યુક્ત પ્રાપ્તિનો માર્ગ બતાવવામાં આવ્યો છે.

જૈન શાસનના મર્મને પામેલા આત્માઓ પોતાના ચિત્તમાં માન અને અપમાન બન્નેને એક સરખા ગણે છે.. સુવર્ણ અને પત્થરને પણ તુલ્ય ગણે છે. પોતાને વંદન કરે કે પોતાની નિંદા કરે તે બન્નેને પણ સમાન ગણે છે. હે આત્મન્ ! જે આવા હોય તેને તું શાંતિ વાંછુક - શાંતિ સ્વરૂપ યોગી જાણ.

લોકોત્તર એવા શાંતિપદને વરેલો એવો આત્મા સર્વજગતના પ્રાણીઓને સમાન ગણતો હોય છે. તૃણ અને મણિને પણ સમાન ગણતો હોય છે. ચારિત્રના ઊંચા અધ્યવસાય સ્થાનમાં મુક્તિની પણ ઈચ્છા હોતી નથી એટલે મોક્ષ કે સંસાર બંને એને તુલ્ય લાગે છે તેમજ લોકોત્તર સમતા એ તો સંસાર સાગર તરવા માટે નાવ સમાન છે એમ તે માને છે.

આપણો આતમભાવ જે,
એક ચેતના ધાર રે;
અવર સવિ સંયોગથી,
એહ નિજ પરિકર સાર રે.. શાંતિ જિન૦ ૧૧

પ્રભુમુખથી એમ સાંભળી,
કહે આતમરામ રે;
તાહરે દરિસણે નિસ્તર્યો,
મુજ સિધ્ધાં સવિ કાજ રે.. શાંતિ જિન૦ ૧૨

અહો અહો હું મુજને કહું,
નમો મુજ નમો મુજ રે;

આપણો પોતાનો જે આત્મા છે તે માત્ર એક ચૈતન્ય સ્વભાવવાળો છે અને એ જ આત્મા માટે પરમ આધારરૂપ છે. બાકી જે શરીરાદિ બાહ્ય પદાર્થો છે તે તો આત્માની ફરતે માત્ર સંયોગ સંબંધે રહેલા છે. એ કોઈ આત્માનો શાશ્વત્ પરિવાર નથી. પોતાનો સાચો-સારો-ખરો અને સારભૂત પરિવાર તો પોતાનો આત્મા અને પોતાનો આત્મભાવ જ છે. આત્માના અનંત ગુણો જ છે.

સાક્ષાત્ જાણે કે પ્રભુના મુખથી આ પ્રમાણે શાંતિનું અનુપમ સ્વરૂપ સાંભળીને અંતરમાં અત્યંત આહ્લાદ પ્રગટ્યો અને તેથી આત્મરમણતા થઈ અને પોતાનો આત્મા આતમરામ બન્યો માટે યોગીરાજ કહે છે કે હે નાથ ! આજે હું આપ ત્રિલોકનાથનાં દર્શનથી નિસ્તારને પામી ગયો છું ! હે નાથ ! આપના દર્શનથી તો જાણે હું સંસાર સાગર તરી ગયો છું, મારા સર્વ મનોવાંછિત આજે સિદ્ધ થઇ ગયા છે. મારી સર્વ કામનાઓ આજે સિદ્ધ થઈ છે.

પ્રભુના શ્રીમુખેથી ઉપદેશ સાંભળવાથી અંતરાત્મદશાને પામેલા યોગીરાજ પોતાને ધન્યાતિધન્ય માને છે અને પ્રભુ તુલ્ય પોતાની પ્રભુતા જણાવાથી અંતરમાં આહ્લાદ લાવીને કહે છે - અહો ! અહો ! હું મને જ કહું છું કે મને નમો !

અમિત ફલ દાન દાતારની,
જેહને ભેટ થઇ તુજ રે.. શાંતિ જિન૦ ૧૩

શાંતિ સ્વરૂપ સંક્ષેપથી,
કહ્યો નિજ પર રૂપ રે;
આગમમાંહે વિસ્તર ઘણો,
કહ્યો શાંતિ જિન ભૂપ રે.. શાંતિ જિન૦ ૧૪

શાંતિ સરૂપ ઈમ ભાવશે,
ધરી શુદ્ધ પ્રણિધાન રે;
''આનંદઘન'' પદ પામશે,
તે લહેશે બહુ માન રે.. શાંતિ જિન૦ ૧૫

મને નમો ! કારણકે નિશ્ચયનયથી હું પરમાત્મા જ છું Real View point થી જોતાં હું પરમાત્મા જ છું. જેનું માપ ન નીકળી શકે તેવા અમાપ-અમિત દાન આપનાર દાતાનો તને ભેટો થયો છે. તે તારા માટે અપૂર્વ વાત બની છે માટે હે આત્મન્ ! હે શુદ્ધાત્મન્ ! તને નમન હો.

શ્રી શાંતિ સ્વરૂપની આ સ્તવનામાં જે કાંઈ અંશરૂપ વ્યાખ્યા સંક્ષેપથી મેં કરી છે તે સ્વ અને પર બધા આત્માઓ માટે કલ્યાણકારી નીવડે એ હેતુથી કરી છે. આગમ શાસ્ત્રોમાં તેની વ્યાખ્યા વિસ્તારથી કરવામાં આવી છે. શ્રી શાંતિનાથ પ્રભુએ બતાવેલો અથવા પ્રરૂપેલો શાંતિનો માર્ગ ગુરુગમથી જાણવા યોગ્ય છે.

શાંતિ એ આત્માનો સ્વભાવ છે સ્વરૂપ છે. શાંતિપદની શક્તિ દરેક આત્મામાં ગુપ્તપણે રહેલી છે, એમ સમજીને જે કોઇ આત્મા શાંતિપદની પ્રાપ્તિનું ભાવન ચિત્તની એકાગ્રતાથી કરશે, પોતાના પરમ સ્વરૂપના ધ્યાનમાં તલ્લીન બનશે, શુભ ધ્યાનવડે આંતરપટમાં ખોવાઈ જશે, તે અંતે પોતાના આત્મામાં જ આનંદના સમુહરૂપ એવા મોક્ષપદને પાંમશે ભલે એને માન-સન્માનની પડી ન હોય પણ જગત તેને સામેથી માન-સન્માન આપશે.

## ૧૭ શ્રી કુંથુનાથ જિન સ્તવન

(રાગ : ગુર્જરી, રામકલી, અંબર દેહુ મુરારિ હમારો,
ઐસી આય બની, મુજ અવગુણ મત)

**મનડું કિમ હી ન બાજે હો કુંથુજિન,**
**મનડું કિમ હી ન બાજે;**
**જિમ જિમ જતન કરીને રાખું,**
**તિમ તિમ અળગું ભાજે હો.. કુંથુજિન.. ૧**

**રજની વાસર વસતિ ઉજ્જડ,**
**ગયણ પાયાલે જાય;**
**સાપ ખાયને મુખડું થોથું,**
**એહ ઉખાણો ન્યાય હો.. કુંથુ.. ૨**

**મુગતિતણા અભિલાષી તપિયા,**
**જ્ઞાન ને ધ્યાન અભ્યાસે;**

હે કુંથુનાથ પ્રભો. ! આ મનડું કેમે કરીને સ્થિરતાને પામતું નથી. પ્રયત્ન કરીને જેમ જેમ તેને સ્થિર કરવાનો પ્રયત્ન કરું છું તેમ તેમ તે દૂર ને દૂર ભાગતું જાય છે.

મનની ચંચળતા કેવી અગમ્ય છે ? તે કવિહૃદયી યોગીરાજ જણાવે છે. રજની એટલે રાત્રિનો, વાસર એટલે અવસર છે, જે સૂનકાર છે, નીરવ છે. વળી તે રાત્રિનો વિસ્તાર પણ વસતિ એટલે લોકોના રહેઠાણ રહિત ઉજ્જડ-વેરાન છે કે, જે રસ્તે કોઇની અવર-જવર નથી. આવા કાળ-રાત્રિના અવસરમાં ઉજ્જડ અને વેરાન સ્થળમાં મન જાય છે. તે જ રીતે આકાશ અને પાતાળમાં પણ મન જાય છે. સાપ કોઈને કરડે ત્યારે લોકમાં સાપે તેને ખાધો એમ કહેવાય છે પણ તેથી સાપના મોઢામાં કાંઈ આવતું નથી. સાપ જેને ડંખ મારે તેનો તો જીવ જાય પણ સાપનું મોઢું તો થોથું ને થોથું અર્થાત્ ખાલીને ખાલી. તેનુ કાંઈ પેટ ભરાતું નથી, તેના જેવું મન છે. ગમે તેટલું ભટકે પણ અંતે શું ? કાંઇ નહિ માત્ર ચાર ગતિનું પરિભ્રમણ અને સદાયની અતૃપ્તિ !

મનને વશ કરવું એ ઘણું દુષ્કર છે, તેને બતાવતા યોગીરાજ કહે છે કે મોક્ષ પ્રાપ્તિની અભિલાષાથી જીવો

વચરીડું કાંઈ એહવું ચિંતે,
નાંખે અવળે પાસે હો.. કુંથુ.. ૩

આગમ આગમધરને હાથે-
નાવે કિણ વિધ આંકું;
કિહા કણે જો હઠ કરી અટકું,
તો વ્યાલ તણી પરે વાંકુ હો.. કુંથુ.. ૪

જો ઠગ કહું તો ઠગતો ન દેખું,
શાહુકાર પણ નાંહી;
સર્વ માંહે ને સહુથી અળગું,
એ અચરિજ મન માંહી હો.. કુંથુ.. ૫

જે જે કહું તે કાન ન ધારે,
આપ મતે રહે કાલો;

તપને તપતા હોય, ઘોર સાધના કરતા હોય, વળી જ્ઞાન અને ધ્યાનના અભ્યાસમાં સતત લીન રહેતા હોય તો પણ ક્યારેક આ મન વૈરી બનીને એવું ઊંધું ચિંતવી નાખે છે કે સીધી બાજી પલટી નાખે છે અને અવળા માર્ગે ચડાવી દે છે.

આગમોના ઊંડા અભ્યાસી, ચૌદ પૂર્વ જેણે કંઠસ્થ કર્યાં છે તેવા પણ હજી જે પચાવી શક્યા નથી. આવા આગમધર જ્ઞાનીના અંકુશમાં પણ મન રહેતું નથી. મનને કોઈના અંકુશમાં રહેવું ગમતું નથી. અને બળાત્કારે હઠયોગના પ્રયોગથી જો મનને અંકુશમાં લેવા જાઉં તો તે સર્પની જેમ વક્રગતિતે ધારણ કરે છે. દાતરડા કે કૂતરાની પૂંછડી જેવું વાંકુને વાંકુ રહે છે.

જો મનને કદાચ ઠગનાર કહું તો તેને ઠગાઇ કરતાં હું દેખી શકતો નથી. તેમ તેને શાહુકાર - પ્રામાણિક કહું તો તેમ પણ મને લાગતું નથી. તે મન તો સર્વ ઈન્દ્રિયોની અંદર અને સર્વ ઇન્દ્રિયોથી જુદું પણ છે. આ પરસ્પર વિરૂદ્ધ વાત છે અને તે મારા મનને આશ્ચર્ય પમાડે છે

મારા મનને હું જે જે સારી વાત કહું છું તેને તે સાંભળતું તથી અને પોતાની અશુભ વિચારણામાં જ કાલો

સુર નર પંડિત જન સમજાવે,
સમજે ન મારો સાલો હો.. કુંથુ.. ૬

મેં જાણ્યું એ લિંગ નપુંસક,
સકલ મરદને ઠેલે;
બીજી વાતે સમરથ છે નર,
એહને કોઈ ન ઝેલે હો.. કુંથુ.. ૭

મન સાધ્યું તેણે સઘળું સાધ્યું,
એહ વાત નહિ ખોટી;
એમ કહે સાધ્યું તે નવિ માનું,
એ કહી વાત છે મોટી હો.. કુંથુ.. ૮

એટલે મલિન રહે છે અથવા તો દોઢડાહ્યું થઇને રહે છે. વળી તેને દેવો, મનુષ્યો કે પંડિતો, જો કે ઘણું સમજાવે છે, તો પણ મન એ મારી કુમતિરૂપી સ્ત્રીનો ભાઈ હોવાના નાતે મારો સાળો થયો, તે મનરૂપી સાળો સમજતો જ નથી અર્થાત્ હે પ્રભો! મારું મન આપની સાથે જામતું નથી.

યોગીરાજશ્રી આનંદઘનજી મહારાજ કહે છે કે મેં એમ માન્યું હતું કે મન એ નપુંસક છે, નાન્યતર જાતિનું છે પણ એ તો ઘણા પુરુષોને પાછા ઠેલે છે-હરાવે છે. બીજી બધી વાતોમાં પુરુષો ઘણા સામર્થ્યવાળા જોવામાં આવે છે પણ આ મનને જીતે એવા પુરુષો તો થોડા જ હોય છે. મનને કોઈ જીતી શક્તું નથી અર્થાત્ મનના વેગને કોઈ રોકી શક્તું નથી.

જેણે મનને વશ કર્યું તેણે તપ, જપ, સંયમ વગેરે સઘળું સાધ્યું એમ જાણવું અર્થાત્ એ વાત કાંઈ ખોટી નથી પણ કોઈપણ જાતના આધાર વિના કોઇ એમ કહે કે અમે અમારું મન વશ કર્યું છે તો, તે કહેલી વાત હું માની શકતો જ નથી. કારણકે એ કહેલી વાત તો મોટી છે અર્થાત્ અતિ દુષ્કર છે અર્થાત્ વિરલા માણસો જ મનને વશ કરી શકે છે અને જે વશ કરે છે તે મોંમાંથી બોલતા નથી.

મનડું દુરારાધ્ય તેં વશ આણ્યુ,
આગમથી મતિ આણું;
"આનંદઘન" પ્રભુ ! માહરું આણો,
તો સાચું કરી જાણું હો.. કુંથુ.. ૯

દુઃખે કરીને વશમાં આવે તેવું જે મન છે તેને હે ભગવાન ! આપે વશ કર્યું છે; એ વાત શાસ્ત્રના માધ્યમે મેં જાણી છે. યોગીરાજ આનંદઘનજી કહે છે કે - હે આનંદના સમુહરૂપ પ્રભો ! જો આપ મારું મન મારા વશમાં આણો તો ‘‘આપે મનને વશ આણ્યું છે’’ એ વાત સત્ય કરીને જાણું !

# ૧૮ શ્રી અરનાથ જિન સ્તવન

(રાગ : પરજીઓ મારુ, ઋષભવંશ રયણાયરો, મુજઘટ આજો, કડવા ફળ છે ક્રોધના)

**ધરમ પરમ અરનાથનો,**
**કેમ જાણું ભગવંત રે;**
**સ્વ-પર સમય સમજાવીએ,**
**મહિમાવંત મહંત રે.. ધરમ પરમ.. ૧**

**શુદ્ધાતમ અનુભવ સદા,**
**સ્વ-સમય એહ વિલાસ રે;**
**પરબડી છાંહડી જિહાં પડે,**
**તે પર-સમય નિવાસ રે.. ધરમ પરમ.. ૨**

**તારા નક્ષત્ર ગ્રહ ચંદ્રની,**
**જ્યોતિ દિનેશ મોઝાર રે;**
**દર્શન-જ્ઞાન-ચરણ થકી,**
**શક્તિ નિજાતમ ધાર રે.. ધરમ પરમ.. 3**

યોગીરાજ આનંદઘનજી મહારાજા અરનાથ પ્રભુને વિનતી કરીને પૂછી રહ્યા છે કે, આપનો પરમ ઉત્કૃષ્ટ એવો મહિમાવંત આત્મધર્મ હે મહિમાવંત અતિશયોથી પ્રતિભાવંત મહાપ્રભુ! હું કેવી રીતે જાણી શકું? સ્વ-સમય અને પર-સમયને સમજાવવાની હે પ્રભો! આપ કૃપા કરો હું અજ્ઞાની, રાગ-દ્વેષથી ભરેલો હોવાથી આપનો પરમ ધર્મ કેમ સમજી શકું ? તેથી આપ મને સમજાવો. આનંદઘનજી મહારાજે પૂછેલા પ્રશ્નનો પ્રભુ જવાબ આપતા હોય તેવી શૈલીમાં કહી રહ્યા છે કે, નિરંતર શુદ્ધાત્માનો અનુભવ કરવો નિરંતર સ્વરૂપમાં રમણતા કરવી, તેને સ્વ-સમય કહેવામાં આવે છે અને પરભાવનો કાળો પડછાયો, જે અંતરમાં પડ્યા કરે છે તેને પર-સમય કહે છે. અથવા તો રાગ-દ્વેષાદિ વિભાવદશામાં જે રમણતા રહ્યા કરે છે, તેને પર-સમય કહેવામાં આવે છે.

તારા, નક્ષત્ર, ગ્રહ અને ચંદ્રમાની જ્યોતિ જેમ સૂર્યની કાંતિમાં સમાય છે તેવી રીતે જ્ઞાન-દર્શન-ચારિત્ર એ પણ આત્માની શક્તિરૂપ હોવાથી-આત્માના જ ગુણો હોવાથી તે આત્મામાં જ સમાય છે કારણકે ગુણ અને ગુણી જુદા નથી હોતા.

ભારી પીળો ચીકણો,
કનક અનેક તરંગ રે;
પર્યાયદૃષ્ટિ ન દીજીએ,
એક જ કનક અભંગ રે.. ધરમ પરમ.. ૪

દરસન જ્ઞાન ચરણથકી,
અલખ સ્વરૂપ અનેક રે;
નિર્વિકલ્પ રસ પીજીયે,
શુદ્ધ નિરંજન એક રે.. ધરમ પરમ.. ૫

પરમારથ પંથ જે કહે,
તે રંજે એક તંત રે;
વ્યવહારે લખ જે રહે,
તેહના ભેદ અનંત રે.. ધરમ પરમ.. ૬

વ્યવહારે લખ દોહિલો,
કાંઈ ન આવે હાથ રે;

વજનમાં ઘનતામાં ભારે, રંગે પીળું, ગુણોમાં ચીકાશદાર-ટકાઉ એમ સોનાનાં ઘણા તરંગ એટલે પ્રકારો અથવા વિશેષણો છે. જો ઉપર કહેલા સુવર્ણના પર્યાયો પર દૃષ્ટિ ન કરીએ તો દ્રવ્ય રૂપે ફક્ત એક અખંડ સોનું જ દેખાઈ રહે છે.

દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપે આત્મા ન લખી શકાય ન કળી શકાય તેવા અનેકરૂપે છે (અને જો) નિર્વિકલ્પ રસનું પાન કરવામાં આવે તો શુદ્ધ, નિરંજન એવો એક પરમાત્મા દેખાય છે.

પરમારથનો પંથ એટલે નિશ્ચયનયનો માર્ગ જે કહે છે તેઓ એકમાત્ર શુદ્ધાત્મ તત્ત્વની તંત એટલે વિચારણામાં જ રીઝે છે અને તેમાં જ ખુશી અનુભવે છે. જ્યારે વ્યવહારની દૃષ્ટિએ જોતાં તો આત્માના દર્શન, જ્ઞાન,ચારિત્ર, અવ્યાબાધ વગેરે અનંતભેદો થાય છે.

પૂર્વની છઠ્ઠી કડીમાં વ્યવહાર નયે અને નિશ્ચયનયે આત્માને જાણનારા કેવા હોય તે બતાવ્યું; તો હવે મુમુક્ષુએ કયા પ્રકારે વર્તવું તે જણાવે છે કે વ્યવહારનયે સચ્ચિદાનંદસ્વરૂપ આત્માને પ્રાપ્ત કરવો તે દુષ્કર છે અર્થાત્

શુદ્ધ નય થાપના સેવતાં,
નવિ રહે દુવિધા સાથ રે.. ધરમ પરમ.. ૭

એક પખી લખ પ્રીતડી,
તુમ સાથે જગનાથ રે;
કૃપા કરીને રાખજો,
ચરણ તળે ગ્રહી હાથ રે.. ધરમ પરમ.. ૮

ચક્રી ધરમ તીરથતણો,
તીરથ ફલ તતસાર રે;
તીરથ સેવે તે લહે,
"આનંદઘન" નિરધાર રે.. ધરમ પરમે.. ૯

તેનાથી કાંઈપણ સંગીન લાભ હાથમાં આવતો નથી પરંતુ જો હૃદયમાં શુદ્ધનિશ્ચય નયને સ્થાપવામાં આવે અર્થાત્ દૃઢપણે તે નયના અનુસારે તત્ત્વ વિચારવામાં આવે તો આત્મા જડ એવા કર્મોથી અલગ થઇ શુદ્ધાત્મભાવ પામે એટલે કે પ્રભુ સાથે પોતાની જુદાઈ ન રહે.

હે ત્રણ જગતના નાથ અરનાથ પ્રભો ! તમારી સાથે એકપક્ષીય પ્રીતિ કરવાની લખ એટલે ઉત્કંઠા-અભિલાષા જાણીને મારા ઉપર કૃપા કરજો અને આપના ચરણ નીચે મારો હાથ ગ્રહણ કરીને રાખજો.

હે અરનાથ પ્રભો ! આપ ધર્મરૂપી તીર્થના ચક્રવર્તી છો. (હવે) તીર્થનું ફળ શું છે ? તો કહે છે કે તત્ત્વસાર એટલે ઉત્તમ વસ્તુની પ્રાપ્તિ એ તીર્થનું ફળ છે. હે પ્રભો ! આપે સ્થાપેલ ધર્મતીર્થને જે સેવે છે તે નિશ્ચિતપણે આનંદઘનરસથી ભરપુર એવા મોક્ષને પામે છે.

# ૧૯ શ્રી મલ્લિનાથ જિન સ્તવન

(રાગ : કાફી, સેવક કિમ અવગુણીએ-એ દેશી)

સેવક કિમ અવગણીએ હો,
મલ્લિજિન ! એ અબ શોભા સારી;
અવર જેહને આદર અતિ દીએ,
તેહને મૂળ નિવારી હો.. મલ્લિજિન.. ૧

જ્ઞાન સ્વરૂપ અનાદિ તમારું,
તે લીધું તમે તાણી;
જુઓ અજ્ઞાન દશા રિસાણી,
જાતાં કાણ ન આણી હો.. મલ્લિજિન.. ૨

નિદ્રા સુપન જાગર ઉજાગર રતા,
તુરિય અવસ્થા આવી;

આપના આશ્રયે આવેલાનું આપે કલ્યાણ કર્યું ! તો હે નાથ ! હું પણ પરમાર્થનો પથિક છું ! સત્યના રાહે ચડાવનાર કોઈ ન હોવાથી મેં આપના પર પૂર્ણ શ્રદ્ધા રાખી છે તો આપ મારી વિનંતીને કેમ અવગણી રહ્યા છો ? હે પ્રભો! (એહ અબ શોભા સારી) - આપના જેવા માટે શું આ સારું દેખાય છે ? બીજા સંસારી જીવો જે મોહભાવને મંગલ કાર્ય સમજી અતિઆદર આપે છે, તેને તો આપે મૂળમાંથી એક જ ઝાટકે છેદી નાંખેલ છે, યોગીરાજ કહે છે કે હે પ્રભો ! મારે પણ લક્ષ્યરૂપે તો તે જ છે. તેથી હવે મને આપનો આધાર જોઈએ છે. માટે મારી વિનંતીને અવગણશો નહિ.

હે પ્રભો ! જે કેવલજ્ઞાન અનાદિકાળથી સત્તામાં પડ્યું હોવા છતાં કર્મોથી તે દબાયેલું હતું, તેને તમે ઘન એવા ઘાતિકર્મોનો છેદ કરીને પર્યાયમાં પ્રગટ કરી દીધું. તેમ કરવા જતાં અનાદિકાલથી આપની સહચારિણી બનેલી અજ્ઞાનદશા રિસાઈ ગઈ અને ખેદ પામીને ચાલી ગઈ, તેને જતી વેળાએ આપે પાછી ન બોલાવી. કાણ એટલે કથા વિશેષ ન કરી. કેમ જાય છે ? ક્યાં જાય છે ? તેની પૃચ્છા પણ ન કરી.

નિદ્રા, સ્વપ્ન, જાગૃત અને ઉજ્જાગર આ ચાર દશા જીવની છે જેને બીજા શબ્દોમાં મિથ્યાત્વ, અવિરત, સુયત અને

નિદ્રા સુપન દશા રિસાણી,
જાણી ન નાથ મનાવી હો.. મલ્લિજિન.. ૩

સમકિત સાથે સગાઈ કીધી,
સપરિવાર શું ગાઢી;
મિથ્યામતિ અપરાધણ જાણી,
ઘરથી બાહિર કાઢી હો.. મલ્લિજિન.. ૪

હાસ્ય, અરતિ, રતિ, શોક, દુગંછા,
ભય પામર કરસાલી;
નોકષાય શ્રેણી ગજ ચડતાં,
શ્વાન તણી ગતિ ઝાલી હો.. મલ્લિજિન.. ૫

ચોથી કેવલજ્ઞાન એમ ચાર દશા પણ કહેવામાં આવી છે. હે નાથ ! આપે જ્યારે ક્ષપકશ્રેણી માંડી નવમા ગુણસ્થાનકથી દશમાં ગુણસ્થાનકે આવી આગળ વધ્યા ત્યારે નિદ્રા, સ્વપ્ન વગેરે દશાઓ જાણે આપનાથી રિસાઈ ગઇ હોય તેમ ચાલી ગઈ; તે જ્યારે ચાલી ગઈ છતાં આપે તેને પાછી આવવા માટે મનાવી નહિ તેને જવા દીધી.

હે નાથ ! આપે સમકિત સાથે સગાઈ કીધી છે. એકલા સમકિત સાથે નહિ પણ શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિક્ય વગેરે તેના પરિવાર સહિત સમ્યકત્વની સાથે આપે મજબૂત સંબંધ બાંધ્યો છે અને મિથ્યામતિને અપરાધણ જાણીને આપે તેને આપના આત્મઘરમાંથી બહાર કાઢી મૂકી છે.

હાસ્ય, અરતિ, રતિ, શોક, ભય, દુર્ગંચ્છા એ બધા ચારિત્રમોહજનિત દોષો છે, જેની ગણના નોકષાયમાં થાય છે. કષાયને ઉદ્દીપ્ત કરનારા catalystic agent (ઉદ્દીપક) હોવાથી તેની ગણના નોકષાયમાં કરી છે. કષાયો તેનાથી વધારે બળવાન હોવાથી નોકષાયને પામર કહ્યા છે. તેઓ આત્મા ઉપર કર્મરૂપ કરસણ (ખેતી) થવામાં દંતાળી વગેરેની જેમ મદદગાર હોવાથી કરસાલી કહેવાય છે, હે નાથ ! આપ

રાગદ્વેષ અવિરતિની પરિણતિ,
એ ચરણમોહના યોધા;
વીતરાગ પરિણતિ પરિણમતાં,
ઉઠી નાઠા બોધા હો..મલ્લિજિન.. ૬

વેદોદય કામા પરિણામા,
કામ કરમ સહુ ત્યાગી;
નિષ્કામી કરૂણારસ સાગર,
અનંત ચતુષ્ક પદ પાગી હો.. મલ્લિનાથ.. ૭

જ્યારે ક્ષપકશ્રેણી રૂપી ગજરાજ ઉપર આરૂઢ થયા ત્યારે, આ નવ નોકષાયરૂપ દોષોની હાલત ઊભી બજારે શાનથી રાજવી ઠાઠમાં ચાલી જતાં હાથીની પાછળ ભસતા-વિરોધ કરતા-નાસભાગ કરી રહેલ લાચાર કૂતરાઓ જેવી થઈ ગઈ ભસતા અને વિરોધ નોંધાવતાં તે ભાગી ગયા પલાયન થઈ ગયા.

રાગ, દ્વેષ અને અવિરતિની પરિણતિ તે ત્રણ દોષો જીવના ચરિત્રના પરિણામનો ઘાત કરનારા હોવાથી તે ચરણ મોહના યોદ્ધાઓ છે પણ હે પ્રભો ! આપ જ્યારે વીતરાગ ભાવની પરિણતિએ ચડયા ત્યારે તે ચારિત્ર મોહના સુભટો બોધા એટલે સમજુ હોવાનું ડોળ કરનારા પણ ઉઠીને નાસવા માંડયા.

વેદનો ઉદય, સ્ત્રીસંબંધી કામા એટલે કામના-વાંછા પરિણામ અથવા તો કામા એટલે કંદર્પને લગતા પરિણામો. કામ્યક રસ એટલે કામરસ; એ બધાને છોડીને હે પ્રભો ! આપ કામના રહિત નિષ્કામી થયેલા છો, કરૂણારસના સાગર છો ! અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્યના સ્થાન સ્વરૂપ મોક્ષપદ-સ્વપદ તેના આપ પાગી અર્થાત્ શોધક છો !

દાન વિઘન વારી સહુ જનને,
અભયદાન પદ દાતા;
દાન વિઘન જગ વિઘન નિવારક,
પરમ લાભરસ માતા હો.. મલ્લિજિન.. ૮

વીર્ય વિઘન પંડિત વીર્યે હણી,
પૂરણ પદવી યોગી;
ભોગોપભોગ દોય વિઘન નિવારી,
પૂરણ ભોગ સુભોગી હો.. મલ્લિજિન.. ૯

એ અઢાર દૂષણ વર્જિત તનુ,
મુનિજન વૃંદે ગાયા;
અવિરતિ રૂપક દોષ નિરૂપણ,
નિરદૂષણ મન ભાયા હો.. મલ્લિજિન.. ૧૦

હે પ્રભુ ! આપ દાનાંતરાય કર્મને નિવારીને સઘળા ભવ્ય જીવોને જેનાથી ડર ન થાય તેવી અભયદાનની પદવીને આપનારા છો ! વળી લાભાંતરાય કર્મનું નિવારણ કરીને જગતના વિઘ્નોને નિવારનારા છો, તેમ અજરામર થવા રૂપ જે ઉત્કૃષ્ટ લાભ તે રૂપી રસાસ્વાદમાં આપ પુષ્ટ બનેલા છો!

વીર્યાન્તરાય કર્મને પંડિતવીર્ય વડે હણીને હે નાથ ! આપ પૂરણ પદવી એટલે પરમપદ-મોક્ષપદ તેના યોગી અર્થાત્ ભોક્તા બન્યા છો ! ભોગાંતરાય અને ઉપભોગાંતરાય, એ બંનેને નિવારીને આપ પૂરણ ભોગતા ભોગી બન્યા છો ! આપ પરમાનંદી-પૂર્ણાનંદી થયા છો !

હે નાથ ! આપ ઉપર વર્ણવ્યા પ્રમાણેના અઢાર દોષોથી રહિત છો ! અને એટલા માટે જ આપ મુનિજનના સમુદાયથી સ્તવાએલા છો ! એ અઢાર દોષો અવિરતિ અર્થાત્ અત્યાગના સ્વરૂપવાળા છે; એવું આપે નિરૂપણ કરેલું છે. તેથી આપ દોષ રહિત છો ! એવી મારી ખાત્રી થઈ છે અને તેટલા માટે આપ મારા મનમાં સુહાયા છો ! અર્થાત્ મને ગમો છો, તમે મારા મન ભાવન છો !

ઇણ વિધ પરખી મન વિસરામી,
જિનવર ગુણ જે ગાવે;
દીનબંધુની મહેર નજરથી,
"આનંદઘન" પદ પાવે હો.. મલ્લિજિન.. ૧૧

આ પ્રમાણે દેવતત્ત્વની પરીક્ષા કરીને મનની વિશ્રાંતિ માટે જે કોઇ જિનેશ્વર પરમાત્માના ગુણોને ગાય છે તે દીનબંધુ એવા મલ્લિનાથ પ્રભુની કૃપાથી આનંદઘનપદ અર્થાત્ મોક્ષપદને પ્રાપ્ત કરે છે.

# ૨૦ શ્રી મુનિસુવ્રતસ્વામી જિન સ્તવન

(રાગ : કાફી, આધા આમ પધારો પૂજ્ય, મૈત્રી ભાવનુ,
વૈષ્ણવજન તો, રામ સીયારામ જય જય)

**શ્રી મુનિસુવ્રત જિનરાય,**
**એક મુજ વિનતી નિસુણો,**
**આતમ તત્ત્વ ક્યું જાણું ! જગદ્‌ગુરુ,**
**એહ વિચાર મુજ કહીઓ,**
**આતમ તત્ત્વ જાણ્યા વિણ નિર્મળ,**
**ચિત્તસમાધિ નવિ લહીયો.. મુનિસુવ્રત.. ૧**

**કોઈ અબંધ આતમતત્ત માને,**
**કિરિયા કરતો દીસે;**
**ક્રિયા તણું ફલ કહો કુણ ભોગવે,**
**ઈમ પૂછ્યું ચિત્ત રીસે.. મુનિસુવ્રત.. ૨**

**જડ ચેતન એ આતમ એક જ,**
**થાવર જંગમ સરિખો;**

હે મુનિસુવ્રત જિનરાજ ! મારી એક વિનંતી સાંભળો ! આત્માનું સ્વરૂપ કેવું છે ? તે હું કેમ જાણી શકું ? તે સ્વરૂપ કેવા પ્રકાર નું છે? તે હે જગદ્ગુરુ ! મને સમજાવો ! કારણકે આત્માના સ્વરૂપને જાણ્યા વિના ચિત્ત નિર્મળ સમાધિને પામી શકતું નથી.

કોઈક મતવાળા આત્માને બંધ વિનાનો માને છે અને તે જ આત્મા ક્રિયા કરતો દેખાય છે; ત્યારે જે ક્રિયા કરે છે તેનું ફળ કહો કે કોણ ભોગવશે ? એમ પૂછવાથી તે મનમાં રોષે ભરાય છે.

વેદાંત દર્શનમાં શ્રી શંકરસ્વામીનો એટલે કે શંકરાચાર્યનો જે અદ્વૈત મત કહેવાય છે, તેઓ જગતમાં જે કાંઈ પણ જડ, ચેતન, સજીવ, નિર્જીવ પદાર્થો દેખાય છે, તે સઘળાને એક આત્મરૂપ માને છે, એક બ્રહ્મરૂપ માને છે. એટલું જ નહિ

સુખ-દુઃખ શંકર દૂષણ આવે,
ચિત્ત વિચારી જો પરિખો.. મુનિસુવ્રત.. ૩

એક કહે નિત્ય જ આતમતત્ત,
આતમદરસણ લીનો;
કૃતવિનાશ અકૃતાગમ દૂષણ,
નવિ દેખે મતિહીણો.. મુનિસુવ્રત.. ૪

સૌગતમતરાગી કહે વાદી,
ક્ષણિક એ આતમ જાણો;
બંધ-મોક્ષ, સુખ-દુઃખ નવિ ઘટે,
એહ વિચાર મન આણો.. મુનિસુવ્રત.. ૫

ભૂત ચતુષ્ક વર્જિત આતમ તત્ત,
સત્તા અળગી ન ઘટે;

પણ તે ઉપરાંત સ્થાવર-જંગમ પદાર્થો સુદ્ધાં સરખા છે એમ માને છે. આનંદઘનજી મહારાજ કહે છે કે, જો જડ અને ચેતન બંનેમાં એક સરખો આત્મા માનતા હો, તો સુખદુઃખ અંગેનું શંકર નામનું દૂષણ આવીને તમારા મતમાં ઊભુ રહેશે. સુખ અને દુઃખનો અનુભવ આત્માને જ હોય છે.

આત્મદર્શનમાં લીનતાથી રૂચિવાળો કોઈક અદ્વૈતવાદી કહે છે કે, આત્મા એકાંતે નિત્ય છે કેમકે આત્મા સ્વરૂપમાં નિમગ્ન છે, આમ માનનારાને કૃતવિનાશ અને અકૃતાગમ નામના બે દૂષણ આવે છે, તેને બુદ્ધિહીન એકાંતવાદી જોઈ શકતો નથી.

સૌગત તરીકે ઓળખાતા તથાગત બૌદ્ધ મત ઉપર પ્રીતિ ધરાવનાર કોઈ વાદી કહે છે કે આત્માને ક્ષણે ક્ષણે ઉત્પન્ન થનારો જાણો ! (શ્રીમદ્ આનંદઘનજી કહે છે કે જો એમ માનીએ તો) બંધ, મોક્ષ, સુખ, દુઃખ એ તમામ વ્યવસ્થા નહિ ઘટે; એ વિચાર - એ તર્ક તમારે મનમાં આણવો જોઈએ !

ભૂત ચતુષ્ક એટલે પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુ એ ચાર ભૂતો સિવાય આત્મતત્ત્વની નિરાળી સત્તા ઘટતી

અંધ શકટ જો નજરે ન દેખે,
તો શું કીજે શકટે ? મુનિસુવ્રત.. ૬

એમ અનેકવાદી મત વિભ્રમ,
સંકટ પડિયો ન લહે;
ચિત્ત સમાધિ માટે પૂછું,
તુમ વિણ તત્ત કોઈ ન કહે.. મુનિસુવ્રત.. ૭

વળતું જગગુરુ એણી પરે ભાખે,
પક્ષપાત સબ છંડી;
રાગ, દ્વેષ, મોહ પખ વર્જિત,
આતમસું રઢ મંડી.. મુનિસુવ્રત.. ૮

નથી અર્થાત્ પૃથ્વી આદિ ચારેને છોડીને આત્મ તત્ત્વનું જુદું હોવાપણું સંભવતું નથી. આમ ચાર્વાક્ અર્થાત્ નાસ્તિક મતવાળા માને છે. આનંદઘનજી તેના ઉપર આપત્તિ આપતા કહે છે કે, આંધળો માણસ રસ્તેથી પસાર થતા ગાડાને જો નજરે ન જોઈ શકે તો તેમાં ગાડાનો શો અપરાધ છે ? આનંદઘનજીએ આ પ્રશ્ન ખડો કરી એવી આપત્તિ આપી છે કે ભલભલા બુદ્ધિમાનને પણ ચૂપ થઈ જવુ પડે તેમ છે.

આ રીતે અનેક મતવાદીઓ પોતપોતાની વાત આત્માના વિષયમાં કહી રહ્યા છે; તેથી મારી મતિ ભ્રમિત થઈ ગઈ છે. હું સંકટમાં આવી પડ્યો છું. આ બધામાં વાસ્તવિક તત્ત્વ શું છે તે હું જાણી શકતો નથી. તેથી હે નાથ ! ચિત્તની સમાધિ માટે હું આપને આત્મતત્ત્વ વિષે પૂછી રહ્યો છું કારણકે આપ વિના તત્ત્વનું સ્વરૂપ બીજા કોઈ અન્ય દર્શનવાળા મને સારી રીતે કહી શકે તેમ નથી.

આનંદઘનજી જેવા મહાપુરૂષે આત્મતત્ત્વ જાણવા ભગવાનને પ્રશ્ન કર્યો એટલે વળતા જવાબમાં જગદ્ગુરુ જિનેશ્વર પરમાત્મા જણાવે છે કે ઉપરમાં જે વિચારણા કરી આવ્યા તે તે મતોનો પક્ષપાત અથવા દૃષ્ટિરાગ છોડીને, રાગ, દ્વેષ અને મોહનો પક્ષ વર્જીને આત્માની દૃઢ પ્રીતિ જગાવવી.

આતમધ્યાન કરે જો કોઉં,
સો ફિર ઈણમેં નાવે;
વાગ જાળ બીજું સહુ જાણે,
એહ તત્ત્વ ચિત્ત લાવે.. મુનિસુવ્રત.. ૯

જેણે વિવેક ધરી એ પખ ગ્રહિયો,
તે તત્ત્વજ્ઞાની કહીએ;
શ્રી મુનિસુવ્રત કૃપા કરો તો,
''આનંદઘન'' પદ લહીએ.. મુનિસુવ્રત.. ૧૦

હૃદયમાં આત્મતત્ત્વવી જ ધૂન જગાવવી એટલે આત્મતત્ત્વ અનુભૂતિમાં આવી જશે.

જીવનમાં આત્માની ધૂન જગાવીને જે કોઈ વ્યક્તિ આત્માનું ધ્યાન ધરે છે, તેને આ જન્મ-મરણના ફેરામાં ફરીથી આવવાનું રહેતું નથી અર્થાત્ જે કોઈ યોગીજન આત્મધ્યાન ધરે છે તે ફરી સંસારના ચક્કરમાં આવતા નથી, આત્મધ્યાની, આત્મધ્યાન સિવાય બીજુ બધું વાગ્જાળ સમજે છે અને ધ્યાનનું જે તત્ત્વ છે તેને જ ચિત્તમાં ચાહે છે.

જેણે સત્-અસત્નો વિવેક કરીને આત્મ ધ્યાનનો પક્ષ ગ્રહણ કર્યો તેને જ ખરો તત્ત્વજ્ઞાની કહેવો જોઈએ. હે મુનિસુવ્રત ભગવાન! આપ કૃપા કરો તો અમે આનંદઘન પદ એટલે મોક્ષપદને પામી શકીએ. હે પ્રભો! આપની કૃપા તો જગતના સર્વ જીવો પર એક સરખી છે.

# ૨૧ શ્રી નમિનાથ જિન સ્તવન

(રાગ : આશાઉરી, ધન ધન સંપ્રતિ રાજા સાચો)

**ષટ્દરિસણ જિન અંગ ભણીજે,**
**ન્યાય ષડંગ જો સાધે રે;**
**નમિજિનવરના ચરણ ઉપાસક,**
**ષટ્દરિસણ આરાધે રે. ૧**

**જિન સુર પાદપ પાય વખાણો,**
**સાંખ્ય-યોગ દોય ભેદ રે;**
**આતમ સત્તા વિવરણ કરતાં,**
**લહો દુગ અંગ અખેદે રે.. ષટ્દરિસણ.. ૨**

**ભેદ અભેદ સુગત મિમાંસક,**
**જિનવર દોય કર ભારી રે;**
**લોકાલોક અવલંબન ભજીએ,**
**ગુરુગમથી અવધારી રે.. ષટ્દરિસણ.. 3**

સાંખ્ય, યોગ, બૌદ્ધ, મીમાંસક, ચાર્વાક અને જૈન દર્શન આ છએ દર્શનો જિનેશ્વર ભગવાનના અંગરૂપે કહેવાય છે. શી રીતે ? તો કહે છે કે, જિનેશ્વર ભગવાનની આકૃતિમાં છ દર્શનોની સ્થાપના છ અવયવમાં કરવામાં આવે તો, એ છએ દર્શનો જિનના અંગરૂપ અર્થાત્ અંગના અંગી તરીકે જણાશે. આ છએ દર્શનોનું યથાવસ્થિત સ્વરૂપ સમજીને જે આરાધન કરે તેને નમિ જિનેશ્વરના ચરણનો ઉપાસક જાણવો.

કપિલ મુનિ પ્રણીત સાંખ્ય દર્શન અને પતંજલિ ઋષિ પ્રણીત યોગ દર્શન, આ બંનેને તમે જિનેશ્વર પરમાત્મા રૂપી કલ્પવૃક્ષ તેના મૂળ રુપે અર્થાત્ બે પગરૂપે વખાણો એટલે જાણો. આ બન્ને દર્શનો આત્માની શક્તિનું સ્પષ્ટ વિવેચન કરનાર છે તેથી તે સાંખ્ય અને યોગ બન્ને દર્શનને ખેદ રાખ્યા વિના જ જિનમતરૂપી કલ્પવૃક્ષના બે અંગો ધારો.

ક્ષણે ક્ષણે વસ્તુ બદલાઈ રહી છે, તેવું માનનાર ભેદવાદી- ક્ષણિકવાદી સુગત એટલે કે બૌદ્ધ દર્શન છે અને આત્માને સર્વથા નિત્ય માનનાર અભેદવાદી-નિત્યવાદી એવું મીમાંસક દર્શન છે. આ બંને જિનેશ્વર પરમાત્મારૂપી પુરુષના લોક અને અલોકના અવલંબન રૂપે એટલે કે આધાર રૂપે રહેલા બે હાથ છે. આ વાત ગુરુગમથી અવધારવા યોગ્ય છે અને અવધારીને એ સ્વરૂપે ભજવા યોગ્ય છે.

લોકાયતિક કુખ જિનવરની,
અંશ વિચાર જો કીજે રે;
તત્ત્વવિચાર સુધારસ ધારા,
ગુરુગમ વિણ કિમ પીજે રે.. ષટ્દરિસણ.. ૪

જૈન જિનેશ્વર વર ઉત્તમ અંગ,
અંતરંગ બહિરંગે રે;
અક્ષર ન્યાસ ધરા આરાધક,
આરાધે ધરી સંગે રે.. ષટ્દરિસણ.. ૫

જૈનદર્શન સિવાયના જે પાંચ દર્શન છે, એમાંના ચાર પૂર્વે કહ્યાં તેમ આસ્તિક દર્શનો છે અને હવે પાંચમો જે લોકાયતિક મત-ચાર્વાકમત તરીકે પ્રસિદ્ધ જે નાસ્તિક મત છે એને જિનમત-જિનદર્શનરૂપી કાલ્પનિક પુરુષના ચિત્રમાં કુક્ષિની જગ્યાએ સ્થાન આપે છે. તત્ત્વની વિચારણારૂપ અમૃતરસની ધારા, સ્વપર સમયના જાણકાર એવા ગુરુ વિના કેમ પી શકાય ? માટે જ ગુરુના ચરણકમળની ઉપાસના કરવા યોગ્ય છે.

જુદા જુદા દર્શનોને જિનેશ્વર પરમાત્મા રૂપી પુરુષના જુદા જુદા અંગમાં સ્થાન આપ્યા પછી, હવે જૈન દર્શન એ વીતરાગ-સર્વજ્ઞ-તીર્થંકર પરમાત્મા દ્વારા પ્રરૂપિત હોવાથી તેને મસ્તિષ્કમાં સ્થાન આપે છે કે જે વર એટલે કે શ્રેષ્ઠ-ઉત્તમઅંગ છે, એવા ઉત્તમઅંગ મસ્તિષ્કમાં સર્વદર્શનના શિરતાજરૂપે-મુગટરૂપે સ્થાન આપ્યું છે. 'જિનેશ્વર પરમાત્માએ આપેલ ત્રિપદી અને તેમાંથી ગણધરોએ રચેલ દ્વાદશાંગી કે જે સર્વાક્ષર સંનિપાતી હોવાના કારણે જેમાં સર્વ અક્ષરનો ન્યાસ થયેલો' છે, તેને જે આત્મા, 'ધરા આરાધક' એટલે મૂળથી સારી રીતે ધારીને આરાધે છે અર્થાત્ પોતાની મતિકલ્પનાને તેમાં સ્થાન ન આપતા ગુરુગમથી આરાધે છે, તે સર્વઅક્ષરન્યાસ

જિનવરમાં સઘળાં દરશન છે,
દરશને જિનવર ભજના રે;
સાગરમાં સઘળી તટિની સહી,
તટિનીમાં સાગર ભજના રે.. ષટ્દરિસણ.. ૬

જિન સ્વરૂપ થઈ જિન આરાધે,
તે સહી જિનવર હોવે રે;
ભૃંગી ઈલિકાને ચટકાવે,
તે ભૃંગી જગ જોવે રે.. ષટ્દરિસણ.. ૭

ચૂર્ણિ ભાષ્ય સૂત્ર નિર્યુક્તિ,
વૃત્તિ પરંપર અનુભવ રે;
સમય પુરુષના અંગ કહ્યા એ,
જે છેદે તે દુર્ભવ્ય રે.. ષટ્દરિસણ.. ૮

આરાધક કહેવાય છે અને તે સાંગોપાંગપણે જિનદર્શનને આરાધી શકે છે અર્થાત્ બહુ થોડા સમયમાં મુક્તિ પામે છે.

જેમ તમામ નદીઓનો સમુદ્રમાં સમાવેશ થાય છે તેમ ભિન્ન ભિન્ન ધર્મને માનનારા દર્શનોનો જૈનદર્શનમાં સમાવેશ થાય છે. પણ નદીમાં સાગરની ભજના છે અર્થાત્ નદીમાં તો સાગરનો અંશ માત્ર છે. એટલે નદીમાં સાગર સમાઈ શકતો નથી તેમ અન્યદર્શનો તો સ્યાદ્વાદ દર્શનનો અંશમાત્ર છે માટે અન્ય દર્શનોમાં જૈનદર્શન સમાઇ શક્તું નથી.

જિનેશ્વર પરમાત્મામાં લીન થઈને-તદાકાર થઇને, જે તેની આરાધના કરે છે, તે નક્કી જિનેશ્વર થાય છે, જેમ ભમરી જ્યારે ઈયળને ચટકો મારે છે-ડંખ મારે છે ત્યારે તે ઈયળ ભમરી રૂપે થઈ જાય છે અને તે બાબતને આખું જગત જુવે છે.

૪૫ આગમ એ મૂળ આગમ સૂત્રો છે; એના ઉપર ચૂર્ણિ, ભાષ્ય, નિર્યુક્તિ અને વૃત્તિ એટલે ટીકાઓ મહાપુરુષો દ્વારા રચાયેલી છે. આમ મૂળ સૂત્ર સાથે ચારનો સમાવેશ થતાં તે પંચાંગી કહેવાય છે. આગમરૂપી પુરુષના અંગભૂત આ પંચાંગી અને ગુરુપરંપરા દ્વારા મળેલ અનુભવ, તેને જે છેદે અર્થાત્ ઉત્થાપે તે દુર્ભવ્ય છે-ભારે કર્મી છે.

મુદ્રા બીજ ધારણા અક્ષર-
ન્યાસ અરથ વિનિયોગે રે;
જે ધ્યાવે તે નવિ વંચીજે,
ક્રિયા અવંચક ભોગેરે.. ષટ્દરિસણ.. ૯

શ્રુત અનુસાર વિચારી બોલું,
સુગુરુ તથાવિધ ન મિલે રે;
કિરિયા કરી નવિ સાધી શકીએ,
એ વિખવાદ ચિત્ત સઘળે રે.. ષટ્દરિસણ.. ૧૦

તે માટે ઉભા કર જોડી,
જિનવર આગળ કહીએ રે;
સમય ચરણ સેવા શુદ્ધ દેજો,
જિમ "આનંદઘન" લહીએ રે.. ષટ્દરિસણ.. ૧૧

જેમ ૮મી કડીમાં સમય પુરૂષના છ અંગ કહ્યાં તેમ અહીં યોગના છ અંગ; મુદ્રા, બીજ, ધારણા, અક્ષર, ન્યાસ, અર્થ વિનિયોગ બતાવે છે. આ અંગોને જે ગુરુગમથી સાધે છે, તે કર્મ શત્રુઓથી અથવા ષડ્ રિપુઓથી એટલે કે કષાયોથી ઠગાતો નથી કેમકે તેની ક્રિયા મહાપુરુષોએ બતાવેલ આજ્ઞાનુસારે હોવાથી તે આત્માને ન ઠગવારૂપ છે.

સિદ્ધાંતમાં કહ્યા પ્રમાણે વિચાર કરીને બોલું છું, તો આ વખતમાં મને નીચે પ્રમાણેની સ્થિતિ દેખાય છે. શાસ્ત્રમાં કહ્યા પ્રમાણેના લક્ષણોવાળા સુગુરુ દેખાતા નથી; શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે ક્રિયા કરીને અનુભવ જ્ઞાની ગીતાર્થગુરુ વિના મોક્ષનું કારણ બને તેવું હું સાધુપણું પામી શકતો નથી. તેથી રાત્રિ-દિવસ એ ખેદ સઘળાના મનમાં વ્યાપી રહેલો છે.

તેથી હે પ્રભો ! આપની પાસે હાથ જોડીને ઉભો છું અને વિનંતી કરું છું કે મને યોગ્ય અવસરે સમય પુરુષના ચરણની શુદ્ધ સેવા આપજો કે જેથી આનંદઘન સ્વરૂપ પરમાત્મપદ પ્રાપ્ત થાય !

૨૨

# શ્રી નેમિનાથ જિન સ્તવન

(રાગ : મારૂણી, વણરા ઢોલા, મૈત્રી ભાવનુ,
વૈષ્ણવજન તો, રામ સીયારામ જય જય)

અષ્ટ ભવાંતર વાલહી રે,
તું મુજ આતમરામ, મનરાવાલા,
મુગતિ સ્ત્રી શું આપણે રે,
સગપણ કોઈ ન કામ. મનરા.. ૧

ઘર આવો હો વાલમ ! ઘર આવો,
મારી આશાના વિસરામ, મનરાવાલા,
રથ ફેરો હો સાજન ! રથ ફેરો,
મારા મનના મનોરથ સાથ.. મનરા.. ૨

નારી પખો સ્યો નેહલો રે,
સાચ કહે જગનાથ, મનરાવાલા,

હે નાથ ! આ ભવમાં આપ નેમીશ્વર થયા છો અને હું રાજીમતિ થઈ છું. આપની સાથેનો મારો સંબંધ માત્ર આ ભવનો જ નથી; તે પહેલા પણ આઠ-આઠ ભવોથી આપ મારા પ્રાણનાથ થયેલા છો, તેથી આ નવમા ભવે પણ આપ જ મારા આતમરામ છો. વળી આપ જ મારા મનના સ્વામી છો, તેથી હું કહું છું કે હે નાથ ! હવે આપે જે મુક્તિરૂપી સ્ત્રી સાથે પરણવાની ઈચ્છા કરી છે, તેની સાથે સગપણ રાખવાનું કોઈ જ કામ નથી કારણકે મારો અને આપનો આઠ ભવોનો સ્નેહ છે આપ રથને પાછો વાળો અને મારા પિતાના ઘરમાં જ્યાં હું છું ત્યાં આપ પાછા ફરો. મારી તમામ આશાઓ આપનાથી સફળ થવાની છે, તેથી મારી આશાના આપ વિશ્રામરૂપ છો. મારા મનના મનોરથો જતા રહ્યા છે તેથી મારા મનના મનોરથોને પૂરવા આપ રથને પાછો વાળો, હે સાજન ! મારા મનના મનોરથની સાથે આપ રથ પાછો ફેરવો, અને મારે ઘેર આવો! રથ ફેરો એ પ્રયોગ બે વખત કર્યો છે તે પ્રીતિની પ્રબળતા બતાવવા માટે છે અને આગ્રહ સ્વરૂપ છે. તેથી તે દોષરૂપ નથી.

એકલો સ્ત્રીના પક્ષનો સ્નેહ શા કામનો ? હે જગતના સ્વામી ! હું સાચું કહું છું, તેનો આપ વિચાર કરો ! મહાદેવે પાર્વતીજીને, ‘પોતાના અરધા શરીર સાથે જોડી દીધેલાં છે,

ઈશ્વર અરધાંગે ધરી રે,
તું મુજ ઝાલે ન હાથ.. મનરા.. ૩

પશુજનની કરુણા કરી રે,
આણી હૃદય વિચાર, મનરાવાલા,
માણસની કરુણા નહીં રે,
એ કુણ ઘર આચાર.. મનરા.. ૪

પ્રેમ કલ્પતરુ છેદીયો રે,
ધરીયો યોગ ધતૂર, મનરાવાલા,
ચતુરાઈરો કુણ કહો રે,
ગુરુ મિલિયો જગ સૂર.. મનરા.. ૫

માહરું તો એમાં કશું નહીં રે,
આપ વિચારો રાજ, મનરાવાલા,

અને આપ તો મારો હાથ પણ ઝાલતા નથી, અર્થાત્ મારી સાથે પાણિગ્રહણ પણ કરતાં નથી, એ કેવી વાત છે ? તે આપ વિચારો !

હે પ્રભો ! તમોએ મનમાં વિચારીને પશુજાતિ ઉપર કરુણા કરી ત્યારે તમને મનુષ્યજાતિની હું હોવા છતાં તેની કરૂણા નથી આવતી એ ક્યા ઘરનો આચાર છે ? હે પ્રભો! જે હીન પ્રાણી ઉપર દયા કરે તેને તેવા પ્રાણીઓ કરતાં વધારે પુન્યવાન ઉપર તો જરૂર દયા કરવી જોઈએ. મારી વિનંતીને માન આપીને આપ પાછા ફરતા નથી અને મારા ઉપર દયા કરતા નથી તો આ કોના ઘરનો ન્યાય છે ?

હે નાથ ! આપે પ્રેમરૂપી કલ્પવૃક્ષને છેદી નાંખ્યો છે અને તેની જગ્યાએ યોગરૂપી ધતૂરો વાવ્યો છે પણ મને જરા કહો તો ખરા કે આવી ચતુરાઈ શીખવનાર આ જગતમાં શૂરવીર એવો કયો ગુરુ મળ્યો છે?

રાજીમતિ કહે છે કે, આપે જે આ અયોગ્ય આચરણ કરેલું છે તેમાં મારું તો કંઈ જવાનું નથી પણ હે નાથ ! આપ જરા વિચાર કરો કે, આપ જ્યારે રાજસભામાં અનેક

રાજસભામાં બેસતાં રે,
કિસહી વધશે લાજ.. મનરા.. ૬

પ્રેમ કરે જગજન સહુ રે,
નિરવાહે તે ઓર, મનરાવાલા,
પ્રીત કરીને છાંડી દિયેરે,
તેહશું ન ચાલે જોર.. મનરા.. ૭

જો મનમાં એહવું હતું રે,
નિસપતિ કરત ન જાણ, મનરાવાલા,
નિસપતિ કરીને છાંડતાં રે,
માણસ હવે નુકસાન.. મનરા.. ૮

દેતાં દાન સંવત્સરી રે,
સહુ લહે વાંછિત પોષ, મનરાવાલા,
સેવક વંછિત નવિ લહે રે,
તે સેવકનો દોષ.. મનરા.. ૯

લોકોની વચ્ચે બેસશો ત્યારે તે વખતે આપની શોભા કેવી વધશે ? તેનો જરા વિચાર કરો અને રથને પાછો ફેરવો.

સમસ્ત લોકમાં રહેલા મનુષ્યાદિ જીવો, પ્રેમ સંબંધને રાગના સંબંધને બાંધે છે. પ્રેમભાવથી ઓતપ્રોત કરે છે. તેમાં એવા થોડાક જ લોકો હશે કે જં સંબંધને બાંધ્યા પછી લાંબા સમય સુધી તેનો નિર્વાહ કરે છે. પ્રીતિથી બંધાયેલા એકમેકમાં તરબોળ થયેલા, અતૂટ સ્પંદનોથી લય પામેલા તે સંબંધોને જ્યારે તે છોડી દે છે તો શું ત્યારે તે કામ બહાદુરીનું કહેવાય ? તેના ઉપર ક્યું જોર ચાલી શકે ?

જો કદી મનમાં પહેલેથી પ્રવ્રજિત (દીક્ષિત) થવાનું હતું તો નિસપતિ એટલે સગાઈ-સંબંધ નહોતા કરવા જોઇતા. હે જાણ ! હે સમજવાન ! શું આપ નથી સમજતા કે સગાઈ સંબંધ કરીને છોડી દેતાં સ્ત્રી- માણસ હેરાન થાય છે અને વખતે મરી પણ જાય છે.

હે નાથ । આપ દીક્ષા અંગીકાર કરતા પહેલા એક વર્ષ પર્યંત સંવત્સરી-દાન અર્થાત્ વર્ષીદાન આપનાર છો, તેમાં સૌ કોઈ પોતાના મનોવાંછિતને મેળવશે જ્યારે, હું તો આપની ભવોભવની સેવિકા એટલે દાસી છું છતાં આપે મારા

સખી કહે એ શામળો રે,
હું કહું લક્ષણ સેત, મનરાવાલા,
ઈણ લક્ષણ સાચી સખી રે,
આપ વિચારો હેત.. મનરા.. ૧૦

મનોવાંછિતને પૂર્યા નથી; તેમાં હે નાથ ! આપનો નહીં પણ મારા કર્મનો જ દોષ છે. દરિદ્રના ઘરે રત્નોની વૃષ્ટિ ન થાય તેમાં રત્નોનો શું વાંક હોઈ શકે ? સેવકની સેવાનો દોષ સમજું છું. આ રીતે રાજીમતિજી પોતાના હૃદયની વેદનાને ઉત્કટ રીતે ઠાલવી રહ્યા છે.

હે નાથ ! આપ જ્યારે જાન જોડીને આવી રહ્યા હતા ત્યારે ચંદ્રાનના, વગેરે સખીઓ કહેતી હતી કે, આ વર બધી રીતે તો સારો છે પણ રંગે શામળો છે. વરના બીજા બધા લક્ષણો તો બાજુ પર રહો, વર સૌથી પહેલા તો ગોરો હોવો જોઈએ. ત્યારે મેં સખીઓને કહેલું કે હે સખીઓ ! તમે તો એના ચામડીના વર્ણને જ જુઓ છો પણ એના ગુણો તો જુઓ ! ગુણોથી એ શ્યામ નહીં પણ શ્વેત છે. આપના ગુણો અને લક્ષણોની વાત કરીને મેં સખીઓને ચૂપ કરી દીધી હતી. પણ આપ જ્યારે લીલા તોરણથી રથ ફેરવીને પાછા જઈ રહ્યા છો અને હસ્ત મેળાપ કરવા જરા પણ તૈયાર નથી એટલે મારી સખીઓ સાચી ઠરી છે અને હું આપની આઠ આઠ ભવના સંબંધવાળી હોવા છતાં સખીઓ આગળ ખોટી ઠરી છું. મારી સખીઓએ તો એટલી હદ સુધી મને કહેલું કે કાળાં વર્ણવાળા મનુષ્યો હૃદયના કઠોર હોય છે માટે તું તેને પરણવાની આશા છોડી દે અને વાત પણ એમ જ બની

રાગીશું રાગી સહુ રે,
વૈરાગી સ્યો રાગ, મનરાવાલા,
રાગ વિના કેમ દાખવો રે,
મુગતિ સુંદરી માંગ.. મનરા.. ૧૧

એક ગુહ્ય ઘટતું નથી રે,
સઘળો યે જાણે લોગ, મનરાવાલા,
અનેકાંતિક ભોગવો રે,
બ્રહ્મચારી ગત રોગ.. મનરા.. ૧૨

છે. આપ મારી જરાય દયા ખાતા નથી એટલે સખીઓની આગળ હું તો એકદમ ભોંઠી પડી ગઈ છું. આપે જો રથને તોરણ તરફ પાછો વાળ્યો હોત તો મારી બાજી સુધરી જાત. રાજીમતિ આ રીતે વલોપાત કરી રહી છે, પરંતુ આ કડી દ્વારા શ્રીમદ્ આનંદઘનજી મહારાજાનો અંગુલિનિર્દેશ તો કંઈ ઓર જ દૃષ્ટિકોણ ધરાવે છે.

રાજીમતિજી પોતાનો આંતર વલોપાત ઠાલવતાં ઠાલવતાં ઠપકો-ઓળંભારૂપે પ્રભુને કહી રહી છે કે સંસારમાં સર્વ જીવો રાગી સાથે રાગ રાખે છે. પણ હું તો વૈરાગી છું તેની સાથેનો રાગ શા કામનો ? એમ જો આપ કહેતા હો તો પછી આપ મુક્તિરૂપી સ્ત્રીને વરવાની ઇચ્છા કેમ કરો છો ? શું તે રાગ નથી ?

હે નાથ ! આપની એક વાત ગુહ્ય છે-ગુપ્ત છે પરંતુ તે ગુપ્ત હોવાનું ઘટતું તથી કેમકે સઘળા લોકો તે જાણે છે. જેને સઘળા જાણે, તેને ગુપ્ત શી રીતે કહેવાય ? કયું ગુપ્ત ઘટતું નથી તે બતાવતાં રાજીમતિ કહે છે કે એક બાજુ આપ બાળ બ્રહ્મચારી ગણાઓ છો અને બીજી બાજુ આપ અનેકાન્તિક અર્થાત્ વ્યભિચાર દોષને ભોગવો છો, તે વાત સઘળા લોકો જાણે છે.

જિણ જોણી તુમને જોઉં રે,
તિણ જોણી જુઓ રાજ, મનરાવાલા,
એકવાર મુજને જુઓ રે,
તો સીઝે મુજ કાજ.. મનરા.. ૧૩

“મોહ દશા ધરી ભાવના” રે,
ચિત્ત લહે તત્ત્વ વિચાર, મનરાવાલા,
વીતરાગતા આદરી રે,
પ્રાણનાથ ! નિરધાર.. મનરા.. ૧૪

સેવક પણ તે આદરે રે,
તો રહે સેવક મામ, મનરાવાલા,

રાજીમતિનો ઉત્કટ પ્રેમ નેમિનાથ પ્રભુ પ્રત્યે બળવત્તરતાને પામી રહ્યો છે, હે નાથ ! હે મારા અંતરના ઘનશ્યામ ! મારી સરાગી-દષ્ટિથી જેમ હું તમને જોઉં છું ! તેવી રીતે આપ પણ એક્વાર મારા પ્રતિ એ જ દષ્ટિથી નિહાળો, અનુગ્રહથી જુઓ ! આપની સાથેનો હસ્ત-મેળાપ તો દૂર રહ્યો પરંતુ આપે તારા-મૈત્રક પણ રચ્યું નથી, આંખથી આંખ પણ મિલાવી નથી તો હવે હે નાથ ! એકવાર પ્રેમભરી દષ્ટિથી મુજને નિહાળો તો મારા મનના મનોરથ પૂર્ણ થયાનો અહેસાસ રહેશે, મારૂ કાર્ય સીઝશે, મુજ કાર્ય પૂર્ણ થયું એમ હું માનીશ !

અત્યાર સુધી તો મોહદશા ધારણ કરીને હું વિચારણા કરતી હતી ત્યારે મને સર્વ વિપરીત લાગતું હતું પણ તત્ત્વદષ્ટિથી ચિત્તમાં વિચારણા કરતા હવે બધું યે બરાબર લાગે છે અને હે પ્રાણનાથ ! મને નિરધાર એટલે ખાત્રી થઈ છે કે આપે વીતરાગતા ધારણ કરી લીધી છે.

સાચો સેવક તે છે કે જે સ્વામીના માર્ગને અનુસરે, જ્યારે સ્વામીએ વીતરાગતા આદરી છે તો સેવક તરીકેનું મારું પણ કર્તવ્ય છે કે મારે પણ તે જ વીતરાગતાને આદરવી. સ્વામીના આશયને અનુસરીને ચાલવું એ જ એક શ્રેષ્ઠ

આશય સાથે ચાલિયે રે,
એહિ જ રૂડું કામ.. મનરા.. ૧૫

ત્રિવિધ યોગ ધરી આદર્યો રે,
નેમનાથ ભરથાર, મનરાવાલા,
ધારણ, પોષણ, તારણો રે,
નવસર મુગતાહાર.. મનરા.. ૧૬

કારણ રૂપી પ્રભુ ભજ્યો રે,
ગણ્યો ન કાજ અકાજ, મનરાવાલા,
કૃપા કરી મુજ દીજીએ રે,
"આનંદઘન" પદ રાજ.. મનરા..૧૭

કામ છે. એ સિવાય બીજો કોઈ માર્ગ જ નથી અર્થાત્ મારે પણ સ્વામીને અનુરૂપ વીતરાગતાની સાધના જ કરવી રહી.

મન, વચન, કાયાના શુદ્ધ પ્રણિધાને કરીને અથવા ઈચ્છાદિક ત્રણ યોગે કરીને શ્રી નેમિપ્રભુને સર્વપ્રકારે મારા સ્વામી તરીકે સ્વીકારી લઈ મેં તેમની જ આરાધના શરૂ કરી છે. તેને જ આશ્રયદાતા પાલનહાર, તારણહાર અને નવસેરો મોતીનો હાર માની લીધો છે. નવસેરા હારની માફક શ્રીનેમિનાથ સ્વામિને હૃદયમાં પૂરેપૂરા ધારણ કર્યા છે તેથી મારા સર્વ મનોરથોની પૂર્તિ થશે.

વ્યવહારનયે જે નેમિનાથ પ્રભુ છે તે જ નિશ્ચય નયે મારો નિજ કારણ-પરમાત્મા છે. મારા કાર્યમાં સફળતા મળશે કે નહિ એની ગણના કર્યા વિના હે પ્રભો ! મેં આપને ભજ્યા છે, રાત'દિ આપની જ ભક્તિમાં મારો આત્મા લાગેલો છે; તો હે પ્રભો ! કૃપા કરીને આપ મને આપનું આનંદઘનપદ આપો અર્થાત્ મુક્તિનું સામ્રાજ્ય આપની કૃપાથી મને મળો; એમ હું ઇચ્છું છું.

૨૩

# શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

(રાગ : સારંગ, રસિયાની દેશી)

ધ્રુવ પદ રામી હો સ્વામી માહરા,
નિષ્કામી ગુણરાય, સુજ્ઞાની;
નિજ ગુણ કામી હો પામી તું ધણી,
ધ્રુવ આરામી હો થાય.. સુજ્ઞાની.. ૧

સર્વવ્યાપી કહે સર્વ જાણંગપણે,
પર પરિણમન સ્વરૂપ, સુજ્ઞાની,
પરરૂપે કરી તત્ત્વપણું નહીં,
સ્વસત્તા ચિદ્‌રૂપ.. સુજ્ઞાની.. ૨

હે સ્વામી ! હે નાથ ! આપ ધ્રુવ પદમાં રમણતા કરી રહ્યા છો અને આપના આલંબને અમારે પણ ધ્રુવ પદ પામવું છે. ધ્રુવ પદ એટલે છે-છે અને છે. જે હતું-છે અને રહેવાનું છે, જેનો નાશ કોઈ પણ કાળે નથી તે ત્રિકાલાબાધિત ધ્રુવ પદ એટલે નિશ્ચયી અચળ સ્થાન. તેમાં રમણતા કરનારા, આરામ કરનારા એવા માહરા સ્વામી એ પોતે નિષ્કામી છે એટલે સર્વકામનાઓ જેમની શાંત થઈ ગઈ છે, તેવા પૂર્ણકામ છે. અનંત કરૂણાને કરનારા પરમાત્માને, જે ધણી તરીકે પામે છે; તે પોતે નિજગુણકામી બનીને એટલે સ્વરૂપને પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળા બનીને અંતે શાશ્વત શાંતિ પ્રાપ્ત કરનાર ધ્રુવ આરામી બને છે. આતમ આરામી કેવળજ્ઞાની બને છે,

હે સ્વામી ! તમને લોક-અલોકમાં વ્યાપીને રહેલ જો કોઈ કહે, તો તે સર્વ જાણંગપણે ઘટી શકે તેમ છે. તમે ત્રણેકાળના, સર્વ ક્ષેત્રના સઘળા પદાર્થોને તેના અનંત અનંત ગુણ-પર્યાયો સહિત એક સમય માત્રમાં જાણો છો ! આમ સર્વ વસ્તુના જ્ઞાતાપણાથી જ આપ સર્વ વ્યાપી થઈ શકો છો ! બાકી પરવસ્તુમાં પરિણમન પામવા સ્વરૂપે અર્થાત્ પરવસ્તુમય થવા સ્વરૂપે આપનામાં સર્વવ્યાપીપણું ઘટી શક્તું નથી. ‘‘પર રૂપે કરી’’ એટલે પરભાવથી તત્ત્વપણું તે સર્વવ્યાપીપણું નથી (અથવા જો) પરભાવ રૂપે પામવા વડે

જ્ઞેય અનેકે હો જ્ઞાન અનેકતા,
જલ ભાજન રવિ જેમ, સુજ્ઞાની,
દ્રવ્ય એકત્વપણે ગુણ એક્તા,
નિજપદ રમતા હો ખેમ.. સુજ્ઞાની.. ૩

પર ક્ષેત્રે ગત જ્ઞેયને જાણવે,
પર ક્ષેત્રે થયું જ્ઞાન, સુજ્ઞાની,
અસ્તિપણું નિજક્ષેત્રે રહ્યું,
નિર્મળતા ગુણમાન.. સુજ્ઞાની.. ૪

કરીને સર્વવ્યાપીપણું માનવામાં આવે તો તત્ત્વપણું એટલે આત્મગુણમયતા-આત્મપણું નહિ રહી શકે કેમકે સ્વ સત્તા એટલે આત્મસત્તા તો ચિદ્રૂપ છે, જ્ઞાનરૂપ છે.

પાણીથી ભરેલા વાસણમાં સૂર્યનું પ્રતિબિંબ પડતાં જેમ સૂર્ય અનેક દેખાય છે તેમ જ્ઞેયો અનેક હોવાથી જ્ઞાન પણ અનેક બનશે. દ્રવ્યનું એકત્વ હોવાથી ગુણોનું પણ એકત્વ ઘટી શકે છે, પોતાના નિજઘરમાં રમણતા કરવામાં જ ક્ષેમકુશળતા છે, સલામતી છે.

આત્મા પોતાના જ્ઞાનગુણ દ્વારા જગતના સર્વ જ્ઞેયોને જાણે છે; એમ ત્રીજી કડીમાં કહ્યું. તેની સામે પૂર્વપક્ષ પાછી શંકા કરતા કહે છે કે અન્ય ક્ષેત્રોમાં રહેલા જ્ઞેયોને જાણવાથી તો જ્ઞાન પણ અન્ય ક્ષેત્રીય થયું એટલે જ્ઞાન પોતાનું સ્વ ક્ષેત્ર છોડીને અન્ય પર દ્રવ્યોના ક્ષેત્રમાં ચાલ્યું ગયું. જ્યારે આપે તો અસ્તિપણું નિજ ક્ષેત્રે કહ્યું છે અર્થાત્ ચિદ્રૂપ એ ‘તો પોતાના ક્ષેત્રમાં, પોતાના સ્થાનમાં રહેલ છે, એમ આપે જણાવ્યું. છે. આત્માના જ્ઞાનગુણની નિર્મળતા એ જ આત્માનું સાચું સ્વરૂપ છે એમ તું માન અર્થાત્ જાણ, સમજ !

જ્ઞેય વિનાશે હો જ્ઞાન વિનશ્વરુ,
કાળ પ્રમાણે થાય, સુજ્ઞાની,
સ્વકાળે કરી સ્વસત્તા સદા,
તે પર રીતે ન જાય.. સુજ્ઞાની.. ૫

પર ભાવે કરી પરતા પામતાં,
સ્વસત્તા થિર ઠાણ, સુજ્ઞાની,
આત્મચતુષ્કમયિ પરમાં નહિ,
તો કિમ સહુનો રે જાણ.. સુજ્ઞાની.. ૬

અગુરુલઘુ નિજ ગુણને દેખતાં,
દ્રવ્ય સકલ દેખંત, સુજ્ઞાની,
સાધારણ ગુણની સાધર્મ્યતા,
દર્પણ જલ દૃષ્ટાન્ત.. સુજ્ઞાની.. ૭

જ્ઞેય એટલે જ્ઞાનમાં જણાવા યોગ્ય પદાર્થ, તેનો નાશ થતાં, તે પદાર્થને જાણવારૂપ જ્ઞાનનો નાશ થાય છે. આવું તો કાળ પ્રમાણે એટલે સમયે સમયે બન્યા કરે છે-થયા કરે છે પણ જ્ઞાતા અને જ્ઞાનનો પોતાની સત્તા વડે કયારે પણ નાશ થતો નથી. ''તે પર રીતે ન જાય'' એટલે જ્ઞેય પદાર્થના નાશની રીતે જ્ઞાન કે જ્ઞાતાનો ક્યારે પણ નાશ થતો નથી.

આત્મા જ્યારે પોતાનાથી ભિન્ન એવા પરમાણુ-આકાશાદિ પદાર્થોનું જ્ઞાન કરે છે ત્યારે, તે જ્ઞાન, તે પદાર્થમય થાય તે સ્વાભાવિક છે અને તેમ થવાથી તો પરપણું પામી જવાય એ પણ સ્વાભાવિક છે. ''સ્વ સત્તા થિર ઠાણ'' જ્યારે આ સત્તા તો પોતાનામાં સ્થિરપણે રહેવા સ્વરૂપ છે આત્માના પોતાના જ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ બીજા પદાર્થમાં સંભવી શકતા નથી, તો પછી આત્મા અન્ય સર્વ પદાર્થોનો જાણકાર બને તે કેમ સંભવી શકે ?

અગુરુલઘુ એવા નિજગુણને દેખતાં કેવલી અને સિદ્ધના જીવો સકળ પર દ્રવ્યને જોઈ રહ્યાં છે. અગુરુલઘુપણું એ સાધારણ એટલે સર્વવસ્તુમાં વ્યાપીને રહેલ વ્યાપક સામાન્ય ગુણ છે. તે ગુણની આત્મા સાથે સાધર્મ્યતા અર્થાત્ સમાન ધર્મતા રહેલી છે, માટે આત્મામાં સર્વ પરપદાર્થોનું પ્રતિબિંબ

**શ્રી પારસજિન પારસ રસ સમો,**
**પણ ઇહાં પારસ નાંહી, સુજ્ઞાની,**
**પૂરણ રસીયો હો નિજગુણ પરસનો,**
**“આનંદઘન” મુજ માંહી.. સુજ્ઞાની.. ૮**

પડે છે. તે માટે દૃષ્ટાંત આપતાં કહે છે કે દર્પણ એટલે કે અરીસો અને જલ એટલે કે પાણીમાં પ્રતિબિંબ ગ્રાહકતા રૂપ ગુણ હોવાથી, કોઈપણ ચીજનું પ્રતિબિંબ પડી શકે છે. તે દૃષ્ટાંતથી અગુરુલઘુગુણની અત્યંત સ્વચ્છતાના કારણે આત્મામાં પણ પરવસ્તુ પ્રતિભાસિત થાય છે.

શ્રી પાર્શ્વપ્રભુ પારસમણિ જેવા હોવા છતાં મોક્ષમાર્ગમાં તે પારસ નથી. પાર્શ્વપ્રભુ જગતને તારવામાં નિમિત્તકારણ બનતા હોવા છતાં તેમનામાં કારકતા નથી. પૂર્ણ રસથી ભરપૂર, પોતાના ગુણોમાં પ્રસન્ન અર્થાત્ નિમગ્ન એવા આનંદઘન તો મારામાં જ રહેલા છે. અર્થાત્ આનંદના ઘન સમાન ઐશ્વર્ય તો મારામાં જ રહેલું છે માટે મારે બહારમાં કયાંય જવાની જરૂર નથી.

# ૨૪ શ્રી મહાવીરસ્વામી જિન સ્તવન

(રાગ : ધન્યાસરી)

**વીર જિનેશ્વર ચરણે લાગું,**
**વીરપણું તે માંગુ રે,**
**મિથ્યા મોહ તિમિર ભય ભાગ્યું,**
**જિત નગારું વાગ્યું રે.. વીર.. ૧**

**છઉમત્થ વીર્ય લેશ્યા સંગે,**
**અભિસંધિજ મતિ અંગે રે,**
**સૂક્ષ્મ થૂલ ક્રિયાને રંગે,**
**યોગી થયો ઉમંગે રે.. વીર.. ૨**

અત્યંત આર્દ્ર બનીને કવિશ્રી કરૂણાસાગર મહાવીર પ્રભુના ચરણોમાં પડીને તેમની ચરણરજ માથે ચડાવી રહ્યા છે અને ભાવવિભોર બનીને વીર પ્રભુ પાસે વીરત્વની માંગણી કરી રહ્યા છે. તેઓશ્રીની આવી માંગણી તેમની આંતરદશાને સૂચવે છે કે તેમના આત્મામાંથી મિથ્યાત્વનો-અજ્ઞાનનો અનાદિકાલીન અંધકાર દૂર થયો છે, શુદ્ધ સમ્યકત્વ પ્રકાશ્યું છે, તેથી કર્મસત્તા ઉપર વિજય મેળવવા રૂપ નોબતનો નાદ ધ્વનિ વાગી રહ્યો છે. જ્યારે આત્મા કર્મસત્તા સામે વિજય મેળવે છે ત્યારે પ્રકૃતિ ખુશ થઈને તે આત્માના મસ્તકના અંદરના ભાગમાં નોબતના દિવ્ય નાદ વાગતા હોય તેવો અનુભવ સાધકને કરાવે છે,

લેશ્યાયુક્ત છદ્મસ્થ જીવનું વીર્ય અભિસંધિજ અને અનભિસંધિજ એમ બે પ્રકારે છે. સ્થૂલ અને સૂક્ષ્મ મન, વચન, કાયાના યોગોની ક્રિયાથી આત્મા પ્રત્યેક સમયે રંગાઈ રહ્યો છે અને તેથી અયોગી અને સિદ્ધ સ્વરૂપી એવો આત્મા આજે ઉત્સાહથી-ઉમંગથી યોગી બન્યો છે. અર્થાત્ તેને-પરાણે કોઈએ યોગી બનાવ્યો નથી પણ બે પ્રકારના વીર્યનું જોડાણ સતત મન-વચન-કાયા સાથે થવાથી તે સહજપણે યોગી બન્યો છે. અર્થાત્ સંસારી બન્યો છે.

અસંખ્ય પ્રદેશે વીર્ય અસંખે,
યોગ અસંખિત કંખે રે,
પુદ્ગલ ગણ તેણે લેસુ વિશેષે,
યથાશક્તિ મતિ લેખે રે.. વીર.. ૩

ઉત્કૃષ્ટે વીરજને વેસે,
યોગ ક્રિયા નવિ પેસે રે,
યોગતણી ધ્રુવતાને લેશે,
આતમ શક્તિ ન ખેસે રે.. વીર.. ૪

કામવીર્ય વશે જેમ ભોગી,
તેમ આતમ થયો ભોગી રે,
શૂર પણે આતમ ઉપયોગી,
થાય તિણે અયોગી રે.. વીર.. ૫

પ્રત્યેક આત્માના અસંખ્ય આત્મપ્રદેશ હોય છે અને એક એક પ્રદેશે "**અસંખે**" એટલે ગણત્રી ન કરી શકાય, કલ્પનામાં ન આવી શકે તેટલું વીર્ય છે, આથી જ કરીને **અસંખિત** કંખે રે - અગિણત પ્રકારે જીવ મન-વચન-કાયાના વ્યાપાર સ્વરૂપ યોગને અભિલષે છે અર્થાત્ અગણિત પ્રકારે યોગોમાં વીર્યને ફોરવે છે. તેથી કરીને તે તે સમયની, લેશ્યા પ્રમાણે બુદ્ધિના અનુસારે ઔદારિક, કાર્મણ વર્ગણાનું ગ્રહણ થતું રહે છે.

જ્યારે આત્માનો વીર્ય ગુણ ઉત્કૃષ્ટપણે ખીલી ઉઠે છે, ત્યારે મન, વચન, કાયાના યોગોની પ્રવૃતિ તેમાં પ્રવેશ પામી શકતી નથી, યોગ શક્તિ જ્યારે ધ્રુવતાને અર્થાત્ સ્થિરતાને પામે છે ત્યારે આત્મ વીર્ય તે સ્થિરતાને ખસેડતું નથી. ત્રીજી કડીમાં શુભમાં પ્રવેશ કરવાની વાત વણી લેવાઈ છે હવે ચોથી કડીમાં શુભમાંથી શુદ્ધની પરાકાષ્ઠાને પામવાની પ્રક્રિયાને કવિશ્રીએ ગૂંથી લીધી છે.

કામ વાસનાને વશ થએલો મનુષ્ય, જેમ પોતાના વીર્યને ભોગોમાં ફોરવવા દ્વારા ભોગી બને છે; તેમ શૂરવીર પુરુષ પોતાના આત્મામાં જ ઉપયોગ વીર્યને ફોરવીને તેના બળે અયોગી બને છે.

વીરપણું તે આતમ ઠાણે,
જાણ્યું તુમચી વાણે રે,
ધ્યાન વિનાણે શક્તિ પ્રમાણે,
નિજ ધ્રુવ પદ પહિચાણે રે.. વીર.. ૬

આલંબન સાધન જે ત્યાગે,
પર પરિણતિને ભાગે રે,
અક્ષય દર્શન જ્ઞાન વૈરાગે,
''આનંદઘન'' પ્રભુ જાગે રે.. વીર.. ૭

કવિશ્રી જાણે કે પ્રભુને ઉદ્દેશીને કહી રહ્યા છે કે હે નાથ! આપની વાણી દ્વારા- આપના શાસ્ત્રો દ્વારા તેમજ મારી શક્તિ મુજબ ધ્યાન-વિજ્ઞાને કરીને હું એવું સમજ્યો છું કે, વીરપણું એ ઉપર ઉપરમાં ગુણસ્થાનકની શ્રેણીએ ચઢવામાં છે. પોતાનું સ્થિરપદ-વીરપણું એ પોતાનામાં જ છે, તેને જીવ પિછાને અર્થાત્ ઓળખે-પહેચાને.

અખંડ જ્ઞાન, દર્શન અને વૈરાગ્યની સાધનાના બળે ભીતરમાં રહેલ આનંદઘન પ્રભુ જ્યારે જાગે છે ત્યારે અસમર્થ દશામાં લીધેલા મન-વચન-કાયા અને બીજા બહારના આલંબનો-ઉપકરણો છૂટતા જાય છે અને પુદ્ગલ પરિણતિ-પર પરિણતિ દૂર ભાગી જાય છે.

# સામાન્ય જિન સ્તવન

(રાગ : સારંગ, પ્રભુ દર્શનની લગન...)

**નિરંજન નાથ મોહે કૈસે મિલેંગે,**
**કૈસે મિલેંગે, કૈસે મિલેંગે ? નિરંજન૦ ૧**

**દૂર દેખું મૈં દરિયા ડુંગર,**
**ઉંચે બાદલ નીચે જમીયું તલે રે. નિરંજન ૦ ૨**

**ધરતીમેં ઢુંઢું તિહાં ન પીછાનું,**
**અગનિ સહું તે મેરી દેહ જલે રે. નિરંજન૦ ૩**

જેને કોઈ અંજન નથી, કર્મના કાળા કલંક નથી, એવો જે નિઃઅંજન-નિરંજન, નિષ્કલંક છે, એવો મારો નાથ-મારો પરમાત્મા મને કેવી રીતે મળશે ? ''કૈસે મિલેંગે ?''ની પુનરુક્તિ કરે છે. ધૂન લગાવે છે અને પ્યાસ વ્યક્ત કરે છે. ક્યાં મળશે ? ક્યારે મળશે ? કેવી રીતે મળશે ? કોના થકી મળશે ? મળશે કે નહિ ? પરમાત્માના વિરહનો વલોપાત વ્યક્ત કરે છે.

દૂર દૂર જ્યાં સુધી શકાય, નજર જ્યાં સુધી પહોંચે ત્યાં લાંબે લાંબે સુધી દેખવાનો - પરમાત્માને શોધવાનો થાય તેટલો પ્રયત્ન કરું છું ! દરિયા ઉપર નજર માંડું છું ! ડુંગરના શિખર ઉપર, કોતરોમાં, ગુફામાં, બખોલમાં બધે જ શોધ શોધ કરું છું !

ઊંચે ઊંચે આકાશમાં જોઉં છું ! આકાશમાંના વાદળોમાં શોધું છું ! જમીન ઉપર ભૂતલમાં અને જમીનની નીચે પાતાળમાં એમ ચોમેર દશે દિશામાં જલમાં, સ્થળમાં, સ્વર્ગમાં, પાતાળમાં પરમાત્માને શોધતો હું ફરું છું. હઠયોગીની જેમ ધરતીમાં સમાધિ લઉં છું તો ત્યાં પણ તે મળતો નથી. જલસમાધિથી કે હિમાલયની હાડ ઠારી નાંખતી શીતળ કંદરાઓમાં પણ તે જડતો નથી.

અનંદઘન કહે જસ સુનો બાતાં,
એહિ મિલે તો મેરો ફેરો ટલે રે. નિરંજન૦ ૪

પોતાના સમકાલીન જ્ઞાની સાધક આત્મા મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી આગળ પોતાની આંતરવ્યથા ઠાલવવા રૂપ પરમાત્મદર્શનની તરસની અભિવ્યક્તિ કરતું યોગીરાજશ્રી આનંદઘનજીનું પ્રભુગાન છે. ગાન કરી શકાય, ગાયકી થઈ શકે એવું ટૂંકામાં ટૂંકુ પણ ઊંડામાં ઊંડી વાત કરનારું ખૂબ જ સુંદર ગેય છે.

બહારમાં બધેય ફરી વળતાં ક્યાંય તેનો અતોપતો મળતો નથી, તો ભીતરની હૃદયધરા ઉપર તેને ઢુંઢું છું - ખોજું છું - ખોળું છું ! પોતાના ખોળિયામાં પોતામાં જ એને હું ખોળું છું પણ ત્યાં હું એને ઓળખી પિછાની-પહેચાની શકતો નથી. અગ્નિ સહું છું ! એ ખોવાયેલાને ખોળવા પંચાગ્નિ તપ તપું છું ! પણ એમાં તો દેહ જલે છે - બળે છે. પરંતુ જે નહિ બળનારો અને નહિ બાળનારો એવો ઠરનારો અને ઠારનારો-સ્થિર રહેનારો અને સ્થિર રાખનારો આત્મા-પરમાત્મા મને જડતો નથી. જાતમાં જ જડાયેલો એ જડતો નથી.

હે ! યશોવિજયજી - જશવિજય મારી આનંદઘન-લાભાનંદની વાત કાન દઈ સાંભળો ! સંસારમાં કાળક્રમે કરીને સર્વ અપ્રાપ્તની તો પ્રાપ્તિ થઈ જઈ શકે છે પરંતુ જે પ્રાપ્ત જ છે તે પ્રાપ્તની પ્રાપ્તિ અત્યંત કઠિન છે. એ વળી જાય - એનો ભેટો થઈ જાય તો પછી આ જનમ-મરણના ફેરા અને ફેરફારી ને ફેરાફરી બધું ટળી જાય એમ છે. ન માંગવાનું રહે કે ન ત્યાગવાનું રહે ! ન મેળવવાનું રહે કે ન મેલવા મૂકવાનું રહે ! પર્યાય સદ્દશતા અને પ્રદેશ સ્થિરત્વની પ્રાપ્તિ થઈ જતાં, પરમસ્થિરત્વને પ્રાપ્ત કરાય એમ છે. માટે જ એ નિત્યની ખોજ છે, જે એક માત્ર કરવા જેવી છે. મારે તમારે બધાંએ !

# સૂરિરામ પુણ્યસ્મૃતિ ગ્રન્થાવલિ અંતર્ગત પ્રકાશિત પુસ્તકોની યાદી

| | | |
|---|---|---|
| *૧. | હેમવિભ્રમ | સંસ્કૃત |
| *૨. | કવિકલ્પદ્રુમ | સંસ્કૃત |
| ૩. | ગુરુરામ સંસ્મરણ યાત્રા | ગુજરાતી |
| ૪. | ગુરુરામ સંસ્મરણ રાસ | ગુજરાતી |
| ૫. | આર્હત્ દર્શન દિપીકા | ગુજરાતી |
| ૬. | ભવ આલોચના | હિન્દી |
| ૭. | શ્રી સમ્યક્ત્વ સહિત બારવ્રત કી સંક્ષિપ્ત જાનકારી | હિન્દી |
| ૮. | હિમાલયની ગોદમાં, અષ્ટાપદની શોધમાં | ગુજરાતી |
| ૯. | હિમાલય કી ગોદ મેં, અષ્ટાપદ કી શોધ મેં | હિન્દી |
| ૧૦. | નવ્યન્યાયભાષા પ્રદિપ | સંસ્કૃત |
| ૧૧. | Catalogue of Palm-Leaf Manuscripts with Basic Manuscriptologu | અંગ્રેજી |
| ૧૨. | શ્રી અનુયોગદ્વાર સૂત્ર (સટીક અનુવાદ), ભાગ ૧-૨ | હિન્દી |
| ૧૩. | સિદ્ધહેમશબ્દાનુશાસન-બૃહન્ન્યાસ અધ્યાય-૩, પાદ-૪ (આગામી પ્રકાશન) | સંસ્કૃત |
| ૧૪. | આર્હત્દર્શન દિપીકા (આગામી પ્રકાશન) | હિન્દી |

* નિશાનીવાળા પુસ્તકો અપ્રાપ્ય છે.

## આચાર્ય શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્વજ્ઞાનશાળા તરફથી પ્રકાશિત પુસ્તકોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | સુવર્ણાક્ષરીય કલ્પસૂત્ર (પ્રત) | સંસ્કૃત |
| ૨. | ઉપદેશપ્રાસાદ (પ્રત) ભાગ ૧ થી ૪ | સંસ્કૃત |
| *૩. | ક્રિયારત્ન સમુચ્ચય | સંસ્કૃત |
| ૪. | ચતુર્વિંશતિ જિન ચરિતાનિ | સંસ્કૃત |
| ૫. | પ્રમાણનયતત્ત્વલોકાલંકાર (મૂલ + અવચૂરિ) | સંસ્કૃત |
| ૬. | અધ્યાત્મ કલ્પદ્રુમ (મૂલ) | સંસ્કૃત |
| ૭. | અધ્યાત્મ સાર (મૂલ) | સંસ્કૃત |
| ૮. | પારમર્ષ સ્વાધ્યાય (મૂલ) | સંસ્કૃત |
| *૯. | નિયમની નાવ, ઉતારે ભવપાર | ગુજરાતી |
| *૧૦. | પુનિત પ્રસાદી | ગુજરાતી |
| *૧૧. | "સુરાજ" નિત્ય સ્મરણિકા | ગુજરાતી |
| *૧૨. | જ્ઞાનપદ પૂજા | ગુજરાતી |
| *૧૩. | કલકત્તા પચ્ચક્ખાણ માર્ગદર્શિકા | ગુજરાતી |
| *૧૪. | દિલ્હી પચ્ચક્ખાણ માર્ગદર્શિકા | ગુજરાતી |
| *૧૫. | એક રાતની ચોકી (કથા) | ગુજરાતી |
| *૧૬. | મૈં સાધુ બન જાઉંગા (કથા) | હિન્દી |
| ૧૭. | શ્રી શ્રીપાલ રાજા કા રાસ | હિન્દી |
| ૧૮. | શ્રી શ્રુતજ્ઞાન અમીધારા | સંસ્કૃત |
| ૧૯. | શ્રી જૈન ધર્મ પ્રકરણ રત્નાકર | ગુજરાતી |
| ૨૦. | ધાતુ રૂપાવલી | સંસ્કૃત |
| *૨૧. | કથા મૌક્તિકમાલા | ગુજરાતી |
| *૨૨. | મધુર કથામાલા | ગુજરાતી |
| ૨૩. | ગુણવૈભવ પરમ વિભૂતિનો | ગુજરાતી |
| ૨૪. | સમ્યગ્દર્શન | ગુજરાતી |

* નિશાનીવાળા પુસ્તકો અપ્રાપ્ય છે.

## તત્ત્વાર્થ સૂત્ર

પરિશીલન

॥ तत्त्वार्थश्रद्धानं सम्यगदर्शनम् ॥

(ઘર બેઠાં
તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરાવનાર
૧ વર્ષનો પાઠ્યક્રમ)

જૈન ધર્મના તત્ત્વજ્ઞાનનું સંપૂર્ણ અને સચોટ જ્ઞાન પ્રદાન કરનાર આચાર્ય ઉમાસ્વાતિજી દ્વારા લિખિત ઐતિહાસિક અને તાત્ત્વિક ગ્રંથ.

## ૮ દ્રષ્ટિની સજ્ઝાય

(ઘરે બેઠાં તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરાવનાર ૬ માસિક પાઠ્યક્રમ)

યોગમાર્ગ દ્વારા આત્મવિકાસની આઠ ભૂમિકા (આઠ દૃષ્ટિ)નું અષ્ટાંગ યોગ માર્ગની તુલના સાથે માર્ગદર્શન આપતો ગ્રંથ.

❖ મૂળ ગ્રંથ રચના ❖
પૂજ્ય હરિભદ્રસૂરિજી મહારાજ

❖ ગુજરાતી સજ્ઝાય સ્વરૂપે અવતરણ ❖
ઉપા. શ્રી યશોવિજયજી મહારાજ

પ્રેરણા માર્ગદર્શન : પ.પૂ. સ્વાધ્યાયપ્રેમી આ.ભ. શ્રી વિજય જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ.સા. (ડહેલાવાળા)

આયોજક : આચાર્ય શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાનશાળા

પાઠ્યક્રમ નિર્દેશક : હિતેશ સવાણી

પાઠ્યક્રમ સંચાલક : અમિશ શાહ (તત્ત્વાર્થ સૂત્ર)
કેતન શાહ (૮ દૃષ્ટિની સજ્ઝાય)

૧. આ પાઠ્યક્રમો ગુજરાતી અને હિન્દી બંને ભાષામાં થાય છે.
૨. સંસ્થા તરફથી ગ્રંથ ઉપલબ્ધ કરાવવામાં આવશે.
૩. આ પાઠ્યક્રમો ઓનલાઈન છે. આપ ઘરે બેઠા આપના અનુકૂળ સમયે અભ્યાસ કરી શકો છો. વિદ્વાન પંડિતવર્યોશ્રીના પ્રવચનો પણ ઓનલાઈન ઉપલબ્ધ થશે અને પરીક્ષા પણ MCQ પદ્ધતિથી ઓનલાઈન આપવાની છે. વિદ્યાર્થી સામાયિકમાં અભ્યાસ કરી શકે તે હેતુથી કાર્યપત્રક પુસ્તક રૂપે આપવામાં આવશે.
૪. શંકાનું સમાધાન વોટ્સઅપના માધ્યમથી મેળવી શકાશે.
૫. એડમિશન અને વધુ માહિતી માટે સંપર્ક સૂત્ર - વોટ્સઅપ - ૯૫૧૨૨૩૪૩૧૧

**❖ સંસ્થા દ્વારા ટૂંક સમયમાં શરૂ થતા આગામી નવા પાઠ્યક્રમ ❖**

(૧) ૧૮ પાપસ્થાનકની સજ્ઝાય (૨) સમકિતના ૬૭ બોલની સજ્ઝાય

**website : www.jaintatvagyanshala.org**
**Email : info@jaintatvagyanshala.org**

# નોંધ

# નોંધ

# નોંધ

Scan QR and listen to any of **24 Bhagwan Stavan(Song)**

| | | | |
|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 |
| 5 | 6 | 7 | 8 |
| 9 | 10 | 11 | 12 |
| 13 | 14 | 15 | 16 |
| 17 | 18 | 19 | 20 |
| 21 | 22 | 23 | 24 |

